# બાજખેડાવાળ પત્રિકા

## बाजखेडावाल पत्रिका    Bajkhedawal Patrika




વર્ષ : ૦૨    ૨૦૨૫ : જાન્યુઆરી

અંક : ૦૧



**: તંત્રી :**

**શ્રી દિલીપભાઈ પંડ્યા**

૨૮, બાજખેડાવાળ સોસાયટી, મણીનગર (પૂર્વ)

અમદાવાદ–૩૮૦૦૦૮. (મો.) ૯૩૭૪૫૦૨૭૮૩



**: પ્રકાશક :**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**

શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન

૧–૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ–૮

મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭

કાર્યાલયનો સમય સવારે : ૧૦.૩૦ થી ૫.૩૦

## અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ

## ૩૬મું રાષ્ટ્રીય અધિવેશન - અંબાજી, તા. ૨૮, ડિસેમ્બર, ૨૦૨૫

## સ્થળ - ચેવલાબીડીવાલા હોલ, અંબાજી.

## ॥ અધિવેશન અહેવાલ ॥

*તા. ૨૮/૧૨/૨૦૨૫ને રવિવારે અંબાજી ખાતે જગતજનની મા અંબાના પાવન વાતાવરણ અને સાન્નિધ્યમાં ચેવલા બીડીવાલા હોલની ભૂમિ પર શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાનું ૩૬મું અધિવેશન સૌના અથાગ પ્રયત્નો અને મહેનના ફલ સ્વરૂપે આયોજિત થયું.*

*અધિવેશનમાં ભાગ લેવા માટે આબાલવૃદ્ધ બાજખેડાવાળ પરિવારજનો અલગ અલગ શહેરોમાંથી લક્ઝરી બસ કે પોતાની કારમાં શિયાળાની કડકડતી ઠંડી સભર ૠતુમાં પણ વહેલી સવારે પોતપોતાના સ્થાનોથી નિકળી સમયસર આવી ગયા.*

*સૌને લહેજતદાર ગરમ ગરમ ઉપમા અને કોપરાની ચટણીનો નાસ્તો અને તે સાથે ગરમ ચા કોફી પણ આપી આવકારવામાં આવ્યાં.*

*નિયત કરેલ સમયે સૌ અધિવેશન મંડપમાં બિરાજમાન થયા એટલે પ્રમુખ શ્રી કિરીટભાઈ દવે દ્વારા સૌ પ્રાસંગિક મહેમાનોને અધિવેશનના ડાયસ પર પોતપોતાના નિયત સ્થાને આમંત્રિત કરવામાં આવ્યા. સૌ આનંદ સહ બિરાજમાન થયા એટલે માં અંબાના પાવન આંગણે ઉદઘોષકશ્રી દધિચી ઠાકરે સુમધુર શબ્દોનાં કર્ણ મંજુલ પુષ્પો દ્વારા સૌનું હાર્દિક સ્વાગત કર્યું.*

*શ્રી સમીરભાઈની બંને દિકરીઓ માર્મિકા અને સ્વસ્તિકા એ સાથે મળીને સુમધુર કંઠે શ્રી ગણપતિ અથર્વશીર્ષના વૈદિક શ્લોકોનું સુંદર ગાન કરી સૌને શ્રી ગજાનન ગણેશજીના આશીર્વચન પાઠવ્યા.*

*સૌને અંતરે આનંદની અનુભૂતિ થઈ. દધિચીનાં આવાં ઘણાંય મન લૂભાવન શબ્દ પુષ્પોની અવારનવાર વૃષ્ટિ સમગ્ર અધિવેશન કાર્યવાહી દરમિયાન થતી રહેશે એ અભિલાષા એ સૌ ઝંકૃત થયા.*

*ઉદઘોષકશ્રીએ દેશ–વિદેશથી અત્રે માં અંબાના ધામમાં પધારેલ સૌ મહેમાનોને આવકાર્યા અને સૌ મહેમાનોને તથા ગામેગામના પ્રમુખ અને હિતવર્ધક સભાના કારોબારી સભ્યોને સુંદર બાજખેડાવાળ એમબલેમ આપી આવકારવામાં આવ્યાં.*

*હિતવર્ધક સભાના પ્રમુખ શ્રી કિરીટભાઈએ અત્રે અધિવેશનમાં પધારેલ સૌ જ્ઞાતિજનો, મહેમાનોને અને સૌ દાતાશ્રીઓનો એક અનોખા સત્કાર્યમાં સહર્ષ સહભાગી થવા બદલ અંતરથી આભાર વ્યક્ત કર્યો અને સૌને આવકારિત કર્યા.*

*ઉપપ્રમુખ શ્રી પ્રણવભાઈ જોષીએ હિતવર્ધક સભાનો અહેવાલ સૌ સમક્ષ રજૂ કર્યો અને સંસ્થાની ઉત્તરોત્તર વિકાસયાત્રા ની શાબ્દિક ઝાંખી કરાવી.*

*પ્રમુખશ્રીએ બાજખેડાવાળ જ્ઞાતિની માસિક વિધવા સહાયની રકમ વધારીને*

તા. ૧/૧/૨૦૨૬ થી ૩૦૦૦/- પ્રતિ માસ કરવાની જાહેરાત કરી જેને અધિવેશનમાં હાજર સૌ જ્ઞાતિજનોએ સહર્ષ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી. સૌના મુખારવિંદ પર એક અનોખા સત્કાર્યમાં સહભાગી થવા માટે આનંદની લાગણી દર્શિત થઈ અને એ ક્ષણને સૌએ પોતપોતાના માનસમાં હર્ષ સહ અંકિત કરી.

વિધવા સહાય મેળવવા માટે આવતી અરજીઓ નામંજૂર થવાના યથોચિત કારણો અંગે પણ પ્રમુખશ્રીએ વિસ્તૃત માહિતી સભર ખુલાસો કર્યો. આ વિધવા સહાય યોજનાના ભંડોળમાં નિરંતર વૃદ્ધિ થતી રહે એ માટેના આયોજન અંગેની માહિતી પણ એમણે આપી. ગામેગામના મંડળના કાર્યકરોને પણ પોતાના મંડળની એકત્રિત મૂડીને બેંકોમાં બહુ ઓછાં વ્યાજદરમાં જમા રાખવાને બદલે UTI માં મુકી એના વ્યાજની વૃદ્ધિનો લાભ મેળવવા સૂચન કરવામાં આવ્યું.

અધિવેશનના ઉદ્‌ઘાટકશ્રી સમીરભાઈ દવેએ એમના પ્રાસંગિક ઉદબોધનમાં સૌ જ્ઞાતિજનોને ખાસ નિર્દેશ કર્યો કે આપણે તો બાજખેડાવાળ પરિવારજનો છીએ. આપણે સૌએ બાજ પક્ષી સમાન દૂરદર્શી દૃષ્ટિ રાખીને નિરંતર જે તે સમય અને સંજોગો અને જે તે કામ કે યોજનાનું સચોટ મૂલ્યાંકન કરવું આજે બહુ જરૂરી છે. ખેડાવાળના ખમીરને જાળવી રાખવા એમણે સૌને ખાસ આગ્રહપૂર્વક સૂચવ્યું. આ ખમીરવંતી ભાવનાને જીવન પર્યંત વળગી રહીશું તો જ આપણે આજના સાંપ્રત સમયમાં વિધવિધ નિત નવીન પ્રશ્નો અને સમસ્યા ના ઉકેલ પ્રતિ પ્રયાણ કરી શકીશું. જીવનમાં હર ક્ષેત્રમાં જીત હાંસલ કરી શકીશું. શતચંડી હવનના સુંદર કાર્યક્રમ માટે સહયોગી સૌ જ્ઞાતિજનોનો એમણે અંતરથી આભાર વ્યક્ત કર્યો અને બ્રાહ્મણ માત્ર માટે નિત્ય પૂજા પાઠવું મહત્વ દર્શાવ્યું.

હિતવર્ધક સભાના હર એક કામો અને યોજનાઓમાં કોઈ પણ બિનજરૂરી ખર્ચ રોકીને કે ટાળીને બધાં કાર્યો પાર પાડવામાં આવે છે, એ બહુ જરૂરી બાબતની સત્યતા અને તાર્કિકતા એમણે સૌ સમક્ષ રજૂ કરી અને ભવિષ્યમાં પણ આ અને આથી વધુ સારી કાર્ય પ્રણાલી અપનાવી હિતવર્ધક સભા અને એને આનુષંગિક સંસ્થાઓને આર્થિક સદ્ધરતા અપાવવાની હાર્દિક ખાતરી આપી.

અવારનવાર કેટલાક વિઘ્ન સંતોષી માણસો દ્વારા સાવ ખોટા અને પાયાવિહીન સંદેશાઓ ફેલાવી ખોટા આક્ષેપો અને અંગુલિ નિર્દેશ થકી આપણા બાજખેડાવાળ સમાજ અને એની એકતા ને તોડવાના બદઈરાદાથી પ્રયત્નો કરવામાં આવે છે એ બહુ જ ખરાબ બાબત છે. આજે જ્યારે સામજિક સામંજસ્ય અને એકતને વધુ ને વધુ મજબૂત બનાવવાની તાતી જરૂરિયાત છે ત્યારે આવા હીન પ્રયાસ કરતાં તત્વો કે વ્યક્તિઓને મારૂં ખાસ આગ્રહપૂર્વકનું સૂચન છે કે વ્યક્તિગત મતભેદો અને વિચાર ભેદો ને ભૂલી વિસરીને સમાજની વિકાસયાત્રામાં સહભાગી થાવ તો સૌ સુમધુર સુમેળભર્યા વાતાવરણમાં નિરંતર વૃદ્ધિ પામી શકીશું, નહીં તો આપણા આંતરિક કલહ કંકાસનો લાભ બીજાઓ હાંસલ કરશે, એ નિશ્ચિત અને નિ:શંક છે. આપણે સૌ સંગઠિત રહીશું તો જ દેશ વિદેશ અને દુનિયામાં આગળ વધી શકીશું એ બાબત આજે સહુ કોઈ માટે બહુ જરૂરી છે. આથી વધુ ખુલાસા અને સાચી વાતને સમજી ગેરસમજ

દૂર કરવા રૂબરૂ મુલાકાત માટે જેને જરૂર હોય એને આવવા અનુરોધ કર્યો. દરેક પ્રકારની ગેરસમજ દૂર કરી સમાજના હિતવર્ધક કામોમાં ઉમંગભેર સહભાગી થવા સૂચન કર્યું.

આ ખુલાસાને સૌ જ્ઞાતિજનોએ સંમતિપૂર્વક વધાવી લીધા. ઉદઘોષકશ્રી દધિચી ઠાકરે પણ કહ્યું કે સુંદર મનમેળ કેળવી, મતભેદથી દૂર રહી, બહોળી સંખ્યામાં અધિવેશનમાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહેશે તો જ એકબીજાને મળી પારસ્પરિક પ્રેમભાવ વધશે અને સામાજિક એકતા વધશે, જે આજકાલ બહુ જરૂરી બાબત છે. સમીરભાઈના ખુલાસા અને સૂચનો બહુ માર્મિક અને દાર્શનિક હતા. જે શિયાળામાં વસાણાં સમ સમગ્ર સમાજ અને એની એકતા માટે બહુ પુષ્ટિદાયક બની રહેશે.

અધિવેશનના અધ્યક્ષ શ્રી ડૉ.ભરતભાઈ ભટ્ટ દ્વારા સૌ જ્ઞાતિજનોનું આવકારદાયક સ્વાગત કરવામાં આવ્યું. તેઓ ઝામ્બીયા રહે છે પણ પોતાની માતૃભાષા, માતૃભૂમિ અને માતાને કોઈ કદી ન વિસરી શકે એવું દ્રઢ પણે માને છે અને એ ભાવનાત્મક હેતુસર જ દરેક અધિવેશનમાં હાજર રહી સૌને મલવાનુ સૌભાગ્ય પ્રાપ્ત કરે છે. એમનો સમગ્ર રવિશંકર છોટાલાલ પરિવાર જીવન પર્યંત સૌ જ્ઞાતિજનો અને બાજ ખેડાવાળ સમાજની સાથે અને સંગાથે રહેવા કટિબદ્ધ છે અને રહેશે એની ખાતરી આપી.

ડૉ. ભરતભાઈએ જણાવ્યું કે અધિવેશનમાં યુવાનોની અનુપસ્થિતિ બહુ નોંધનીય બાબત છે. સૌ યુવાનો યુવતીઓને આવા સામાજિક પ્રસંગોમાં અચૂકપણે જોડાવું જોઈએ તો જ સમાજ પ્રત્યેની શ્રદ્ધા અને ફરજોને અદા કરવાની ભાવના કેળવાય.

ડૉ. ભરતભાઈનો આજે જ ૭૫ મો જન્મદિવસ હોવાથી સૌ મહેમાનો, પરિવારજનો અને જ્ઞાતિજનોએ સહર્ષ તાળીઓના ગડગડાટથી એમને વધામણી આપી. આ પ્રસંગે એમણે પોતાની હૃદયની તકલીફ અને એમને મળેલી તાકીદની સલાહ અને સારવાર માટે જે તે ડૉક્ટર અને હોસ્પિટલનો ખાસ આભાર માન્યો.

MRI Scan અને હાર્ટના નવીનતમ ચેક અપ અંગે વિસ્તૃત માહિતી સૌને આપી. આપણે ત્યાં ચારૂસેટ હોસ્પિટલમાં આવાં નવીનતમ સંસાધનો અને સારવાર બહુ જ નજીવા ખર્ચે પ્રાપ્ય છે, તો સૌ જ્ઞાતિજનોને એનો લાભ લેવા કહ્યું. આજે નાની ઉંમરના યુવાવર્ગમાં અવારનવાર આવતા હાર્ટએટેકના હુમલાથી બચવા આ બહુ આવશ્યક છે એમ એમણે જણાવ્યું. એમણે પણ અંગત સ્વાર્થ અને મતમતાંતર અને મોભાને છોડી સમાજના ઉત્કર્ષ માટેનાં કામમાં સૌને અવિરત કાર્યરત રહેલા સૂચવ્યું.

પ્રમુખશ્રીએ જે તે ગામોના મંડળોને આ નવીનતમ સંસાધનોની ચિકિત્સા બાબતને અગ્રતાક્રમ આપી કાર્યરત રહેલા જણાવ્યું. બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી આ કામ તાકીદે હાથ પર લેશે એની ખાતરી આપી.

અતિથિ વિશેષ શ્રી સુધીરભાઈ પંડ્યા જે એમના ઘણા બાજખેડાવાળ જ્ઞાતિજનો સાથે મધ્યપ્રદેશથી અધિવેશનમાં પધારેલ હતા એમણે જણાવ્યું કે સદીઓ પહેલાં મધ્યપ્રદેશમાં જાનવરોના ગળામાં અજાણપણે પથ્થરો બાંધવામાં આવતા હતા જે જાનવરોની ઓળખ માટે

વપરાતા હતા. એ પથ્થરોને જબલપુરના બાજખેડાવાળ પરિવારજનો એ ઓળખ્યા અને એની સાચી ઓળખ આપી, એનું મૂલ્ય જણાવ્યું કે આ તો હીરાના પથ્થરો છે. આ સાચી બાજ નજરની પરખ છે.

મધ્યપ્રદેશ સ્થિત વિવિધ બાજખેડાવાળ સમાજનાં મંડળના વિવિધ કાર્યક્રમોની એમણે સુંદર ઝાંખી કરાવી અને સૌને માહિતગાર કર્યા. સામાજિક પરંપરા ઓની મહત્વતાથી સૌને વાકેફ કર્યા. ભોપાલની ગુજરાતી કોલોની અને ભવનની પણ ઓળખ આપી. સમાજના વિવિધ મહાનુભાવોના કામો અને એમની સમાજ ઉપયોગી સેવા ભાવનાને બિરદાવી. ભૂતકાળમાં જબલપુરમાં આયોજિત અધિવેશનને ન ભૂતો ન ભવિષ્યતિ રૂપ ઠેરવી શ્રી આનંદશંકરની ઉમદા ભાવના અને સાહજિક સેવા ભાવનાને વંદન કર્યા.

ચિતરીથી પધારેલ શ્રી હર્ષદભાઈએ એમના પ્રતિભાવમાં જણાવ્યું કે ૩૦૦–૪૦૦ વર્ષ પહેલાં ખેડબ્રહ્માથી છૂટા પડીને માઈગ્રેટ થઈ દૂર મધ્યપ્રદેશ ગયેલા બાજખેડાવાળ પરિવારજનો હવે અમે સૌ એકત્રિત થઈ રહ્યા છીએ અને એના ફલસ્વરૂપે અમે સૌ આજે સંગઠિત છીએ. સમાજના લોકો અને એમાં પણ યુવાન વર્ગના શારિરીક માનસિક અને બૌદ્ધિક ક્ષમતાના વિકાસ માટે સક્રિય છીએ. આનાથી ઘણા બાજખેડાવાળ યુવાનો આજે વિવિધ સરકારી પદો પર કાર્યરત છે. નવમા ધોરણથી જ સારી ગુણવત્તા અને ક્ષમતા ધરાવતા બાળકોને ખાસ તાલીમ અપાય છે અને વિવિધ પ્રકારની પ્રવેશ પરીક્ષા માટે પ્રેરિત અને ખાસ પ્રોત્સાહિત કરાય છે. જેથી તેઓ વિવિધ સરકારી પદો પર સિલેક્ટ થાય છે. વિવિધ ધંધા વ્યવસાય માટે પણ જરૂરિયાત હોય એમને વિશેષ તાલિમ આપવામાં આવે છે.

એક યા બીજા સ્વરૂપે યુવાવર્ગને સમાજના કામોમાં જોડાવા પ્રેરિત કરવાની ખાસ જરૂર છે. તો જ આ સામાજિક ઝુંબેશ આગળ ચાલશે અને સમગ્ર સમાજ પણ આગળ વધી શકશે.

ભોપાલથી પધારેલ શ્રી અશોકભાઈ ત્રિવેદીએ એમના વક્તવ્યમાં કહ્યું, મને ગુજરાતીમાં બોલતાં નથી આવડતું એટલે હું હિન્દીમાં જ બોલીશ. આજે આપણા બાજખેડાવાળ સમાજની જનગણના બહુ જરૂરી છે. તો જ આપણે સૌ એકબીજાને જાણી પીછાણી શકીશું. સમાજની એકજૂટતા, સંગઠિતતા બંને માટે જનગણના મદદરૂપ થશે.

અશોકભાઈના સૂચનને સહર્ષ પ્રમુખશ્રીએ વધાવી લીધું અને સમગ્ર ગુજરાતના બાજખેડાવાળ પરિવારજનોની ડીજીટલ જનગણના કરવાની તૈયારી દર્શાવી.

ભરૂચથી પધારેલ શ્રી અતુલભાઈ ડોળિયાએ આજના અધિવેશન સ્થળે શૂન્યમાંથી નવસર્જીત સૃષ્ટિના અપ્રતિમ આયોજન માટે સૌ આયોજકો અને એમને સહાયભૂત થનાર સૌને અભિનંદન પાઠવ્યા.

મુંબઈથી પધારેલ છાયાબેન દવે, ઘણાં વર્ષોથી દર અધિવેશનમાં એમને સક્રિય હાજરી આપે છે. એમણે ખાસ જણાવ્યું કે દૂર ઊભા રહી ખેલ જોવા અને ટીકા ટીપ્પણી કરવાની હીન વૃતિ છોડી સૌએ સાથે મળીને કાર્યવાહી કરી સમાજ અને જ્ઞાતિના વિકાસને ઉત્કર્ષ માટે કાર્યશીલ થવાની આજે બહુ જરૂર છે. એક પ્રસંગ ઘર આંગણે કરવો અને ઘરથી દૂર કરવો,

એ બંને બહુ અલગ બાબત છે. બેઉના આયોજનમાં જરૂરી બાબતમાં આસમાન જમીનનો ફરક છે, એ સૌએ સમજવું બહુ જરૂરી છે. વિવિધ મહાનુભાવોના અનુદાનની રકમનો હંમેશા સદુપયોગ જ થાય છે, એ એમણે ખાસ સૂચિત કર્યું સાથે વિનંતી કરી કે કોઈ પણ પ્રકારની શંકાઓ કે કુશંકાઓથી મુક્ત રહી, સૌ જ્ઞાતિજનોને સાથે સંગાથે જોડાઈ, સમાજનાં વિકાસ માટે સક્રિય બનવા વિનંતી કરી. માં અંબાના પાવન આંગણે આપણે સૌએ સંગઠિત થવા હર પલ પ્રયત્નો કરવા સંકલ્પ લઈ યુવાનો ને આગળ આવવા અનુરોધ કર્યો.

પ્રમુખ શ્રી કિરીટભાઈએ પણ છાયાબેન અને સૌ મહેમાનોના, ટીકા ટીપ્પણી કરવાની છોડી સમાજના ઉત્કર્ષ માટે જોડાવવા માટેના અનુરોધને સમર્થન આપ્યું અને સાથ સંગાથ સહકારને અનુસરવા જણાવ્યું. આગામી ૩૭મું અધિવેશન બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદના ઉપક્રમે અમદાવાદ અથવા ડાકોરમાં યોજાનાર છે, એ સહર્ષ જાહેર કર્યું, જેને સૌએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધું.

અંજનાબેન ભટ્ટે જણાવ્યું કે બાજખેડાવાળ, એ તો ખમીરવંતી પ્રજા જરૂર પડે સામી છાતીએ લડવાની ક્ષમતા ધરાવે એ કાનાફૂસીથી દૂર રહી કામ કરે. આપણું કાર્ય કૌશલ્ય જ આપણને સમાજના હર ક્ષેત્રમાં જીત હાંસલ કરી આગળ વધવા માટે પ્રેરકબળ પૂરું પાડે છે. એ નિ:શંક છે. ભાઈ દધીચિના ઉદઘોષક કાર્યને એમણે ખાસ વખાણ્યું. જનગણનાના મહત્વને પણ અનુમોદન આપ્યું. એક અલગ ફૂલ કરતાં ઘણાં બધાં ફૂલથી બનતો ગૂલદસ્તો વધુ શોભાયમાન બને છે અને દીર્ઘાયુ બને છે.

બાજખેડાવાળ ભરૂચ દ્વારા કરોઓકે ટેલેન્ટને બહાર લાવવા એક આયોજન કરવાની જાહેરાત થઈ અને સૌને એમાં સક્રિય પણે જોડાવા માટે આમંત્રણ આપ્યું.

સમીરભાઈએ કહ્યું કે અધિવેશન એટલે સમાજના વિવિધ ગામોમાં વસતા જ્ઞાતિજનોનો મેળાવડો, જેમાં આપણા સમાજના વિવિધ સ્તરીય પરિવારજનોનો એકબીજાને સુપેરે પરિચય થાય. મધ્ય પ્રદેશ બાજખેડાવાળ સમાજ દ્વારા પ્રકાશિત બાજખેડાવાળ દર્શન પત્રિકાની પણ એમણે પ્રશંસા અને સરાહના કરી.

વિવિધ અધિવેશનમાં વિપુલ પ્રમાણમાં દાનનો પ્રવાહ વહેવડાવનાર અને એકત્રિત કરી આપનાર એવા વિરલ જ્ઞાતિજન શ્રી શૈલેષભાઈ જોષીએ એમના વક્તવ્યમાં જણાવ્યું કે જ્યારે અંબાજીમાં અધિવેશન રાખવાનું નક્કી કર્યું ત્યારે મેં જણાવ્યું હતું કે આ બહુ કઠીન કામ છે. પણ આયોજન કરવામાં પ્રવિણ એવા કિરીટભાઈ, સમીરભાઈ અને પ્રણવભાઈ તથા અન્ય સહાયકોનો અડગ નિર્ધાર હતો કે માં અંબાના પાવન આંગણે સૌ જ્ઞાતિજનોને એકત્રિત કરી માંના દર્શન સાથે અધિવેશન નો લાભ આપવો જ છે, એ નિર્ધાર એમણે સૌએ બહુ અથાગ મહેનત કરીને પાર પાડ્યો છે, જેના ફલ સ્વરૂપે આપણે સૌ આજે અહીં ભેગા થયા છીએ, એ ખરેખર અભિનંદન અને સરાહનાને પાત્ર છે.

આજના ભીષણ મોંઘવારીના જમાનામાં વિધવા સહાયની રકમ બહુ જ જૂજ એટલે કે ઓછી ગણાય, પણ એ રકમ એક અદ્રશ્ય એવા મજબૂત ટેકારૂપ નીવડે છે, જે સૌ સહાય

મેળવનાર માટે જરૂરી પૂરવાર થાય છે.

આપણા સમાજ ના અધિવેશનમાં હું જ્યાં સુધી મારા કુટુંબના એક યુવાનને આ ઉમદા સામાજિક પ્રવૃત્તિઓમાં નહીં જોતરૂ, ત્યાં સુધી હું પોતે અચૂકપણે દર વર્ષે એમાં સહભાગી બનવાની ખાતરી આપું છું. સૌ જ્ઞાતિજનોને પણ અતિ બહોળી સંખ્યામાં અધિવેશનમાં હાજર રહેવા આગ્રહપૂર્વક નિમંત્રણ આપું છું. શ્રી શૈલેશભાઈના આ કથનને સૌએ ઉમળકાથી વધાવી લીધું.

દિજ્ઞાબેન જોષીએ એમના બહુ ટૂંકા પણ સચોટ માર્ગદર્શક વક્તવ્યમાં જણાવ્યું કે ૬૦ વર્ષથી ઉપરનાં વિધવા બહેનો માટે કાર્યશીલ આપણા સમાજને મારૂં ખાસ સૂચન છે કે ૬૦ વર્ષથી નીચેની વયના બહેનો જે સક્રિય છે, એમના કાર્યો અને સિદ્ધિઓની પણ ગણના અને ઓળખ કરી, એ સમાજ સમક્ષ મૂકવામાં આવે તો એમને પણ વિપુલ પ્રમાણમાં પ્રસિદ્ધિ મળે અને એમનો ઉત્સાહ વધે, આત્મવિશ્વાસમાં વૃદ્ધિ થાય. આ સહાયભૂતતા બહુ વિશિષ્ટ અને અનોખી સાબિત થશે. આવતા વર્ષે જ્યારે મહિલા મંડળ દ્વારા અધિવેશનનું આયોજન જાહેર થયું છે ત્યારે આ બાબત ધ્યાનમાં રાખીને કાર્યરત સ્રીઓ અને એમના મૂંઝવતા પ્રશ્નો અંગે વધુ મહત્વ અપાય તો એ એક અનન્ય પગલું ગણાશે, એવું મારું માનવું છે. અમદાવાદ મહિલા મંડળનાં ભોપીબેન અને બીજાં મહિલા કાર્યકરો ને હું આ બાબતે સહાયભૂત થવા માટે ખાત્રી આપું છું. સૌએ આ સૂચન અને સધિયારાની ભાવના ને ખાત્રીને તાળીઓના ગડગડાટથી વધાવી લીધી.

પ્રમુખશ્રી કિરીટભાઈએ બાજખેડાવાળ મહિલા મંડળને સંપૂર્ણ પણે સજીવન અને ધમધમતું કાર્યરત કરવા માટે સંપૂર્ણ સહાયતા કરવા હૈયાધારણ આપી અને કેટલાક વિઘ્ન સંતોષી માણસો દ્વારા હવનમાં હાડકાં નાખવાની વૃત્તિઓ સદંતર છોડી સમાજના ઉત્કર્ષ માટે કાર્યશીલ થઈ સૌને સક્રિય પણે કાર્યશીલ બનવા સૂચવ્યું.

વૈશાલીબેન સમીરભાઈ દવેએ જણાવ્યું કે હું ડાકોરની દીકરી અને સમીરભાઈ દવેની પત્ની એટલે ઉમરેઠની પુત્રવધૂ છું, એ નહીં પણ આજના અધિવેશનના અતિથિ વિશેષ તરીકે મને આપ સૌ સમક્ષ મારી વાત રજૂ કરવાની તક આપી એ માટે હું આપ સૌ આયોજકોની અંતરથી આભારી છું. મારે બીજું કશું કહેવું નથી, પણ હું સદાય મારા પતિશ્રીની જેમ જ આપ સૌ જ્ઞાતિજનોની સાથે અને સંગાથે રહેવા કટિબદ્ધ છું.

ઉદઘોષકશ્રી દધિચી ઠાકરે એક સરસ વાત કહી સૌને આનંદ તરબોળ કરી દીધા. મધ્યપ્રદેશ બાજખેડાવાળ સમાજ સૌ બાજ ખેડાવાળ પરિવારજનોને મધ્યપ્રદેશના અતિ ભવ્ય, વિશાળ તથા પરમ પવિત્ર યાત્રાધામ અને પ્રેક્ષણીય સ્થળોની મુલાકાત લેવા આમંત્રણ આપે છે અને એમની સાથે અને સંગાથે ઘણી યાદગાર ક્ષણો ગાળવા નિમંત્રણ આપે છે. સૌએ આ દિવ્ય નિમંત્રણને સહર્ષ તાળીઓના ગડગડાટથી વધાવી લીધું.

શ્રી અમૂલભાઈ બળવંતરાય ભટ્ટ અતિ વ્યસ્તતાને કારણે થોડા મોડા પડ્યા એનું દુ:ખ એમણે એમના વક્તવ્યમાં વ્યક્ત કર્યું. બહુ જ વ્યસ્ત રાજકારણમાં સક્રિય હોવા છતાં ય

અધિવેશનમાં હાજર રહી સૌ જ્ઞાતિજનો સાથે સંગાથે જોડાઈ રસપૂર્વક કાર્યક્રમમાં ભાગીદાર બનવા માટે બાજખેડાવાળ સમાજ એમનો રૂણી અને આભારી છે.

અધિવેશનમાં અતિ કઠીન પરિસ્થિતિઓમાંથી પણ માર્ગ કાઢી ઉમદા આયોજન કર્યું એ માટે સૌને એમણે હાર્દિક અભિનંદન પાઠવ્યા. આવાં અધિવેશનમાં હાજર રહેવું એ સમાજના સુગઠિત વિકાસના પથમાં સહભાગી થવાનો જ એક અંશ છે અને એ થકી તમે પણ સમાજને કાંઈક અંશે પણ વિકાસયાત્રામાં સહાયભૂત થાવ છો, એવું મારું દ્રઢ પણે માનવું છે. આપણી ભારતીય સંસ્કૃતિ અને એમાં પણ સનાતન સંસકૃતિ અને એમાં પણ આપણો બ્રાહ્મણ સમાજ, ઉચ્ચ સામાજિકતા અને સુગઠિતતાનું આગવું મહત્વ સુપેરે દર્શાવે છે અને સૌ કોઈને સૂચવે છે.

આવાં અધિવેશનમાં હાજર રહો તો જ તમને સમાજના હર એક ક્ષેત્રમાં જીવતાને કામ કરતા વિવિધ લોકોને સહાયભૂત થવા પ્રેરણા મળે. તમારા રોજિંદા જીવનમાં પણ તમે કદાચ કોઈને સાથ સંગાથ કે સહાય ના આપી શકો તો વાંધો નહીં, પણ કરી કોઈ વ્યક્તિ કે સંસ્થાના કામને વખોડવાનો પ્રયાસ કદી ના કરશો. આ હર એક સમાજ કે સંસ્થા માટે બહુ જ જરૂરી બાબત છે.

સરકારના ડ્રોન દીદી જેવા વિશિષ્ટ કાર્યક્મનો એમણે સૌને ચિતાર આપ્યો, જે થકી કેટલું ઉમદા કાર્ય થઈ રહ્યું છે એ બતાવ્યું. આપણા દેશમાં આજે સનાતન ધર્મ આકરી કસોટીની એરણ પર છે. આવી વિકટ પરિસ્થિતિમાં આપણે સૌએ એને ટકાવી રાખવા અને એના વિસ્તાર માટે પ્રયત્નશીલ રહેવાનું છે. જો એ બાબત જાગૃતિ નહીં કેળવીએ અને એને ટકાવવા સક્ષમતા નહીં મેળવીએ તો આપણા સૌની આવતીકાલ બહુ જ અંધકારમય અને વિનાશક નિવડશે માટે ઉઠો જાગો અને ધ્યેય પ્રાપ્તિ માટે કાર્યશીલ થઈ મંડી પડો, તો  સફળતા અને ઉજ્વળ ભાવિ હાથવેંતમાં છે.

ભારતનાં વિવિધ રાજ્યોનાં યાત્રાધામોના અપ્રતિમ વિકાસ માટે અને સરળ સહજ દર્શન અને વ્યવસ્થા જળવાય તે માટે સરકાર કટિબદ્ધ અને કાર્યશીલ છે. જેના સૂમધુર ફળો આપણને સૌને જ મળવાનાં છે. આપણા જ સમાજનો યુવાન શિવમ અર્જુનભાઈ શેલત, આર્મી ઓફિસર તરીકે કાર્યરત છે અને નિરવ ભટ્ટ નેવીમાં છે એ બેઉ આપણા સમાજનું ગૌરવ છે અને બેઉની સિદ્ધિ સૌ માટે ધ્યાનાકર્ષક છે. બાજખેડાવાળ સમાજનાં આબાલવૃદ્ધ પરિવારજનો વતી હું એમને હાર્દિક અભિનંદન પાઠવું છું.

અગિયાર લક્ઝરી બસ દ્વારા ૬૬૦ બાજ ખેડાવાળ જ્ઞાતિજનો માં અંબાના ધામ ખાતે અધિવેશનમાં એકત્રિત થયા, જે સૌ આયોજકો અને કાર્યકરો માટે અતિ ગૌરવની બાબત છે. આ સહુ સહાયક કાર્યકરોનું અધ્યક્ષશ્રી દ્વારા જ્ઞાતિજનોવતી સન્માન કરવામાં આવ્યું. ગામે ગામના મંડળના અધિવેશનમાં હાજર પ્રમુખશ્રીનું પણ સન્માન કરવામાં આવ્યું.

આવતા વર્ષના અધિવેશન ના આયોજક અમદાવાદ મહિલા મંડળ ના ભોપીબેન ભટ્ટે અતિ હર્ષ સાથે જણાવ્યું કે અખિલ ભારતીય હિતવર્ધક સભાના પ્રમુખ શ્રી કિરીટભાઇ દવેના બહુ દીર્ઘ દર્શનીય સૂચન થી બાજખેડાવાળ મહિલા મંડળ વધુ સક્રિય પણે કાર્યરત થવા જઈ

રહ્યું છે એ મંગલ ટાણે, માં અંબાના પરમ પવિત્ર ધામમાં મને એવી દ્રઢ વિશ્વાસ સાથે આશા અને અપેક્ષા છે કે આ મહિલા મંડળ સમગ્ર ગુજરાત ક્ષેત્રમાં સક્રિય પણે કાર્યશીલ બને અને ગામેગામના મહિલા મંડળ નાં બહેનો એમાં સહર્ષ જોડાય, તો ઘણા બધાં મોટા અને મહત્વપૂર્ણ કામો આપણે સૌ એકબીજાના સાથ સંગાથ અને સહકારથી હાથ પર લઈ શકીએ અને એ સઘળાં સફળતાપૂર્વક પાર પણ પાડી શકીએ.

પ્રમુખશ્રી એ પણ આ સુંદર મહેચ્છા માટે શુભેચ્છા પાઠવી અને હર કોઈ મુશ્કેલ ઘડીમાં મદદ માટે પણ ખાતરી આપી. જે સૌ જ્ઞાતિજનો એ સહર્ષ વધાવી લીધી.

આભાર વિધિ કરતાં ઉપપ્રમુખ શ્રી તરલભાઈ ભટ્ટે જણાવ્યું કે મોર સદાય એનાં પીંછાથી જ રળિયામણો લાગે છે એ ઉક્તિ અનુસાર સહુથી પહેલો અને ખાસ આભાર અત્રે અધિવેશનમાં હાજર રહેવા માં અંબાના ધામ ખાતે પધારેલ સૌ બાજ ખેડાવાળ જ્ઞાતિજનો નો માનવો પડે. તદ્ઉપરાંત આ સમગ્ર આયોજનમાં અમને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદ કરનાર અને સહાયભૂત થનાર સૌ દાતાશ્રીઓ અને વ્યક્તિ નો આભાર. સુંદર ઉદઘોષણા માટે ઉદઘોષકશ્રી દધિચી ઠાકર નો પણ આભાર, જેમની રસપ્રચૂર વાણીથી અમારો સૌનો અધિવેશનમાં રસ જળવાઈ રહ્યો.

ઉદઘોષકશ્રી દધિચી ઠાકર નું પણ એમના કાકા અને અધિવેશન અધ્યક્ષ શ્રી ભરતભાઈ ભટ્ટ દ્વારા સન્માન કરવામાં આવ્યું. અંતે અધ્યક્ષશ્રીએ ૩૬મું અધિવેશન પૂર્ણ થયું એમ સત્તાવાર રીતે જાહેર કર્યું.

સૌ જ્ઞાતિજનો રસ, પૂરી, ઢોકળા, પાતરા, બે શાક, ફરસાણ અને કઢી ભાત દાળનો આસ્વાદ માણવા ગયા અને આજના અધિવેશન તથા આવતા અધિવેશનની વાતો વાગોળતા પેટ ભરીને જમ્યા.

ત્યાર બાદ અધિવેશન સ્થળેથી ઢોલ નગારાના નાદ અને જય અંબેના અવિરત લલકાર સાથે સૌ ધજાજી લઈમાં અંબાના મંદિરના શિખરે ચઢાવવા મંદિર પહોંચ્યા. માના પ્રાંગણમાં સૌ ગરબે ઘૂમ્યા અને માં ના જયજયકાર સાથે ધજા ચડાવી. સૌએમાંનાં દર્શન કરી, ધન્યતા અનુભવી.

પછી ગબ્બર પર્વત પર બિરાજમાનમાં ના અને એકાવન શક્તિપીઠના દર્શન કરવા સૌ ગયા. છેલ્લે ગબ્બર પર્વત પરનો સુંદર લાઈટ એન્ડ સાઉન્ડ સાથેનો લેસર શો પણ નિહાળ્યો.

અંતે અધિવેશન સ્થળે પાછા આવીને સ્વાદિષ્ટ ખીચડી, કઢી, શાક ને પાપડ આરોગીને પોતપોતાની નિયત લક્ઝરી બસ દ્વારા નિજ ગૃહ ભણી સૌએ પ્રયાણ કર્યું.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, અમદાવાદ

શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન, ૧-૨, રામેશ્વર ફ્લેટ,
બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ-૮ મો. : ૭૫૭૩૯૭૮૪૭૭

સુજ્ઞ જ્ઞાતિજનો,

આભાર....... આભાર...... આભાર.....

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ૩૬માં અધિવેશન પ્રસંગે આપ સૌના સાથ સહકારથી ત્રિવેણી સંગમ યોજાઈ ગયો. ગામે-ગામથી અધિવેશનમાં પહોંચનાર પ્રત્યેક જ્ઞાતિજનો આપણી કુળદેવી માં ક્ષીરજામ્બાના આશીર્વાદ લઈ અંબાજી પધાર્યા. અધિવેશન સુંદર રીતે માણ્યું. બપોર પછી માતાજીની સાડી તથા ધજા ચડાવવાનો સામુહિક કાર્યક્રમ માણ્યો. ત્યારબાદ ગબ્બર દર્શન કરી ધીરજ રાખનાર જ્ઞાતિજનોએ લાઈટ એન્ડ સાઉન્ડ શોનું પણ રસપાન કર્યું અને શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના આ પ્રોગ્રામને સફળતાપૂર્વક પાર પાડવા માટે યોગદાન આપ્યું. વહેલી સવારના નિકળી મોડી રાત્રે પહોંચવાની તૈયારી સાથે પ્રસંગનો આનંદ માણ્યો. શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ઇતિહાસમાં આ પ્રથમ વખત અંબાજી મુકામે રાષ્ટ્રીય અધિવેશન થયું. અંદાજિત ૧૦૫૦ જ્ઞાતિજનોએ આ અધિવેશનનો લાભ લીધો જે "ન ભૂતો ન ભવિષ્યતિ" કહી શકાય.

આપના આગમનથી આપના વિદાય સુધીની પ્રત્યેક ક્ષણનું આયોજન કરવામાં શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓએ માઈક્રોપ્લાનીંગ કરેલ હોવાથી અમારી દૃષ્ટિએ કોઈ તકલીફ પડી નહીં હોય તેવું અમો માનીએ છીએ. ચા-નાસ્તો, ભોજન તથા સ્થળની દૃષ્ટિએ બધાને અનુકૂળ રહે તેવા પ્રયત્નો સંસ્થા દ્વારા કરવામાં આવેલ.

ફરીથી એક વખત હાજર રહેનાર પ્રત્યેક જ્ઞાતિજનોનો તથા આ અધિવેશનને સફળ બનાવવા માટ પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે મદદ કરનાર સૌનો આભાર માનીએ છીએ અને અહેસાનની લાગણી અનુભવીએ છીએ.

આગામી ૩૭મું રાષ્ટ્રીય અધિવેશન શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદના સૌજન્યથી અમદાવાદ અથવા ડાકોર મુકામે યોજવાનું આમંત્રણ શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ તરફથી મળેલ છે. જેનો શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાએ સહર્ષ સ્વીકાર કરેલ છે. જે તા. ૨૭-૧૨-૨૦૨૬ના રોજ યોજાશે વધુ માહિતી સમયાંતરે આપવામાં આવશે. આવોને આવો સહકાર મળશે તેવી અપેક્ષા રાખીએ તો અસ્થાને નહીં ગણાય.

આ તબક્કે અમદાવાદ શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ તરફથી ૩ બસ, શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજ તરફથી ૨ બસ, શ્રી બાજખેડાવાળ સમાજ નડીયાદ તરફથી ૩ બસ, શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી – આણંદ તરફથી ૨ બસ તથી બાજખેડાવાળ સમાજ વસો તરફથી ૧ બસ, બાજખેડાવાળ સમાજ – ચીત્રી તરફથી ૧–મીની બસ ૩૦ સભ્યોની, જબલપુર તથા ભોપાલ તેમજ મુંબઈથી ડેલીગેટ્સો એ આવી સફળ આયોજન કરવામાં આવ્યું જે તે સમાજના હોદ્દેદારો દ્વારા આ પ્રવાસમાં બસનો તમામ ખર્ચો ભોગવવાની જવાબદારી સ્વીકારી વધુમાં વધુ જ્ઞાતિજનો અધિવેશનમાં જોડાય તેવું સફળ આયોજન કરવામાં આવેલ આ ભગીરથ કાર્યમાં આર્થિક, માનસિક, શારીરિક યોગદાન આપનાર સૌ જ્ઞાતિજનોનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

ટૂંકમાં આ અધિવેશન અખિલ ભારતીય ગણીયે તો અસ્થાને નહીં ગણાય. દરેક ગામે પ્રત્યે દર વર્ષે આવો જ લાભ મળશે તેવી અપેક્ષા સહ.....

| | | | |
|---|---|---|---|
| **કિરીટકુમાર દવે** | **પ્રણવભાઈ જોષી** | **ભરતભાઈ ભટ્ટ** | **સમીરભાઈ દવે** |
| **પ્રમુખશ્રી** | **કો–ઓર્ડીનેટર** | **અધ્યક્ષશ્રી** | **મંત્રીશ્રી** |

**તથા ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ અને કારોબારી સભ્યશ્રીઓ**

**શ્રી સુરત બાજખેડાવાળ સમાજ**

જબરેશ્વર મહાદેવ, ૭/૨૪૫૬, ચોકી સ્ટ્રીટ, સૈયદપુરા, સુરત-૩૯૫૦૦૩

(મો.) ૯૦૮૧૬૫૫૭૩૩

## બોક્ષ ક્રિકેટ ટુર્નામેન્ટ - ૨૦૨૫

શ્રી સુરત બાજખેડાવાળ સમાજ દ્વારા તારીખ ૨૬-૨૮ ડિસેમ્બર ૨૦૨૫ દરમ્યાન સમાજના સભ્યો માટે બોક્ષ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલું હતું. જેમાં બહોળી સંખ્યામાં સમાજના ૧૨ વર્ષથી ૬૦ વર્ષની ઉંમરના સભ્યોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ ટુર્નામેન્ટનો મુખ્ય હેતુ સમાજના યુવાવર્ગને એક મંચ ઉપર લાવવા તથા સમાજના કાર્યક્રમોમાં ભાગ લેવા પ્રેરિત કરવા માટે હતો.

પ્રથમ, બીજા તથા સેમી ફાઇનલ રાઉન્ડની રસાકસીભરી મેચો બાદ બાજખેડાવાળ રેઈડર્સ તથા બાજખેડાવાળ ચેલેન્જર્સ વચ્ચે ઉત્તેજનાપૂર્ણ ફાઈનલ મેચ રમાઈ હતી. જેમાં બાજખેડાવાળ રેઈડર્સ ટુર્નામેન્ટની વિજેતા ટીમ જાહેર થઈ હતી.

ટુર્નામેન્ટના અંતે ઈનામ વિતરણ રાખવામાં આવેલું હતું. જેમાં દરેક મેચના મેન ઓફ ધ મેચ બનેલા ખેલાડીઓને એવાર્ડ આપવામાં આવેલા હતા. તે ઉપરાંત ટુર્નામેન્ટના બેટ્સમેન ઓફ ધ ટુર્નામેન્ટ, બોલર ઓપ ધ ટુર્નામેન્ટ અને મેન ઓફ ધ સીરીઝના એવાર્ડ અપાયા હતા.

ટુર્નામેન્ટની રનર્સ અપ ટીમને સમાજના ઉપપ્રમુખ શ્રી ચેતનભાઈ શેલતના હસ્તે ટ્રોફી આપવામાં આવી હતી તેમજ ટુર્નામેન્ટની વિજેતા ટીમને સમાજના ટ્રસ્ટી શ્રી કુમારભાઈ દવેના વરદ હસ્તે ટ્રોફી આપવામાં આવી હતી. સમગ્ર ટુર્નામેન્ટનું આયોજન જૈમિન ત્રિવેદી, સિદ્ધાર્થ દવે, કુમાર વિ. દવે, પિનાકીન જોષી તથા હર્ષ દણાક તથા ભવ્ય દવે દ્વારા કરવામાં આવેલું હતું. ટુર્નામેન્ટને સફળ બનાવવામાં દાતાશ્રીઓ દ્વારા કુલ રૂા. ૪૪૫૦૦/-ની સ્પોન્સરશીપ મળેલી હતી.

સમગ્ર ટુર્નામેન્ટ દરમ્યાન ખેલાડીઓ તથા મહેમાનો અને પ્રેક્ષકો માટે રોજ સુરતી ગરમ નાસ્તાનું આયોજન કરવામાં આવેલુ હતુ અને ફાઈનલના દિવસે તમામ માટે જમવાની વ્યવસ્થા કરવામાં આવેલી હતી.

ઉત્સાહ, નિશ્ચય અને ધીરજ સાથેની આ ક્રિકેટ ટુર્નામેન્ટનો સમાજના સભ્યોએ આનંદ ઉઠાવ્યો હતો અને સમાજના મેળાવડા જેવુ વાતાવરણ ઉભુ થયુ હતું. સભ્યોનો ઉત્સાહ અને ઉમંગ જોતા સમાજ દ્વારા દર વરસે ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવેલુ છે.

અંતમાં સમાજના મંત્રીશ્રી જતિનભાઈ દવેએ તમામ ખેલાડીઓ, આયોજકો, દાતાશ્રીઓ, સમાજના સભ્યો અને મહેમાનોનો આભાર માન્યો હતો અને સમાજના સભ્યોનો જે સાથ સહકાર પ્રાપ્ત થયો તે માટે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

**જતીન વિ. દવે**
**મંત્રી**

## શ્રી બાજખેડાવાળ મહિલા સમાજ - નડીઆદ

બાજખેડાવાળ હોલ, શ્રી છાંગેશ્વર મહાદેવ પાસે, સંતરામ મંદિર પાસે, નડીઆદ
(મો.) ૯૪૦૮૫૦૧૩૯૦

શ્રી બાજખેડાવાળ મહિલા સમાજ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સમુહ અગિયારસ ઉજવણી કાર્યક્રમ થયો. તા. ૧૫-૧૨-૨૫ માગશર વદ સોમવારના દિવસે ગુરૂદેવ સ્નેહલભાઈ દવે દ્વારા ઉજવણી પુજન શરૂઆત કરી બહેનો એ પુજન તથા ફરાળમાં ભાગ લીધો તથા બાજખેડાવાળ મહિલા સમાજ દ્વારા તા. ૨૬-૧૧-૨૫ બુધવારના રોજ આનંદનો ગરબો રાખેલ તેમાં મોટી સંખ્યામાં મહિલાઓએ ભાગ લીધો હતો.

આનંદના ગરબામાં શીરાનો પ્રસાદ ભાવનાબેન શુકલ તથા શીંગ-સાકરીયાનો પ્રસાદ પરિભા શુકલ તરફથી રાખેલ હતો. શ્રી બાજખેડાવાળ મહિલાને નાની-મોટી ભેટ મળેલ છે.

(૧) મંદાકિની આર. દવે રૂ. ૫૫૧/- (૨) ભાવનાબેન ઠાકર રૂ. ૫૦૧/- (૩) અન્ય જ્ઞાતિજન તરફથી રૂ. ૧૦૫૨/-

**અંજનાબેન દવે** — **પ્રમુખશ્રી**

**કોમલ દવે** — **મંત્રીશ્રી**

---

## શ્રી બાજખેડાવાળ યુવા સમિતિ - ઉમરેઠ

શ્રીનાથ એન્ટરપ્રાઈઝ, સ્વામિનારાયણ મંદિર સામે, ઓડ બજાર, ઉમરેઠ-૩૮૮૨૨૦
(મો.) ૯૪૨૯૧૮૨૦૦૧

### મારા ઘરની રંગોળી સ્પર્ધા - ૨૦૨૫

ગત દિવાળી ઉત્સવ દરમ્યાન જ્ઞાતિની કલારસિક યુવતિઓ તથા મહીલાઓની કળાને પ્રોત્સાહન આપવાના ભાગરૂપે શ્રી બાજખેડાવાળ યુવા સમિતિ ઉમરેઠ દ્વારા રંગોળી સ્પર્ધાના આયોજનનો નવતર પ્રયોગ હાથ ધરવામાં આવેલ. જેમાં રાજ્યભર તથા યુ.એસ. કેનેડાથી કુલ ૧૦૫થી વધુ સ્પર્ધકોએ ૧૨૫ જેટલી રંગોળીઓ મોકલી આપેલ હતી. સમિતિને મળેલ દરેક રંગોળી મનમોહક હતી અને સ્પર્ધાના નિયમનો મર્યાદા અનુસાર કલાસાધક શ્રીમતિ મોનાબેન શાહ દ્વારા ચકાસીને વિજેતાઓની જાહેરાત કરવામાં આવેલ હતી. દરેક વિજેતાને સમિતિએ નક્કી કરેલ ઈનામો (મીક્ષ્ચર, ગ્રાઈન્ડર તથા કેટલ મશીન) તથા સર્ટીફીકેટ તેઓના ઘરે પહોંચાડવામાં આવેલ છે. સમિતિના સંસ્કૃતિ જાળવણીના નમ્ર પ્રયાસમાં ખાસ સહયોગી એવા ઈનામો દાતાશ્રીઓ શ્રી અજીતભાઈ દવે, શ્રી હેમલભાઈ દવે તથા શ્રી સંદિપભાઈ ત્રિવેદીના અમો આભારી છીએ.

### બી.કે.પી.એલ.-૨૦૨૬ અનુપ મહેતા ક્રિકેટ ટુર્નામેન્ટ, શિવનાદ ટ્રોફી

શ્રી બાજખેડાવાળ યુવા સમિતિ ઉમરેઠ દ્વારા સમાજના પાટનગર સમાજ ઉમરેઠ નગરમાં દર વર્ષની માફક આ વર્ષે પણ ગત ૧૦-૧૧ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન થયેલ. વિશેષ આનંદની વાત એ છે કે, આ વર્ષે ઉમરેઠ, આણંદ, કરમસદ, નડિયાદ, સુરત, વડોદરા, અમદાવાદ અને ખાસ રાજસ્થાનના ડુંગરપુરથી જ્ઞાતિ યુવાનોની કુલ ૮ ટીમોએ ભાગ લીધેલ હતો.

ઉમરેઠ સ્થિત એસએનડીટી ગ્રાઉન્ડ ખાતે આયોજિત આ બે દિવસીય ક્રિકેટ ટુર્નામેન્ટને જ્ઞાતિ અગ્રણીથી વિરેન્દ્રભાઈ મહેતા અને શ્રી અજીતભાઈ દવેના હસ્તે ઉદ્ઘાટિત કરાઈ હતી.

મેદાન પર યોજાયેલ રોમાંચક મુકાબલાઓ બાદ, 'બાજ સુપર ઈલેવન' ટીમે શ્રેષ્ઠ પ્રદર્શન કરીને આ વર્ષે પણ વિજેતા બની જ્યારે બીએસ (બટાશીયા માતા સાચી માતા) ઈલેવન રનર્સઅપ રહી હતી. આ ટુર્નામેન્ટને સફળ બનાવવા માટે હૃદયસ્થ અનુપ મહેતાના પરીવારજનો, શ્રીમતિ સ્મૃતિબેન તથા શ્રી સદાશિવભાઈ દવે, શ્રી હેમલભાઈ દવે, શ્રી ધનંજયભાઈ જોશી, શ્રી દક્ષ કલ્પેશભાઈ દવે, શ્રી સંદીપભાઈ જોશીનો વિશેષ ફાળો રહ્યો હતો.

ટુર્નામેન્ટના સમાપન પ્રસંગે શિવનાદ વૃંદના શ્રી સદાશિવભાઈ દવે, શ્રી વિરેન્દ્રભાઈ મહેતાના હસ્તે જ્ઞાતિ અગ્રણીઓની હાજરીમાં ટ્રોફી વિતરણ થયેલ. અંતે સમિતિના ચેરમેન દ્વારા આભારવિધિ દરમ્યાન સહુ દાતા પરિવારો, ખેલાડીઓ, સર્વિસ સપ્લાયરનો આભાર વ્યક્ત કરી આવતા વર્ષે ફરી મળવા સંકલ્પ જાહેર કરેલ.

**ધ્રુમિલ શુક્લ (વકીલ)**
**સેક્રેટરી કમ ખજાનચી**

---

## શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ – અમદાવાદ

મંગલમ સ્ટોર્સ, ઈચ્છાબેનની વાડીની બાજુમાં, પુષ્પકુંજ, કાંકરીયા, અમદાવાદ-૨૮
(મો.) ૯૩૨૮૨૩૦૬૭૦, ૯૯૧૩૬૧૬૦૬૪

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ અમદાવાદ દ્વારા ચાલતી અન્નપૂર્ણા સહાય યોજના અંતર્ગત સેવાકીય પ્રવૃતિઓ માટે ઉમરેઠ ડાકોર સ્થિત જરૂરિયાતમંદ જ્ઞાતીના ભાઈ-બહેનોને દર ત્રણ વર્ષે ત્રણ મહિના ચાલે તેટલી અનાજ સામગ્રી પહોંચાડવામાં આવે છે. આ માટે અમારી સંસ્થાને જ્ઞાતિના ઉદાર દાતાશ્રીઓ તરફથી સતત દાનફંડ મળતા રહે છે. અમો આ સર્વે દાતાશ્રીઓનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. આ મહિને નીચે મુજબ દાન ફંડ મળેલ છે.

(૧) શ્રી ડી. એસ. ભટ્ટ રૂા. ૨,૪૦,૦૦૦/- (૨) શ્રી કનુભાઈ પ્રાણલાલ ઠાકર તરફથી સ્વ. શ્રી રમાબેન કનુભાઈ ઠાકરની પૂણ્યતિથિ નિમિતે હસ્તે શ્રી નિપાબેન ઠાકર રૂા. ૧,૯૦,૦૦૦/- (3) શ્રી સતિષભાઈ સોમેશ્વર ભટ્ટ તરફથી રૂા. ૭૫૦૦૦/- (૪) શ્રી ટીનાબેન વિક્રમભાઈ પંડ્યા રૂા. ૧૧૨૭૫/- (૫) હંસાબેન અરૂણભાઇ પંડ્યા રૂા. ૧૧૧૧/- (૬) શ્રી દક્ષાબેન હર્ષવદન દવે રૂા. ૫૦૦૦/- (૭) ઠાકર ફેમિલી રૂા. ૫૦૦૦/-

**થયેલ કાર્યક્રમ**

તા. ૩-૧-૨૦૨૬ શનિવારના રોજ વિવિધ હરિફાઈઓમાં ૫૬ બાળકો, મહિલાઓ, યુવક યુવતીઓએ ભાગ લીધો હતો. મહેંદી, રંગોળી, કવિઝ હરિફાઈ, બાળકો માટે ચિત્ર સ્પર્ધા, વાનગી હરિફાઈ, સંસ્કૃત શ્લોક બોલવાની સ્પર્ધા યોજવામાં આવી હતી.

તા. ૧૮-૧-૨૦૨૬ રવિવારના રોજ અમદાવાદ ધોળકા રોડ પર ગ્રીન ફીલ્ડ રીસોર્ટ્સમાં પીકનીકનુ આયોજન કરવામાં આવ્યું હતુ. સૌએ આ વર્ષના ખૂબ ખૂબ પ્રવૃત્તિમય પ્રોગ્રામ માણીને સૌએ ૨૦૨૫ને ખુશી ખુશી વિદાય આપી હતી અને ૨૦૨૬ને ઉત્સાહપૂર્વક આવકાર આપ્યો.

**દર્શનાબેન ભટ્ટ** — **પ્રમુખશ્રી**
**તૃપ્તીબેન જોષી / ભોપીબેન ભટ્ટ** — **મંત્રીશ્રી**

નામ : કુ. નિશી ધીરેન શેલત ઊંચાઈ : ૫'–૩'' વજન : ૪૩ કિલો


જન્મતારીખ : ૧૬–૦૬–૨૦૦૦ જન્મસ્થળ : મુંબઈ જન્મસમય : ૧૨.૫૨ બપોરે

અભ્યાસ : બી.ટેક્ કમ્પ્યુટર સાયન્સ–મુંબઈ, એમ. એસ. કમ્પ્યુટર સાયન્સ–યુ.એસ.એ.

મૂળવતન : ઉમરેઠ વ્યવસાય : નોકરી

માસિક આવક : –

ગોત્ર : ઉપમન્યુ




રાશિ : વૃશ્ચિક

નક્ષત્ર : –

નાડી : –

માતાનું નામ : રૂપા ધીરેન શેલત

ભાઈ/બહેન : ના

પિતાનું નામ : ધીરેન ક્રિષ્નાકુમાર શેલત

સરનામું : બી–૧૦૦૨, કાબરા ડીવાઈન ટાવર્સ, એસ. વી. રોડ, મલાડ વેસ્ટ, મુંબઈ–૪૦૦૦૬૪

ફોન/મોબાઈલ : ધીરેન શેલત – ૯૮૨૦૦૮૨૯૨૯, રૂપા શેલત – ૯૯૬૯૪૭૫૦૭૫

ઈ–મેઈલ : dhirenshelat@yahoo.co.in

---

નામ : કુ. અવિ પ્રદીપકુમાર ત્રિવેદી ઊંચાઈ : ૫'–૮'' વજન : ૬૫ કિલો


જન્મતારીખ : ૧૭–૧૦–૧૯૯૭ જન્મસ્થળ : નડીયાદ જન્મસમય : ૯.૩૦ કલાકે

અભ્યાસ : બી.બી.એ., આઈ.ટી.એમ.

મૂળવતન : સલુણ વ્યવસાય : નોકરી

માસિક આવક : ૬૬૬૫ ડોલર

ગોત્ર : શાંડિલસ્ય




રાશિ : મેષ

નક્ષત્ર : ભરણી

નાડી : મધ્ય

માતાનું નામ : પ્રીતીબેન ત્રિવેદી


ભાઈ/બહેન : ૧–ભાઈ–પરણિત

પિતાનું નામ : પ્રદીપકુમાર ચંદ્રશંકર ત્રિવેદી

સરનામું : ૧૨, દર્શન સોસાયટી, આઈ. જી. માર્ગ, રાધા કીશન ચેમ્બર પાસે, પટેલ બેકરી રોડ, નડીયાદ–૨

ફોન/મોબાઈલ : ૯૪૦૯૪૫૧૫૧૦

| | | |
|---|---|---|
| Name | : | Chi. Parth Niraj Pandya |
| Height | : | 5'-9'' |
| Weight | : | 84 Kg. |
| Birth Date | : | 28-01-1997 |
| Birth Time | : | 09.47 a.m. |
| Birth Place | : | Ahmedabad |
| Education | : | B.E. Mechanical (Ahmedabad),<br>Quality Engineering Management (Canada) |
| Profession | : | Job |
| Monthly Income | : | - |
| Native Place | : | Umreth |
| Mother Name | : | Minal Niraj Pandya |
| Borther/Sisters | : | - |
| Maternal Place | : | Late Shailendra C. Dave (Nana)<br>Kusum S. Dave (Nani) |
| Father | : | Niraj Nalinkant Pandya |
| Address | : | D-1, Shubham Appt., Nr. Kalgi Appt.,<br>Jai Hind Cross Road, Maninagar, Ahmedabad. |
| Phone No. | : | 9429127210 (Niraj) |
| Mobile No. | : | 9974410729 (Minal) |
| E-mail | : | pparth0197@gmail.com |
| Contact | : | Minal Niraj Pandya |
| Choice | : | Well Educated |
| Note | : | Mangal (Nirdosh), Canada (PR) |
| Gotra | : | Kapilash |
| Nakshatra | : | Uttar Falguni |
| Rashi | : | Kanya |
| Nadi | : | Aadhya |
| Gan | : | Manushya |
| Varna | : | Vaishya |
| Yoni | : | Gau |
| Varg | : | - |



# લાગણીના દસ્તાવેજ

પપ્પા, મમ્મી મંદિરે ગઈ છે, ત્યાં એક સવાલ મારા મગજ માં આવ્યો છે, તો હું પૂછું ?

પૂછ ને બેટા મેં દેવાંગને કીધું,

પપ્પા, થોડા સમય પહેલા જીતુમામા આવ્યા હતા. નાનાજીનું મકાન વેચી રહ્યા છે. તમે અને મમ્મીએ કોઈ પણ સવાલ–જવાબ કર્યા વગર તેમણે આપેલ પેપર ઉપર સાઇન કરી આપી. તમે તો મને શીખવાડયું હતું. કોઈ પણ પેપરને ટોપથી બોટમ સુધી વાંચ્યા વગર સહી કરવી નહીં.

તારો સવાલ યોગ્ય છે પણ ઘણી વખત પ્રેમ ઉપર વિશ્વાસની જીત હોય છે. એ માટે તારે જીતુમામાના ભૂતકાળમાં જવું પડશે. અત્યાર સુધી તને વાત કરી ન હતી પણ હવે વાત કરવાનો સમય આવી ગયો હોય તેવું મને લાગે છે.

તારી માઁ ૧૦ વર્ષની હતી અને તારા જીતુમામા ૧૮ વર્ષના હતા, ત્યારે તારા નાના મતલબ તારી મમ્મીના પપ્પાનું અચાનક અવસાન થયું.

તારા મામા હજુ કોલેજમાં આવ્યા હતા. કોલેજ જીવન અને તેમના સ્વપ્નાં રોળાઈ ગયા. અચાનક ઘર ચલાવવાની જવાબદારી માથે આવી. સવારની કોલેજ અને ત્યાંથી સીધા નોકરી ઉપર રાત્રે થાકીને આવે ત્યારે રાત્રીના ૯ વાગી ગયા હોય સંઘર્ષ કરતા કરતા તેઓ ગ્રેજુએટ થયા.

આ બાજુ તારી મમ્મી ૧૫ વર્ષની થઈ, ત્યારે અચાનક તેના ચુનીકાકા કોઈ છોકરો બતાવવા લાવ્યા. છોકરો SSC પાસ હતો અને કોઈ ફેક્ટરીમાં મશીન ચલાવતો હતો. એ સમયે તારી માઁ પણ ત્યાં હાજર હતી.

ચુનિકાકા જ્યારે એવું બોલ્યા કે જીતુ, તારા માથે ઘરની જવાબદારી અચાનક આવી ગઈ છે સ્મિતાને ભણાવીને શું ફાયદો ? એ તો પારકા ઘરે જવાની તેના કરતાં તેના લગ્ન કરી નાખ તો એક જવાબદારી તારા ઉપર થી ઓછી થાય.

અત્યાર સુધી સંયમ રાખી અને શાંતિથી સાંભળી રહેલ તારા મામા એકદમ કડવી ભાષામાં લાલ આંખ કરી બોલ્યા, કાકા, એ ચિંતા તમારે કરવાની જરૂર નથી. મારો બાપ ગયો, પછી એક રૂપિયાની મદદ નથી તો તમે કરી કે ન તો મેં તમારી પાસે માંગી છે. તો કયા આધાર ઉપર તમે મને સલાહ આપવા આવ્યા છો ?

હવે તમારી જાણ ખાતર સાંભળી લ્યો તેણે સ્મિતાને નજીક બોલાવી માથે હાથ ફેરવી કીધું, કાકા, આ મારી ફક્ત નાની બહેન નથી, પણ પપ્પાના ગયા પછી એ મારી નજરમાં મારી દીકરીનું પણ સ્થાન ધરાવે છે. તેનો બાપ કે મોટો ભાઈ, જે સમજો તે હું છું.

સ્મિતાની ઈચ્છા હશે, તેટલુ એ ભણશે અને તેની ઇચ્છા હશે, ત્યાં એ લગ્ન કરશે માટે આજ પછી આવી વાતો લઈ અહીં અમારા ઘરે તમારે આવવું નહિ.

કાકા ગયા પછી તારી માઁ જીતુમામાને ભેટી ખૂબ રડી. તેને ખાતરી થઈ ગઈ કે મારુ જીવન એક સલામત હાથમાં છે.

તારા મામા તારા નાનાજીનું જુનું બજાજ સ્કૂટર ફેરવતા પણ તારી માઁ ને કોલેજ માટે એ

જમાના નું કાઈનેટિક અપાવી દીધું. તારી IT એન્જીનીયર થઈ, તેની પાછળ તારા મામાનું વિશેષ યોગદાન રહ્યું. તારા મામા એ સમયે પોતાની જવાબદારીમાંથી છટકી ગયા હોત અને SSC પાસ મશીન ઓપરેટર સાથે તારી મમ્મીના લગ્ન કરાવી દીધા હોત, તો વિચાર તારી માઁ ની હાલત અત્યારે શું હોત ?

તારી મમ્મી અને હું એક કંપનીમાં સર્વિસ કરતા હતા. તારી મમ્મીએ જ્યારે મારી સાથે લગ્નની ઈચ્છા જાહેર કરી ત્યારે પણ તારા મામાએ મારા ખાનદાન અને મારી સંપૂર્ણ તપાસ કરી લગ્ન માટે હા પાડી, એક સલામત હાથમાં પોતાની વહાલી બેનનું જીવન મને સમર્પિત કર્યું અને કન્યાદાન પણ તારા મામા-મામીએ આપી પોતે આપેલ વચન કે જવાબદારી અને ફરજ પુરા કર્યા.

બેટા, શું તારા મામાને કોઈ આર્થિક માનસિક તકલીફ નહિ પડી હોય ? તારી માઁ ફક્ત નહિ પણ મારો સાળો હોવા છતાં કહું છું. આવી વ્યક્તિ લાખોમાં એક મળે, આવી વ્યક્તિની લાગણી ઈમાનદારી અને રૂપિયાથી જોખવાની ભૂલ ન કરાય વચ્ચેનો સમય એવો આવ્યો IT સેક્ટરમાં મંદી આવી, મારી નોકરી જતી રહી, ત્યારે આ આલીશાન ફ્લેટના બે મહિનાના હપ્તા તારા મામાએ ભરી આપ્યા, જે તારી માઁ ને પણ ખબર નથી. જોકે ફરી મારી નોકરી થતા મેં રૂપિયા પરત કરી દીધા હતા.

દેવાંગની આંખો ભીની થઈ તે બોલ્યો, પપ્પા તમે મારી ગેરસમજો યોગ્ય સમયે દૂર કરી.

ત્યાં ડોર બેલ વાગ્યો.

મેં જોયું તો જીતુમામા, મામી અને સ્મિતા બારણે ઉભા હતા. મેં ઉભા થઈ તેમને આવકાર્યા.

દેવાંગ તેના મામાને દર વખતે પગે તો લાગતો જ હતો, પણ આજે પ્રથમ વખત તેણે મામાના ચરણ સ્પર્શ કર્યા.

સ્મિતા દોડતી અંદર ગઈ, પાણી લાવી, ભાઈ ભાભીને પગે લાગી. સ્મિતા બોલી, મંદિરેથી આવતી હતી. ત્યાં ભાઈ-ભાભી મને મળી ગયા.

જીતુમામાએ થેલીમાંથી બે ચેક કાઢી, સ્મિતાના હાથમાં મૂકી કીધું, લે બહેન, આ તારા હક્કનું મેં દેવાંગ સામે જોયું.

સ્મિતા હાથ જોડી બોલી, મોટાભાઈ લોકો પહેલા હક્ક કરે છે પછી ફરજ નિભાવે છે, તમે કોઈ પણ પ્રકારની અપેક્ષા વગર ફરજ નિભાવી છે. આજે મારુ અસ્તિત્વ અને આર્થિક સધ્ધરતા ફક્ત તમારે આભારી છે. આ ચેક પાછા લઈ જાવ ઈશ્વરે મને તમારા જેવો ભાઈ આપ્યો એ પૂરતું છે.

જો સ્મિતા અણહક્કનું લેવું નહિ અને હક્કનું જતું કરવું નહીં, એ સિદ્ધાંત ઉપર હું જીવન જીવી ગયો. મેં ધાર્યું હોત તો તું નાની હતી ત્યારે જ મારા નામે પપ્પાનું મકાન કરાવી લીધું હોત. પણ આ બધી કપટ લીલા કોના માટે કરવાની ?

કોઈ લેણદેણના અધૂરા લાગણીના સંબંધો તારી અને મારી વચ્ચે હશે એટલે તો ઘરની જવાબદારી મારા માથે મૂકી પપ્પા જતા રહ્યા. આવતા જન્મ માટે ચોપડો ચોખ્ખો રાખી જવું છે." તેઓ ભીની આંખે બોલ્યા.

બન્ને ભાઈ બહેન એક બીજાને ભેટી રડી પડ્યા.

દેવાંગની આંખો ભીની હતી. મામાના ગયા પછી એ બોલ્યો, પપ્પા, વ્યક્તિ ઓળખવામાં હું કાચો પડ્યો લાખોમાં આવી એક વ્યક્તિ મળે. મમ્મી, તું ખરેખર નસીબદાર છે.

મેં હસીને કીધું, બેટા, હવે ખબર પડી ને કે "લાગણીના દસ્તાવેજ" વાંચવાના ન હોય.

**લેખક-મૈથિલી કારીયા**

---

લગભગ સાત વર્ષ પહેલાં હું એક ઘેર ફેબ્રિકેશનનું કામ કરવા ગયો હતો. એમનું નામ હતું શિરીષભાઈ શાહ વ્યવસાયે ડોક્ટર, પરંતુ સ્વભાવ એટલો સરળ કે પહેલી વાર જ લાગ્યું, આવા લોકો હજી પણ છે દુનિયામાં !

રવિવારનો દિવસ હતો. બપોરે હું જમવા જતો હતો ત્યારે ડોક્ટર સાહેબ બોલ્યા, આજે અમારી સાથે જમવાનું છે. મેં ઇનકાર કર્યો, પણ એમના આગ્રહ સામે નમવું પડ્યું. જમવા બેઠા. ડોક્ટર સાહેબ, એમની પત્ની વિનિતા બેન, એમનો પુત્ર વિશાલ અને હું.

જમતાં જમતાં વાતો ચાલી રહી હતી ત્યારે વિશાલ બોલ્યો, પપ્પા, મારે કાર લેવી છે. બધા મિત્રો કાર લઈને કોલેજ આવે છે, હું એકલો અલગ પડી જાઉં છું.

ડોક્ટર સાહેબ સ્મિત સાથે બોલ્યા, બરાબર, કેટલાની આવશે કાર? વિશાલ બોલ્યો, "પાંચ લાખની."

ડોક્ટર સાહેબે કહ્યું "હું તને પાંચ લાખ આપું છું, પણ એક શરત છે. આ પૈસા તું કોઈ વ્યવસાયમાં રોક. જ્યારે એમાંથી નફો થાય, ત્યારે એ નફાથી તું કાર ખરીદજે. વિશાલ તૈયાર થયો, ચેક લખાઈ ગયો.

હું પણ મારું કામ પતાવીને નીકળી ગયો. સમય વીત્યો અને આજે સાત વર્ષ પછી મને એ વિશાલ મળ્યો, પોતાની જ મસ્ત કારમાં.

બોલ્યો, "અંકલ ! કેમ છો ?" વાતચીત દરમિયાન મેં પૂછ્યું, "બેટા, એ પાંચ લાખની કાર લીધી કે નહિ ?"

એ હસ્યો અને બોલ્યો, "ના અંકલ, એ પૈસા મેં ઇલેક્ટ્રોનિક્સમાં રોકાણ કર્યા. ધીમે ધીમે નફો થવા લાગ્યો, ચાર વર્ષમાં કાર લેવા જેટલા પૈસા થયા, પણ એ વચ્ચે કોલેજ પૂરી થઈ ગઈ. મે ત્યારે કારના લીધી અને એજ પૈસા મે રોકવાના ચાલુ રાખ્યા.

આજે મારી પાસે ત્રણ કાર છે, પરંતુ પપ્પા એ જે પાઠ શીખવ્યો એજ મારી સાચી કમાણી બની ગયો છે. આજે મારી કંપની વર્ષે ત્રણ કરોડનું ટર્નઓવર કરે છે.

અને એ દિવસે મને સમજાયું કે એક પિતા એ પોતાના દીકરાને જીવનનો સૌથી મોટો પાઠ આપી દીધો. "સંપત્તિ અને જવાબદારી વચ્ચેનો તફાવત."

એના શબ્દો સાંભળી મારું હૃદય ભરાઈ આવ્યું. એક પિતા એ દીકરાને પૈસા નથી આપ્યા જીવન જીવવાનો માર્ગ આપ્યો.

જીવનમાં પણ ક્યારેક "તાત્કાલિક ઇચ્છા" ને રોકી લો, કારણ કે કદાચ એ જ ઈચ્છા તમારી "ભવિષ્યની સફળતા" બની શકે છે.

# ઘરની લડાઈ

જરા મોડી ઉઠેલી રુચિને સાસુએ કહ્યું, આજે ખાલી ચા જ બનાવજે. નાસ્તો ત્યાં જઈને કરશું અને જરા ઉતાવળ રાખજે.

રસોડામાં પાસે ઉભીને ચા પીતા સાસુને, રુચિએ કહ્યું. મમ્મી રાતે મુન્ની ખુબ રડ્યા કરી. મને પણ ઉંઘવા નથી દીધી. તમે બધા લગ્નમાં જાવ હું ના આવું તો ના ચાલે ? ત્યાં બપોરે ગરમી પણ કેવી હશે.

નિરુબેન મનમાં હસ્યા, ખુબ ભણેલી હોય કે અભણ હોય. મા એ મા જ રહે. લગ્નમાં જવાનો કાલે તો કેટલો હરખ હતો અને આજે ના પાડે છે.

એ બોલ્યા, કાલે મંડપ વિધિમાં તો આપણે બધા હતા. આજે તારા પપ્પા અને દેવાંગને જવાનું કહી દઉં. મુન્નીની તબીયતની વાત કરી દેશે. તને એકલું નહીં ગમે. હું પણ ઘરે રહીશ બસ."

દવા પાઈ, એટલે મુન્ની સુઈ ગઈ દેવાંગ અને પપ્પા લગ્નમાં ગયા. દશેક વાગ્યા હતા. રુચિ રસોઈ કરવાનું વિચારી રહી હતી.

ત્યાં અચાનક વિભૂતિ આવી એ રુચિની માસીની દિકરી હતી. અહીં સાસરે હતી. એનું ઘર નજીક જ હતું. ચારેક માસ પહેલાં એના લગ્ન થયા હતાં. એની સગાઈ રુચિની ભલામણથી થઈ હતી.

એ આવીને બેઠી, હાથમાં એક ખાલી થેલી જ હતી. કંઈ બોલ્યા પહેલાં એના આંસુ ટપકવા માંડ્યા.

રુચિને લાગ્યું કે કંઈક તકલીફ થઈ હશે. પુછ્યા પહેલાં જ વિભૂતિએ કહ્યું. દીદી, મારા પપ્પાને ફોન કરો મારે અહીં રહેવું નથી મને ગમતું નથી. શાક લેવાનું બહાનું કરીને અહીં આવી છું.

રુચિએ વિચાર્યું, એના ઘરના બધાને હું સારી રીતે ઓળખું છું, સારા છે. વિભૂતિ પણ સારી છે. પણ જરા લાડકોડમાં ઉછરી છે. કંઈક નાની મોટી વાત હશે. નિવેડો કરી શકાશે. માસા માસીને ફોન કરીશ તો વાત વધી જશે.

એટલે એણે વિભૂતિની સાસુને ફોન કર્યો. " માસી વિભૂતિ મને શાક મારકેટમાં મળી ગઈ. હું ઘરે એકલી છું. બધા લગ્નમાં ગયા છે. એટલે અમે બેય અમારે ઘરે જઈએ છીએ. ઘણા વખતથી વાતો કરી નથી. એટલે ખજાનો ખાલી કરશું. સાંજે શેખરને મોકલજો. બધાને મળાઈ જશે ને વિભૂતિને લઈ જશે."

રુચિ વહેવારુ અસત્ય બોલી એટલામાં નિરુબેન પણ બેઠકમાં આવીને બેઠા. વિભૂતિ કંઈક કહેવા જતી હતી, પણ અટકી ગઈ. રુચિએ એને કહ્યું, "તારે જે કહેવું હોય તે કહેવા માંડ મારા કરતાં એ સારો રસ્તો બતાવશે.

વિભૂતિ બોલી, " મારા સાસુ પહેલાં તો ઘરનું બધું કામ કરતા ને ? હવે મોટા ભાગનું મારા પર નાખી દીધું. અડધું તો એણે કરવું જોઈએ ને ? એકવાર બે વાસણ સાફ કરવા કહ્યું, તો ખીજાઈ ગયા.

મારા સસરા આખો દિવસ ઘરમાં જ રહે.. આવી ગરમીમાં ય ટુંકા કપડાં પહેરાય નહીં.. અને શેખર પણ ના પાડે છે..

મને સોફા પર આડું પડીને ટીવી જોવું ગમે.. તો સાસુ 'બેઠકમાં આડું પડાય જ નહીં..' એમ કહે..

મેં નોખા રહેવા જવાનું કહ્યું.. તો શેખર સાવ ઘસીને ના પાડે છે.."

રુચિ હસી પડી.. " અરે મારી બેન.. પિયર અને સાસરી.. દિકરી અને વહુ.. એમાં જરાક ફેર તો હોય જ ને.. આપણે પિયર છોડીને આવીએ , ત્યારે ત્યાનું કેટલુંક છોડવું પડે.. અને સાસરીનું કેટલુંક લઈ લેવું પડે.."

એ આગળ બોલી.. " જો મારા સાસુ ભણેલા છે.. હું એના કરતાં ય જાજું ભણેલી છું.. પણ એની પાસે મારા કરતાં અનેક ગણો જીવનનો અનુભવ છે.. અનુભવમાંથી જીવન જીવવાની કળા શીખવા મળે.. ખાલી કોલેજમાંથી નહીં.."

એણે સાસુને કહ્યું.. " મમ્મી.. તમે મને ઘરની લડાઈની વાત એકવાર સમજાવી હતી.. એ આને સમજાવો.."

નિરુબેને વિભૂતિને કહ્યું.. " જો આ તારી દીદી.. મારી પાસે એકલી હોય , ત્યારે દિકરી.. પણ બહાર આ ઘરની વહુ હોય..

આપણે ત્યાં દિકરી સાસરે જાય.. દિકરો જાય તો સારો લાગે..? જે જાય.. એણે નવી જગ્યામાં ઠીકઠાક થઈને ગોઠવાઈ જવાનું.. સમજીને ના ગોઠવાય તો , ઘર્ષણ અને ઘરની લડાઈ થાય.. વહુની આવી લડાઈ ત્રણ જાતની હોય..

પહેલી.. અસ્તિત્વની લડાઈ.. વહુને સાસરિયામાં બધા ધુત્કારે , અપમાન કરે , કાઢી મુકે , મારી નાખે.. કે મરવું પડે એવો ત્રાસ આપે.. બોલ , તારા ઘરમાં તને આમ રાખે છે..?"

વિભૂતિએ ના પાડી.. નિરુબેન બોલ્યા.. " બીજી લડાઈ અધિકારની.. ઘરમાં બીજાને મળતા હોય એવા , ખાવા પીવા.. હરવા ફરવા.. પોતાના માટે ગમતી ચીજ લેવા.. સારું પહેરવા ઓઢવા.. એવા બધા અધિકાર ના મળે.. તને આમાંથી કોઈ અધિકાર નથી મળ્યા..?"

વિભૂતિથી જરા હસી પડાયું.. " ના , એવું તો નથી.. મારે પૈસાની જરુર પડે , અને માંગું.. પપ્પા પાકીટ જ આપી દે.. હું પૈસા કાઢી લઉં.. પછી ગણ્યા વગર પાકીટ ખીસ્સામાં મુકી દે.."

નિરુબેને રુચિને પોતાની નજીક ખેંચી.. હાથ ખભા પર રાખ્યો.. " જો રુચિ.. તારી આ બેનની લડાઈ ત્રિજા પ્રકારની.. એટલે કે વર્ચસ્વની લડાઈ છે.. પોતાનામાં વહુ તરીકે કંઈ ફેરફાર કર્યા વગર.. પોતાની બધી રીતભાત , માન્યતા.. બધા પાસે પરાણે માન્ય રખાવીને વર્ચસ્વ જમાવવું છે.. એટલે એને સાસરિયું ગમતું નથી.."

રુચિએ વિભૂતિને કહ્યું.. " અરે ગાંડી.. હું સાસરે આવી ત્યારથી , તારા ઘરના બધાને ઓળખું છું.. સારા છે.. એટલે તો તારી સગાઈ મેં કરાવી.. સાસુ સસરાના ઘરના માલિક આપણે થઈ જઈએ , તો આપણે પણ કંઈક આપવું જોઈએ ને..

આપણે એને આદરમાન ને પ્રેમ આપીએ, એના ઘડપણનું ધ્યાન રાખીએ એટલે ઘણું.

સાસુ સસરા પણ આપણા મા બાપ છે.. આપણે નાના હતા.. ત્યારે આપણને ના ગમતી વાત પણ માની લેતા ને..? ક્યારેક પપ્પા ખીજાઈ જતા તો આપણે છાનામાના થઈ જતા ને..? તો આ માબાપ એવું કરે.. તો સ્વિકારી લેવાનું..

જો , આ મારા સાસુને લગ્નમાં જવાનું હતું.. પણ હું અહીં એકલી ના રહું.. એટલે એ પણ ના ગયા.."

થોડીવાર વિભૂતિ કંઈ બોલી નહીં.. નિરુબેન બહાર ગયા પછી એણે રુચિને કહ્યું.. " દીદી.. આજની આ વાત કોઈને કહેતા નહીં.. તમને મારા સમ.."

સાંજે શેખર આવ્યો.. વિભૂતિને તેડી ગયો.. હસીને જતી નાની બેનને જોઈ.. રુચિના હૈયામાં ટાઢક વળી..

-જયંતિલાલ ચૌહાણ

---

એક કપલ ની આ વાત છે, છ મહિના પહેલા સગાઈ થઈ હતી, ત્યાર પછી લગ્ન પણ કરી દેવામાં આવ્યા.  તે બંને લગ્નજીવનથી એકદમ સુખી હતા, અને તેઓનું જીવન સુખી રીતે સાથે સાથે સાદાઈથી જીવતા હતા. પરંતુ તેઓને સંતાન ન થતા હતા. એક પણ તરકીબ કહો કે એક પણ ડોક્ટર કોઈ બાકી રાખ્યા નહોતા. અંતે ૭ વર્ષ પછી એક બાળકનો જન્મ થયો. પરિવારમાં ખુબ ખુશી ની લાગણી પ્રસરી ગઈ, બાળકનું નામ વિવેક રાખવામાં આવ્યુ. આ સંતાનને બંને કપલ ખુબ લાડકોડ થી ઉછેરતા, અને બાળક પણ લાખોમાંનો એક કહીએ તો ચાલે તેવો. નામ જેવો જ ગુણી.

પાંચ વર્ષ નો થયા પછી વિવેકનું ભણવાનું પણ ચાલુ કરાવી દીધુ, અને ભણતર માં પણ હોંશીયાર.

જેમ મોટો થતો તેમ વધુ સમજતો જાય બોલતો થયા પછી શેરીમાં રમવા જાય અને બધાની સાથે ભળી જાય તેવો સ્વભાવ. કોઈનું દુખ જરા પણ સહન ન થાય, ક્રીકેટ જેવી રમત માં પણ કોઈ આઉટ થઈ નીરાશ થઈને જાય તે વિવેક ને ન ગમતુ. તે એને ફરીથી દાવ આપતો.

જોત જોતામાં વિવેક ને ૧૦ વર્ષ થઈ ગયા. જન્માષ્ટમી એટલે કે સાતમ-આઠમ નો સમય, વિવેક ને મેળામાં જવું બહુ જ ગમતુ, માટે દર વર્ષે તેના માતા-પિતા ગામડે થી ૩૦ કિ.મી. દુર મેળો ભરાતો પણ ત્યાં અચુક લઈ જતા અને એને જે જોઈએ તે લઈ દેતા.

સાતમ નો દિવસ આવ્યો એટલે માતા-પિતાએ વિચાર્યુ કે આપણે આજે જઈ આવીએ શહેરમાં ખરીદી પણ થઈ જાય અને વિવેક ને મેળામાં પણ ફરાઈ જાય.

બંને વિવેક ને લઈને નીકળી પડ્યા. ગામડે થી બસ મળી જતી પણ હાઈવે પર ઉતારી દેતી અને ત્યાંથી શહેર માં જવુ હોય તો એકાદ કિલોમીટર ચાલવું પડે, શહેર પહોંચી ને ખરીદી પતાવી ત્યાં સાંજના ૭ વાગી ગયા. અને પછી ગયા મેળામાં અને આખો મેળો ફરી વળ્યાં, ત્રણ કલાક ક્યાં નીકળી ગયા ખબર જ ના પડી, પછી જમી કરીને પાછુ હાઈવે બાજુ જવા લાગ્યા.

હાઈવે પર ચાલી ને જતા હતાં ત્યારે અચાનક પાછળથી પુરઝડપે આવતા ખટારા એ વિવેક ને હડફેટે લઈ લીધો. અને મા-બાપ ની નજરસમક્ષ ઘટનાસ્થળે જ તેના એક ના એક

દિકરા નું કમકમાટી ભર્યું મોત થયુ.અને માતા-પિતાની હાલત કાપો તો લોહી ન નીકળે તેવી થઈ ગઈ, બંને જાણે બેભાન જેવા થઈ ગયા. આજુબાજુના લોકોએ સ્વસ્થ કરી અને પોલીસને બોલાવી. ટ્રક ડ્રાઈવર ને પકડવામાં આવ્યો, કોર્ટ માં હાજર કરાયો. જજ સાહેબે પિતા ને બોલાવી ને જુબાની લીધી, પિતા બોલ્યા, "જજ સાહેબ, એમાં હકિકત એવી છે કે મારો છોકરો જ દોડીને ટ્રક ની સામે ગયો હતો એમાં ડ્રાઈવર નો કંઈ જ વાક નથીપ" આટલુ જ બોલી શક્યા અને પછી કંઈ બોલાયુ જ નહિ એમનાથીપ

અને કોર્ટ માં બે મિનીટ માટે સન્નાટો છવાઈ ગયો. જજ ની કલમ પણ થોભી ગઈ. પછી જજ સાહેબે ડ્રાઈવર ને નિર્દોષ કરાર આપી છોડી મુક્યો.

પણ આવા બયાન પાછળ એનું કારણ શું હશે? જાણીને દંગ રહી જશોપ

જ્યારે માતા-પિતા બંને કોર્ટ માં આવતા હતા ત્યારે માતા એ વિવેક ના પિતા ને કહ્યુ, "વિવેક આટલા જ દિવસનો મહેમાન હતો. એટલે આટલુ જ રોકાણો, ડ્રાઈવર ને સજા થશે તો વિવેક પાછો નથી આવવાનો પણ, જો સજા થશે તો એના આપણા વિવેક જેવડા જ છોકરાઓ પણ રખડી પડશે. અને આમ પણ વિવેક કોઈ ને દુ:ખી જોઈ ન શકતો, તો જો તમે ડ્રાઈવર ને છોડી દો તો કદાચ એના આત્મા ને શાંતી મળી જાય." આટલું તો એ માતા માંડ-માંડ બોલી શકી.

આજના સમયમાં જ્યારે કોઈ પણ બીજાનું વિચારવા ની જગ્યા એ પોતાનું વિચારે છે, એવામાં અમુક માણસો આવા પણ હોય છે.

સૌજન્ય:- FB WALL OF SRI BALDEV SINH JADAV

## સાસુની લાડકી

ભાષા શિક્ષિકા વિદ્યાબેન બારમા ધોરણની છોકરીઓને ગુજરાતી શીખવતા..

આજનો પાઠ "સાસુની લાડકી" નામની એક વાર્તા પર હતો.. એમાં સંયુક્ત કુટુંબ , અને નાનપણથી સગાઈ થયેલ વહુના સાસુ સાથેના લાડ પ્યારની વાત આવતી હતી..

વિદ્યાબેન હસમુખા હતા.. ક્યારેક છોકરીઓ સાથે શિક્ષિકાને બદલે બેનપણી જેવી હસી મજાક પણ કરી લેતા.. આજે પાઠના સમાપનમાં એણે કહ્યું..

" સાસુ પાસે લાડ કરવા.. એ ભારતીય નારીના જીવનમાં એક લહાવો છે.. મારી સગાઈ હું તમારા જેવડી હતી , ત્યારે થયેલી.. ત્રણ વરસ સગાઈ રહી, પછી લગ્ન થયા.. મારા સાસુ મને ખુબ લાડ કરાવતા.. બધા તહેવારો પર મને કપડાં અને મિઠાઈ આપવા આવતા.. પાસે બેસાડીને છાનામાના પૈસા પણ આપતા.. એ વખતે હું શરમાતી.. પણ બહુ ગમતું.. હવે એ મારા દીયરના ઘરે રહે છે , પણ જયારે એકલા મળીએ ત્યારે , હું એની પાસે બેસીને થોડીવાર લાડ કરી લઉં છું.."

છોકરીઓ હસી પડી.. હાસ્ય પુરું થયું એટલે , એણે પાઠ આગળ ચલાવ્યો..

" અને હવે આપણે આ વાર્તામાં વપરાયેલા તળપદી શબ્દો જોઈએ.." એમ કહીને એ પાટીયા તરફ વળ્યા..

ત્યાં પાછળથી એક હળવો અવાજ આવ્યો.. " તમારે દિકરો છે..?"

છોકરીઓ ખડખડાટ હસી પડી.. એણે પાછા ફરીને જોયું.. બધી હસતી હતી.. એક છોકરી હસતી હસતી નીચું જોઈને બેઠી હતી.. એને સમજાઈ ગયું.. " આ પ્રીતિ જ બોલી છે.." પ્રીતિ નટખટ હતી , એ ઘણીવાર આવાં ટમકાં મુકી દેતી..

એ પણ હસીને બોલ્યા.. " હજી તમારે સગાઈને વાર છે.."

છોકરીઓ ફરીથી હસી પડી..

સમય ચાલતો રહ્યો પ

કન્યાશાળાની સ્થાપનાને પચીસ વરસ થવાનો ઉત્સવ ઉજવાઈ રહ્યો હતો.. વિદ્યાબેન હવે આચાર્યા બની ગયા હતા.. બધી ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓના તાજા સરનામા મેળવીને આમંત્રણ મોકલાયા હતા..

ઉજવણીમાં ઘણી છોકરીઓ આવી.. શરુઆતની ટુકડીની છોકરીઓ તો બાળકો સાથે આવી હતી.. તેમાંથી ઘણી તો સારા હોદ્દા પર પણ હતી.. મોટાભાગની પરણી ગઈ હતી.. છેલ્લા ત્રણ ચાર વરસવાળીમાંથી ઘણી કુંવારી પણ હતી..

એકબીજાને મળવાનો સમય મળી રહે , એ માટે ઔપચારિક પ્રવચનો નહીંવત્ રાખ્યા હતા.. થોડા હોદ્દેદારો ઉપરાંત સારી નોકરીવાળી ચાર પાંચ છોકરીઓએ ટુંકા પ્રવચન આપ્યા..

એ પછી બે કલાકનો સમય મળવા માટે રાખ્યો હતો.. વિદ્યાબેન બધીઓને મળી રહ્યા હતા.. કેટલીકને એ ભૂલી ગયા હતા , તો ઘણીને ચહેરા પરથી ઓળખી ગયા..

પ્રીતિ પણ આવી હતી.. એણે શાળા પુરી કરી , એને ચાર વરસ થયા હતા , એ સ્નાતક થઈ ગઈ હતી.. વિદ્યાબેન બેઠા હતા ત્યાં , એ ખુરસી લઈને ગઈ.. પાસે બેઠી.. પરસ્પર ખબર અંતર પુછ્યા..

અચાનક હસી પડીને એ બોલી.. " બહેન , તમે મને ખુબ યાદ આવો છો.. તે દિવસે તમારી પાછળથી હું જ બોલી હતી.."

વિદ્યાબેન પણ હસ્યા.. " મને ખબર પડી ગઈ હતી.. એ ઉમરે થોડું તોફાન કરવું જોઈએ.."

એણે પુછ્યું.. " તારી સગાઈ થઈ ગઈ..? લગ્ન ક્યારે છે..?"

પ્રીતિ જરા ગંભીર થઈ ગઈ.. " સગાઈ થઈ હતી , પણ તુટી ગઈ.. એ બહુ પૈસાવાળા હતા.. સાસુ સુધરેલા હતા.. સગાઈના દિવસથી જ એ મને કપડા , ફેસન , બોલચાલ.. બધી બાબતમાં ટોકટોક કર્યા કરતા.. મને જુનવાણી સમજતા.. મને એ ના ગમતું.. જન્મકુંડલી બરાબર મળતી નથી , એમ કહીને એ લોકોએ સગાઈ તોડી નાખી.. મારી પણ એવી જ ઈચ્છા હતી.."

વિદ્યાબેને દિલાસો આપ્યો.. " એવું તો ચાલ્યા કરે.. સારું થયું કે લગ્ન પહેલાં છુટું થયું.. લગ્ન પછી તો ખુબ તકલીફ પડે.."

વિદ્યાબેને પ્રીતિના મમ્મી પપ્પા ના નંબર અને સરનામું લઈ લીધું.. કહ્યું..

" કોઈ સારું ઠેકાણું હશે તો તારા પપ્પાને ફોન કરીશ.."

એક દિવસ પ્રીતિને મમ્મીએ કહ્યું.. " તારી નિશાળવાળા વિદ્યાબેનનો ફોન આવ્યો હતો.. ખુબ લાંબી વાત કરી.. એ એક છોકરાને લઈને આજે તને જોવા આવવાના છે.."

મમ્મીએ મહેમાનના સ્વાગતની તૈયારી કરી.. પ્રીતિ એ થોડા સાજ શણગાર કર્યા..

ગાડીમાં છ મહેમાન આવ્યા.. એમાંથી એક વિદ્યાબેનને જ પ્રીતિ ઓળખતી હતી..

પાણી પીધા પછી નિરાંતે બેસીને વિદ્યાબેને ઓળખાણ કરાવી..

" આ મારા સાસુ , આ મારા ઘરવાળા , આ દેર-દેરાણી અને આ મારો દિકરો પ્રણવ.."

વડિલોએ વાતચીત કરી.. પ્રણવ પ્રીતિએ એકાંતમાં મુલાકાત કરી.. પછી , સગાઈ કરવાનું પાકું થઈ ગયું..

હરખથી ઉભરાતા હૈયે.. વિદ્યાબેને પ્રીતિને બોલાવીને પાસે બેસાડી.. પોતાની સાવ નજીક ખેંચી લીધી..

હળવેથી એના કાનમાં કહ્યું.. " તેં પુછ્યું હતું ને.. કે તમારે દિકરો છે ?..લે , તને આપી દીધો.."

પ્રીતિના હાથમાં એક પાંચસોની નોટ.. છાનામાના આપી.. પ્રીતિની મુઠી વળાવી દીધી..

## છાત્રાલયની કન્યા

જન્માષ્ટમીના તહેવાર પર ચાર-પાંચ સળંગ રજાઓ હતી. છાત્રાલયમાં રહેતી મોટાભાગની છોકરીઓ જતી રહી હતી. મેડીકલના છેલ્લા વર્ષવાળી શોભા અને બીજી ચારેક છોકરીઓ ઘરે જવાની ન હતી.

ખેડૂત જ્ઞાતિના આ કન્યા છાત્રાલયની દેખરેખ, એક પ્રૌઢ નિસંતાન દંપતી બલદેવભાઈ અને શાંતાબેન રાખતા. ગૃહમાતા તરીકે શાંતાબેનનું ભણતર જરા ઓછું પડતું. પણ બલદેવભાઈ પુરા શિક્ષિત હતા, એટલે સામાન્ય વહીવટ ચાલ્યા કરતો છોકરીઓ એને માસા-માસી કહેતી.

માસા-માસીએ પાંચેય છોકરીઓને વાંચનખંડમાં બોલાવીને કહ્યું..

" બે દિવસ પહેલાં કારોબારીની બેઠક હતી.. હમણાં સંસ્થા નાણા તંગીમાં છે.. ટ્રસ્ટીઓ અંગત ઉપાડ આપીને કામ ચલાવે છે.. મોંઘવારીમાં ખર્ચ વધતો જાય છે.. અગાઉના નબળા વરસોને લીધે દાન ઓછા મળે છે.. મંદીના કારણે અગાઉ લખાયેલ ફાળાની રકમ પણ આવતી નથી.. એટલે નક્કી થયું છે કે.. બે ચાર સધ્ધર ગામો છે , ત્યાં જઈને ફાળો માંગવો.. અને એમાં તમે પણ સાથે આવીને લોકોને સમજાવો.."

છોકરીઓ આ વાતમાં સહમત થઈ.. એક ગામમાં જ્ઞાતિની રાત્રી સભા ગોઠવાઈ.. આગેવાનોએ લાંબા ભાષણ કરવાને બદલે છોકરીઓને જ વાત કરવા કહ્યું..

મેડીકલવાળી શોભાએ ઉભા થઈને કહ્યું..

" મને ભાષણ તો આવડતું નથી.. પણ મનની વાત કહું છું.. આપણો સમાજ પૈસાદાર નથી.. છતાં બધાના સહકારથી કન્યા છાત્રાલય ચાલે છે.. અમેય ગરીબ ઘરની દિકરીઓ છીએ.. છાત્રાલય છે , એટલે અમે ભણી શકીએ છીએ.. સંસ્થા હમણાં ખોટમાં ચાલે છે.. અમને રાખવાના ખર્ચા જેટલી આવક નથી.. એટલે નાછુટકે છોકરીઓના લવાજમમાં વધારો કરવો પડશે.. જો કંઈક મદદ મળે તો.."

એટલું બોલતાં એ ભાવુક થઈ ગઈ.. બીજી છોકરીઓએ પણ હૃદયસ્પર્શી વિનંતી કરી..

છોકરીઓની વાતો પર તાળીઓ પડી.. સારી એવી રોકડ રકમ આવી.. અને ફાળો પણ લખાયો..

એક માજીએ પોતાની કમરમાં ભરાવેલ નાની થેલી કાઢી. પાંચસો રુપિયા આપ્યા અને કહ્યું : દિકરીયું આજ મારી અઠવાડિયાની દાડીનો હિસાબ આવ્યો. હમણાં રોજના પચાસ રુપિયા દાડી વધારે ચાલે છે એટલે આ વધારાના છે.

ઘરે જઈ પથારીમાં પડી પડી શોભા છટપટી રહી છે.. ઉંઘ આવતી નથી.. એને વારે ઘડીએ દાડીના પાંચસો રુપિયા આપવાવાળા માજી દેખાય છે.. એ બેઠી થઈ ગઈ.. બે ગ્લાસ પાણી પીધું.. અને મનોમન એક નિષ્ચય પાકો કર્યો..

" હું પ્રશાંતને ના કહી દઈશ.. મારે જ્ઞાતિ બહાર પરણવું નથી.. જે સમાજે મજુરી કરીને મને ડોક્ટર બનવામાં મદદ કરી હોય , એને છોડીને જવું નથી.. ભગવાન મારા માટે મારી જ્ઞાતિનો લાયક મુરતિયો ગોતી આપશે.."

પ્રશાંત એમ.ડી. કરતો હતો.. સવર્ણ ઉચ્ચ જ્ઞાતિનો હતો.. શોભાનું એમ.બી.બી.એસ. પુરું થાય , એટલે લગ્ન કરી લેવાનું નક્કી થયું હતું.. શોભાએ આ વાત હજી ઘરનાથી છાની રાખી હતી..

પ્રશાંતની એક શરત હતી.. કે " અમારી ઉચ્ચ સવર્ણ જ્ઞાતિના સગાં , નાની ગણાતી ખેડૂત જ્ઞાતિના લોકો સાથે સંબંધ ના રાખી શકે.. એટલે તારે ઘર , કુટુંબ અને જ્ઞાતિના બધા સંબંધ તોડી નાખવાના રહેશે.."

શોભાએ એ શરત માન્ય રાખી હતી.. પણ અત્યારે.. શોભા એ નિર્ણયનો પુનર્વિચાર કરી રહી હતી..

" મને મેડીકલમાં પ્રવેશ મળ્યો ત્યારે.. બા-બાપુજી , કાકા-કાકી , મામા-મામી , કેટલા ખુશ થયા હતા.. જ્ઞાતિના અજાણ્યા લોકોએ પણ અભિનંદન આપ્યા હતા.. હવે હું પ્રેમ નામના મોહમાં , અંગત સ્વાર્થમાં એ બધાને છોડી દઉં.. તો લોકો મને ફિટકાર આપશે.. બીજા ગરીબ માબાપ છોકરીઓને ઉંચું શિક્ષણ આપતાં અચકાશે.. સમાજ મદદ કરવાની ના પાડશે.."

અને આવા જ વિચારો સાથે.. એને ઉંઘ આવી ગઈ..

સવારે ઉઠીને એ કોલેજ હોસ્ટેલ પર ગઈ.. પોતાનાથી એક વર્ષ પાછળના , પોતાની જ્ઞાતિના વિદ્યાર્થી પ્રદીપને મળી.. કન્યા છાત્રાલય અને નાણાં તંગીની વાત કરી.. અને અંતે મૂળ વાત પર આવી..

" તમને મારા અને પ્રશાંતના સંબંધની ખબર તો હશે.. અમારે કંઈ વાંધો પડ્યો નથી , પણ ડોક્ટરોમાં નાત બહાર પરણવું.. એવી ફેશન ચાલે છે , એને ખાતર જ આપણા સમાજથી દુર થઈ જવું , મને યોગ્ય લાગતું નથી.. આપણા વડિલો એકબીજાને ઓળખે છે.. હું તમારાથી એકાદ વર્ષ મોટી હઈશ.. પણ મને વાંધો નથી.. તમને ના હોય તો તમે તમારા વડિલોને વાત કરો.. હું મારા ઘરે કહી દઉં.. કે આપણી સગાઈ કરી નાખે.. એટલે મારા પ્રશાંતવાળા પ્રકરણનો અંત આવી જાય.."

થોડા વરસ વિત્યા.. શોભા અને પ્રદીપનું સામાજીક અને લગ્ન જીવન ખુબ સુખી હતું.. બીજું કંઈ ભલે ભૂલી જવાય.. પણ દર મહિને પગારના દશ ટકા રકમ , કન્યા છાત્રાલયને મોકલવાનું.. શોભા ભૂલતી નથી..

**-જયંતિભાઈ ચૌહાણ**

# ગરીબ બાપનો સંસ્કારી શ્રવણ (સત્ય ઘટના)

સુરતથી લાવેલ નવા-જૂના આશરે ત્રીસેક નંગ કપડાં અને બુટ વિગેરે વસ્તુઓ દરીદ્રનારાયણ માટે, હું અને મારાં ધર્મપત્ની ગોકુલ ગાર્ડન પાસે અજયભાઈએ બનાવેલ કરુણાવંત સ્ટોરમાં મુકવા ગયેલા.. ત્યાં અનેક લોકો મૂકી જાય અને જરૂરતમંદ ગરીબો લઇ જાય તેવી અનોખી વ્યવસ્થા અમે અવારનવાર આ યજ્ઞમાં આહુતિ આપીએ...પણ આજની વાત અલગ હતી...

અમે પહોંચ્યા ત્યારે એક નવેક વર્ષનો બાળક ત્યાં જૂના કપડાં ફંમફોળી રહ્યો હતો.. તેના ફાટેલા કપડા, મૅલો દેહ,દુર્બળકાયા અને અસ્તવ્યસ્ત વાળ જોઈ સમજાઈ ગયું કે ખૂબ ગરીબ છોકરો હશે..હોન્ડાની ઘોડી ચડાવી મેં કહ્યું, " બેટા, શુ શોધે છે ?"

મિઠેરો જવાબ મળ્યો.."લૂગડાં (કપડા)"

મેં કહ્યું, "બેટા તારા માપના તો આ ટીંગાય જ છે, લઇ લે.."

છોકરો કરુણ અને પૂજ્ય ભાવથી બોલ્યો,"મારે તો આ પેર્યા ઇ લૂગડાં હાલે ઇમ છે.. હું તો મારા બાપા હારું ગોતું છું.."

જવાબ સાંભળી અમે દંપતી ખૂબ ખુશ થયા.. ફાધર્સ ડે ના દિવસે જ આવો જવાબ સાંભળી આનંદ સાથે મેં મારા થેલા માંથી કપડા ઠાલવતા કહ્યું.." બેટા, લે આ ડ્રેસ તારી બેન માટે લઇ જા."

" ના... મારે બેન નથી...મા પણ મરી ગયા છે, એક બાપા જ છે,એમના માટે હોય તો આપો." એની આંખોમાં બાપ પ્રત્યેનો પ્રેમ નીતરતો હતો...ધીરે ધીરે એના શબ્દો મારા હૃદયને વલોવતા હતા..મેં ત્રણ ચાર જોડી નવા કપડાં તેની સામે રાખી કહ્યું,"લે બેટા.. આ તારા પિતા માટે લઈ જા" કપડાં જોઈ છોકરો રીતસર ઠેકવા લાગ્યો..જાણે લાખ રૂપિયા આપ્યા હોય એટલો આનંદ...પણ કપડાં લેવાને બદલે કહે "રો'સાબ, હું મારા બાપાને બોલાવી લાવું" એમ કહી એ દોડયો....બે જ મિનિટમાં રસ્તાની બાજુમાં સુતેલા પચાસેક વર્ષના ગરીબ પિતાનો હાથ પકડી છોકરો હાજર થયો.. કપડાં જોઈ તેના પિતા પણ રાજી રાજી થઈ ગયા..મારી હાજરીમાં તેમણે ફાટેલો શર્ટ ઉતારી નવો શર્ટ પહેર્યો.. અને બોલ્યા.."સાબ, બપોરનો રાહ જોવું છું..કે મારા માપના લૂગડાં આવે તો પેરૂં, આ સાવ ફાટી ગ્યાતા."

વાતચિત કરતા માલુમ પડ્યું કે વર્ષોથી મજૂરી અર્થે તે રાજસ્થાનથી આવેલા..પત્ની બીમારીમાં મૃત્યુ પામી...સંતાનમાં નવેક વર્ષનો આ એક છોકરો હતો..હાલ પોતે બિમાર હોવાથી કામ મળતું નથી..માટે ફૂટપાથ ઉપર આવી ગયા છે...

મારા પત્નીએ તેમના હાથમાં વધારાના બે જોડી કપડાં આપ્યા તો લીધા નહીં... કહે "ના બોન...જરૂર એક જોડની જ હતી.. વધારાનું લઇ શુ કરું ?" મેં નાસ્તા માટે પૈસા આપ્યા તો પણ મનાઈ કરી...પરાણે આપ્યા તો કહે.."સાબ, મજૂરી બંધ છે એટલે લઈ લવું છું...નકેર મફતનું નો લેવાય હો..." બુટ આપ્યા તો હાથ જોડી કહે "સાબ,આ પગ છોલાઈ ગ્યા છે,હું પેરી નો હેકુને નકામા પડયા રે ...ઇના કરતા આયા જ રાખો બીજાને કામ આવશે"

છોકરા માથે હાથ ફેરવી મેં કહ્યું, "બેટા અહીં જ થોડીવાર ઉભો રહે..હું તારા માટે બે

જોડી કપડાં લેતો આવું છું." એ બોલ્યો, "ના સાબ, મારા બાપાને આઇપા એટલે રાજી..મારે તો આ ફાટેલા પેર્યા ઇ હાલે ઇમ છે." એનો પિતાપ્રેમ જોઈ અમારી આંખો ભીંજાઇ ગઇ !!

છતાં, તેને ત્યાંજ ઉભો રાખી અમે બંને આ છોકરા માટે બે ત્રણ જોડી કપડાં લેવા ઘેર આવ્યા...ઘેરથી કપડાં લઇ પાછા ત્યાં પહોંચ્યા તો બાપ દીકરો ગાયબ હતા..!

ગરીબીમાં પણ કેવી ખુમારી !!

જરૂરતથી વધુ લેવાય નહીં... પોતે જરૂરિયાત વાળા છે , છતાં બીજાનો વિચાર કરે છે, નાનકડો દીકરો બીમાર બાપની કેટલી ચિંતા કરે છે..! વગેરે વિચારોથી હ્રદય રડી પડ્યું...ઘણી શોધ કરી પણ શ્રાવણ ફરી નાજ દેખાયો..! મનમાં થયું 'ફાધર્ષ ડે'ની કોમેન્ટો લખનારા પણ ઘણા યુવાનો કદાચ પિતાની આટલી ચિંતા નહીં કરતા હોય...!!

હવે ફરી મળેતો હું એના ભણવાની બધી વ્યવસ્થા કરી દઉં... એવા ઘણા બધા વિચારોથી ઘેરાયેલ હું ઘેર તો આવ્યો...પણ હજુય સતત એની છબી આંખોમાં અને વાતો હ્રદયમાં રમ્યા જ કરે છે...

હજુય ઘરમાં શબ્દો ઘુમરાય છે, ''સાબ, મારા બાપાને આઇપા એટલે રાજી.''

-ફાલ્ગુની શાહ

---

દસ રૂપિયાનાં બદલામાં તેર લાખ રૂપિયા

એક વેપારીએ તાજેતરમાં નવું દુકાન ખોલ્યું હતું.

ત્યાં એક સ્ત્રી આવી અને બોલી,

"સેઠ, આ લો તમારા દસ રૂપિયા...!"

વેપારીએ આશ્ચર્યથી તેની તરફ જોયું જાણે પૂછતો હોય,

"મેં ક્યારે તમને દસ રૂપિયા આપ્યાં?"

સ્ત્રી બોલી,

"ગઈ કાલે સાંજે, જ્યારે મેં તમારા દુકાનમાંથી માલ લીધો ત્યારે મેં તમને સો રૂપિયા આપ્યા હતા.

૭૦ રૂપિયાનું સામાન લીધું, પણ તમે મને ૩૦ રૂપિયાનાં બદલે ૪૦ રૂપિયા પાછાં આપ્યા."

વેપારીએ તે દસ રૂપિયા માથા પર લગાવ્યા, પછી કેશબોક્સમાં મૂકી દીધા અને બોલ્યા,

"તાઇ, ગઈ કાલે તો તમે પાંચ રૂપિયાં ઓછી કરવા માટે ઘણું વાદવિવાદ કર્યું હતું.

પણ આજે એ દસ રૂપિયા પાછાં આપવા આવી ગયા છો!"

સ્ત્રી હળવે સ્મિત કરી બોલી,

"ભાવચકાસણી કરવી એ મારો અધિકાર છે, પણ એક વાર સોદો થઈ જાય પછી

કોઇનો પૈસો ઓછી આપવો એ પાપ છે."

વેપારીએ કહ્યું,

પણ તું તો ઓછી રકમ આપેલી જ નથી. આ દસ રૂપિયા તો ભૂલથી તારા પાસે ગયા હતા.

તુ રાખી લેતી તો મને કોઇ ફરક પડતો નથી."

સ્ત્રીએ ગંભીરતાથી કહ્યું,

"તમને કદાચ ફરક નહીં પડ્યો હોત, પણ મારી અંતરઆત્મા મને સળગાવતી રહેત.
ગઈ કાલે રાત્રે જ આપવા આવી હતી, પણ દુકાન બંધ હતું."
વેપારીએ પૂછ્યું,
"બહેન્, તમે ક્યાં રહો છો?"
સ્ત્રી બોલી,
"હું સેક્ટર ૮ માં રહું છું."
વેપારી આશ્ચર્યચકિત થઈ બોલ્યો,
"એટલે તમે સાત કિલોમીટર દૂરથી ફક્ત આ દસ રૂપિયા આપવા આવ્યા છો?"
સ્ત્રી બોલી,
"હા, મનની શાંતિ માટે આવવું જ પડ્યું.
મારા પતિ હવે આ દુનિયામાં નથી, પણ તેમણે મને એક વાત શીખવી હતી —
ક્યારેય બીજા માણસનો એક પૈસો પણ ખોટી રીતે ન લેવો.
કારણ કે માણસ ચૂપ રહી શકે છે, પણ ભગવાન હિસાબ જરૂર પૂછે છે,
અને ક્યારેક એ હિસાબ આપણા સંતાનોને પણ ભોગવવો પડે છે."
એ કહી સ્ત્રી ચાલી ગઈ.
વેપારી વિચારીમાં પડ્યો. પછી કેશબોક્સમાંથી ત્રણસો રૂપિયા કાઢ્યા
અને પોતાના નોકરને કહ્યું, "તું દુકાન સંભાળજે, હું થોડી વારમા આવું છું."
વેપારી સીધો બજારમાં એક અન્ય દુકાન પર ગયો અને બોલ્યો,
"પ્રકાશજી, આ લો તમારા ત્રણસો રૂપિયા. ગઈ કાલે તમે માલ લેતા વખતે બિલમાં વધારે ચૂકવણી કરી દીધી હતી."

---

પ્રકાશ હસીને બોલ્યો,
"તમે તો મને પછી આપતા, એટલી વહેલી સવારમાં કેમ આવ્યા?"
વેપારી બોલ્યો,
"જો તમે ફરી આવ્યા જ ન હોત, અથવા હું જ જીવતો ન હોત તો?
તમને તો ખબર પણ ન હોત કે તમારા ત્રણસો રૂપિયા મારી પાસે છે!
ભગવાન ક્યારે હિસાબ પૂછે તે કોઈને ખબર નથી...
અને હું ન ઈચ્છું કે મારા સંતાનો એનો ભોગ ભોગવે."
એ કહી વેપારી ચાલ્યો ગયો.
પણ પ્રકાશનું મન ઉથલપાથલ થઈ ગયું.
દસ વર્ષ પહેલાં તેણે એક મિત્ર પાસેથી ત્રણ લાખ રૂપિયા લીધા હતા,
પણ તે પૈસા પાછા આપતા પહેલાં એ મિત્રનું અવસાન થઈ ગયું.
તેના પરિવારને એની જાણ ન હતી, એટલે કોઈએ માંગ્યા નહોતાં.
પ્રકાશ લોભમાં પડી ગયો અને વર્ષો સુધી તે પૈસા પર હાથ ધરી રાખ્યો.
પણ હવે તે શબ્દો —

"ભગવાન ક્યારે હિસાબ પૂછે તે ખબર નથી..."
તેના મનમાં ગૂંજતા રહ્યા.
થોડા દિવસ પછી તેનું અંતરજ્ઞાન જાગ્યું.
તે બેંકમાંથી ૧૩ લાખ રૂપિયા કાઢી પોતાના મિત્રના ઘરે ગયો.
મિત્રની પત્ની ઘરમાં હતી — જે પોતાના બાળકો સાથે વાતો કરી રહી હતી.
પ્રકાશ તેના પગે પડ્યો અને એ રકમ આપી દીધી.
તે વિધવા સ્રીના આંખોમાં આંસુ આવી ગયા.
એક એવા માણસે, જેણે વર્ષો પહેલાં લીધેલા પૈસા ઈમાનદારીથી પાછા આપ્યા હતા,
તેના માટે એ આશીર્વાદોથી ભરાઈ ગઈ.
અને શું આશ્ચર્ય!
એ જ સ્રી હતી — જે વેપારીને દસ રૂપિયા પાછાં આપવા બે વાર દુકાન પર આવી હતી!
શિક્ષા:
મહેનત અને ઈમાનદારીથી જીવતા લોકોની ભગવાન જરૂર પરીક્ષા લે છે,
પણ ક્યારેય તેમને છોડી દેતા નથી.
સમય આવતાં એ ન્યાય જરૂર કરે છે.
તેથી હંમેશા ભગવાન પર વિશ્વાસ રાખો

## પસ્તાવો

વૃદ્ધ મા બાપને વૃદ્ધાશ્રમમાં મોકલી દેતા માણસો ઈચ્છે છે કે એમના સંતાન એમને વૃદ્ધાવસ્થામાં સાચવે... પણ સંતાન જેવું જુવે એવુંજ સમજે અને શીખે છે.

અમદાવાદની મધ્યે આવેલું વિશ્રામ વૃદ્ધાશ્રમ. એ વૃદ્ધાશ્રમ ની રમ નંબર ૨૧ ની બારી પાસે બેઠેલા બેઠેલા બે વૃદ્ધો. ઉંમરના કારણે થઈ ગયેલા વૃદ્ધો નહિ પણ પરિસ્થિતિ ના કારણે દેખાતા વૃદ્ધો. એ બારી પાસે બેઠેલા બળવંતભાઈ અને એમના પત્ની ગોમતીબેન.

એમનો એકનો એક દીકરો અનિલ પોતાના માં બાપને આ ઘરડાઘરમાં આજથી લગભગ પંદર દિવસ પહેલા મૂકી ગયો હતો.

બળવંતભાઈને હજી યાદ છે પંદર દિવસ પહેલાનો એ દિવસ જ્યારે એમનો દીકરો અને વહું બંનેને ઘરડાઘરમાં મૂકી ઘેર ચાલતો થયો ત્યારે બોલ્યો હતો કે..."પપ્પા, હું તમને અહીં મૂકીને જાઉં છું એમાં કશું નવું કરતો નથી... આ બાબત તો હું તમારી પાસેથીજ શીખ્યો છું.

હું નાનો હતો ત્યારથી તમે અને મમ્મી દાદાજીને વૃદ્ધાશ્રમમાં મુકવાની વાત કરતા હતા અને એક દિવસ સાચેજ આજ વૃદ્ધાશ્રમમાં એમને મૂકી ગયા હતા. હું તો તમારીજ પરંપરા આગળ વધારી રહ્યો છું..."

એ દિવસે દીકરા દ્વારા બોલાયેલા આ શબ્દો બળવંતભાઈ અને ગોમતીબેન બંનેને આજ દિન સુધી સુળ ની જેમ પીડા આપી રહ્યા છે.

વૃદ્ધાશ્રમ માં આવ્યે હજી તો પંદર દિવસ થયા છે પણ આ પંદર દિવસ બંને માટે જાણે પંદર વર્ષ કરતાંય વધુ હોય એવા લાગી રહ્યા છે. વીતતા એક એક દિવસની સાથે સાથે બંનેની વ્યથા પણ વધતી જાય છે...

આ તરફ અનિલે લીધેલું આ પગલું પ્રથમ નજરે અમાનવીય લાગે છે. પરંતુ અનિલ પણ પોતાના ઘેર પોતાની પત્ની સાથે ખૂબ એકલતા અનુભવી રહ્યો છે. મા બાપ વિનાનું ઘર જાણે બંને માણસને કરડવા દોડતું હોય એવું લાગે છે.

દિવસની એકેય એવી મિનિટ નથી જ્યારે અનિલ મનોમન પોતાના મા બાપની ક્ષમા ન માગતો હોય...!!! અને દુ:ખ સાથે કહેતો હોય કે...

"મમ્મી પપ્પા મેં તમને વૃદ્ધાશ્રમ મોકલ્યા છે મને માફ કરજો પણ એની પાછળ મારો કોઈ ખરાબ ઈરાદો નથી. સમય બતાવશે કે એમાંથી ઘણાને શુભ સંદેશ મળશે..."

વૃદ્ધાશ્રમમાં આવ્યે પંદર દિવસ વીતી ચુક્યા અને ઉગ્યો સોળમો દિવસ. રૂમની બારી માંથી બહાર જોઈ રહેલા ગોમતીબેન ખૂબ ઊંડા વિચારોમાં ગરકાવ હતા.

ભૂતકાળમાં પોતાના સસરા સાથે કરેલા વ્યવહારને યાદ કરતા કરતા આજે એમની આંખોજ નહિ હૃદય પણ રડી રહ્યું હતું. એમને યાદ આવી ગયા એ દિવસો જ્યારે એમના સસરા એમને બોજ લાગતા હતા.

પોતાના પતિ બળવંતભાઈને એ વારંવાર કહેતા..."હવે આ ડોસાનું ઘરમાં કોઈ કામ નથી. ઘરનો એક રૂમ સાવ લેવાદેવા વગરનો એ વાપરે છે.

મારે ક્યાંક બહાર જવું હોય તોય આ ડોસાના કારણે જવાતું નથી. પાછા એમના નખરા તો જુવો... આખો દિવસ કઈ કામ કરવાનું નહિ અને ખાવાનું પાછું ટાઇમસર જોઈએ...હું તો કહું છું એ ડોસાને વૃદ્ધાશ્રમમાં મૂકી દો... એટલે છૂટીએ આપણે એમનાથી..."

અને જવાબમાં બળવંતભાઈ પણ કહેતા..."હા ગોમતી... હું પણ કેટલાય દિવસથી એજ વિચાર કરું છું. આમે બા તો છે નહીં એટલે બાપુજીને વૃદ્ધાશ્રમમાં મૂકી દઈએ. પછી હું તું અને આપણો અનિલ ખૂબ મજાથી ઘરમાં રહીશું..."

અને બળવંતભાઈ એમના પિતા બાબુભાઇ ને આ વૃદ્ધાશ્રમમાં મૂકી ગયા હતા. બાબુભાઇ ને એમના પૌત્ર અનિલ પ્રત્યે ખૂબ લગાવ હતો.

પોતાનજ ઘરથી પોતાનો પુત્ર આમ પોતાને ઘર વિહોણો કરી,એક પિતાએ કરેલા ઉપકારો પલમાં ભૂલી એકલો મૂકી દીધો ત્યારે બાબુભાઈની મનોવ્યથા સ્પષ્ટ રીતે એમની આંખોમાં છલકાતી હતી.

દાદાને દૂર ન કરવા માટે બાર વર્ષના અનિલે પણ ખૂબ તોફાન મચાવેલું પણ તેમ છતાં એના મમ્મી પપ્પા બાબુભાઈને વૃદ્ધાશ્રમ મૂકી આવેલા.

એકલતાની વેદના અને પોતાના દીકરાનું આવું અમાનવીય કૃત્યનો આઘાત બાબુભાઇ સહન ન કરી શક્યા અને છ માસ માજ મૃત્યુને ભેટ્યા હતા. આજે એજ વૃદ્ધાશ્રમમાં ગોમતીબેન અને બળવંતભાઈ પોતે કરેલા પાપોને યાદ કરી રાતા પાણીએ રોઈ રહ્યા છે.

પારાવાર પસ્તાવાની આગમાં બંને સળગી રહ્યા છે. અને એ વાતને સમજી રહ્યા છે કે પોતે જેવું કર્યું હતું એવુંજ આજે એમની સાથે બન્યું છે. આજે બંનેને અહેસાસ થઈ રહ્યો છે કે જ્યારે પોતાનાજ પોતાને ઠુકરાવે ત્યારે એની વેદના હજારો વીંછીના ડંખથી પણ વધુ હોય છે...

આમ પસ્તાવાના આંસુએ રડતા રડતા વૃદ્ધાશ્રમમાં આવ્યે એમને એક મહિનાનો સમય વીતી ચુક્યો છે.

એક સવારે એ વૃદ્ધાશ્રમના આંગણ માં એક ગાડી આવીને ઉભી રહી. આગાશીમાંથી પોતાના પુત્રને ગાડીમાંથી ઉતરતા જોઈ બળવંતભાઈ અને ગોમતીબેન દોડીને દાદરો ઉતરી રીતસરના પોતાના પુત્રને ભેટી પડ્યા.

બધાની આંખોમાંથી શ્રાવણ ભાદરવો વરસી રહ્યો હતો અને અનિલ બોલ્યો..."મમ્મી પપ્પા ચાલો ઘેર હું તમને લેવા આવ્યો છું..."

દીકરાના આટલા શબ્દો એ બંનેને એટલી બધી શાતા આપી કે એનું વર્ણન ન થઈ શકે. બંનેના હૃદયમાં હરખની એવી હેલી ચડી કે દીકરાને કપાળે ગાલે ચુંબન કરી હરખના આંસુ વહાવવા લાગ્યા. ત્યાં હાજર તમામ વૃદ્ધો ની હાજરીમાં અનિલે કહ્યું..."મમ્મી પપ્પા એક મહિના માટે મેં તમને અહીં મોકલ્યા એ માટે મને માફ કરજો.

હું તમને એ બતાવવા માંગતો હતો કે પુત્ર જ્યારે પોતાના માતા પિતાને નકામા ગણી પોતાનાથી દૂર કરે ત્યારે એ મા બાપ ના દુ:ખની કોઈ સીમા નથી રહેતી... વિચાર કરો આ એક મહિનો તમે મારા વિના ,ઘર વિના કેવી રીતે કાઢ્યો.

તો દાદાજીએ અહીં કેવી રીતે દિવસો કાઢ્યા હશે...!!! એમને કેટલું દુ:ખ થયું હશે...!!!

દીકરાની વાત સાંભળી બળવંતભાઈ અને ગોમતીબેન નું મસ્તક શરમથી ઝૂકી ગયું અને ગોમતીબેન બોલ્યા..."દીકરા તારી વાત સાચી છે... આમતો મા બાપ પોતાના સંતાનોને સદઆચરણ શીખવે છે પણ આજે તે અમને અને અમારા જેવા હજારોને જીવનનો મોટામાં મોટો પાઠ ભણાવ્યો છે..."

અને અનિલ પોતાના મા બાપને લઈને ઘેર જવા રવાના થયો...

જીવનની ઢળતી સાંજે એ વૃદ્ધાશ્રમમાં રહેલા તમામ વૃદ્ધો અનિલની ઘર તરફ જતી ગાડી પાછળ જોઈ રહ્યા. દરવાજા તરફ તાકી રહેલી એમની ઉદાસ આંખો જાણે કહી રહી હતી..."અમારા દીકરાઓ પણ અમને ક્યારે લેવા આવશે...!!!"

-અલ્કેશ ચાવડા 'અનુરાગ'

---

# મુરલીધર

હે પ્રભુ ફરી તું બાજી જીતી ગયો અને હું હારી ગયો

આજે રૂમ માં એકલો પલંગ માં બેઠા બેઠા ઈમાનદારી નો થાક ઉતારતા ઉતારતા વિચારી રહ્યો હતો

ઈમાનદારી ના રસ્તે ચાલતા ચાલતા મને થાક પણ લાગ્યો છે..તો ક્યારેક પગ માં કાંટા પણ વાગ્યા છે.તો ઘણી વખત સંસાર પરિવાર કે મિત્રો ના શબ્દો થકી ઘાયલ અને અપમાનિત પણ થયો છું..

દરેક વ્યક્તિ પોતાના જીવન માં અલગ અલગ સૈદ્ધાંતિક વિચારો થકી જીવતો હોય છે..તો ઘણી વ્યક્તિઓ ક્ષણિક લાભ માટે સિદ્ધાંત છોડી પણ દેતા હોય છે....પણ મને

મારી...જિંદગી થી સંતોષ હતો..હું કોઈ પણ વ્યક્તિ સાથે આંખ થી આંખ મેળવી ને વાત કરી શકતો હતો એજ મારા આધ્યાત્મિક મનોબળનું કારણ હતું

પપ્પા કહેતા તમારા અરમાનો ને તમારી હેસિયત માં રાખી આગળ વધવા નો પ્રયત્ન કરશો તો ક્યારેય સ્વમાન ગીરવે મુકવા નો વારો નહિ આવે..

કોઈ વખત મારો પુત્ર દેવાંગ મને કડવા શબ્દો કહેતો .. પપ્પા તમે સરકાર માં સારી પોસ્ટ ઉપર બેઠા છતાં રૂપિયા કમાતા ન આવડ્યું એટલે અમારે આજે વૈતરું કરવું પડે છે.

હું દેવાંગને કહેતો બાળકો ને મોટા કરવા ઉચ્ચ ભણતર આપવું એ દરેક માઁ બાપ ની નૈતિક ફરજ હોય છે...તમારા અમર્યાદિત મોજશોખ પુરા કરવા હું વાલીયો લૂંટારો તો ન બની શકું.

મેં મારા અંતર આત્મા ના અવાજ પ્રમાણે ફરજ બજાવી છે, તું તારી મરજી નો માલિક છે..તારે અવળે રસ્તે રૂપિયા કમાવવા હોયતો કમાજે..પણ એટલું યાદ રાખજે...પાપ કરતી વખતે પીઠ થાબડનારા ઘણા મળશે પણ પાપ જ્યારે તેનો પરચો બતાવશે ત્યારે એકેય તારી બાજુ માં નહિ ઉભો રહે.

દેવાંગના નસીબ જોર કરતા હશે, સ્પર્ધાત્મક પરીક્ષા આપી એ કલાસ વન ઓફિસર બની ગયો..જે હું કરી શક્યો ન હતો..એ તમામ મર્યાદાઓને ઓળંગી તેને ધનવાન બનવા ના અરમાનો જાગ્યા હતા...જે મારા સિદ્ધાંતો થી વિપરીત હતું..અમારા બન્ને વચ્ચે વિચારો અને સિદ્ધાંતોની લડાઈ ને કારણે અમે એકબીજા થી અલગ થયા

એકબીજા થી જુદા પડતા સમયે મેં તેને કીધું હતું બેટા

કોઈ નો પણ હાથ અને સાથ છોડી ને ભાગવા ની મારી ન તો આદત છે, ન તો મારા સ્વભાવ માં છે, મારાથી દુર થનાર વ્યક્તિ નો હું હાથ પકડી ને રોકવા પૂરતો પ્રયત્ન કરું છું..પણ કોઈ ના પગ પકડી કરગરવું એ મારા સ્વભાવ માં નથી...

બેટા... સ્વમાન નો રોટલો અને ઓટલો જ્યારે પણ યાદ આવે ત્યારે તારા બાપ નું ઘર ખુલ્લું છે.

હું એક વખત ઘરડા ઘરમાં જવા તૈયાર થઈ ગયો પણ સિદ્ધાંતો સાથે બાંધ છોડ કરવા તૈયાર ન થયો તેથી..હું મારી નિવૃતિ પછી મારુ પોતાનું મકાન શોધવા નીકળ્યો.. મકાન ના ભાવ સાંભળી મોઢે ફિણ વળી ગઈ અને આંખે અંધારા આવવા લાગ્યા...નિવૃતિ દરમ્યાન મળેલ રકમ જો ઘર લેવા પાછળ ખર્ચી નાખું તો આકસ્મિક ઉપાધિ સમયે કોની પાસે હાથ લંબાવું..આખી જિંદગી. કોઈ પાસે હાથ લાંબો કર્યો નથી...તો જીવન ના છેલ્લા પડાવ સમયે હું હાથ લાંબો શા માટે કરું?

ખુમારી, ના કોઈ કોચિંગ કલાસ ચાલતા હોતા નથી.. ખુમારી ના બીજ તો જ્યા સંતોષ, ધૈર્ય, અને આધ્યાત્મિક વાંચન હોય છે ત્યાં તેની જાતે રોપાતા હોય છે.

મારા અને મારી પત્ની સ્મિતા ની અમે કુંડળી મેળવી ન હતી છતાં વિચારો મળતા હતા એટલે અમારું દાંપત્યજીવન આનંદમય હતું...સંતોષ ,ધૈર્ય અને ઈશ્વર ની ભક્તિ એ અમારી મૂડી..હતી..

હું સ્મિતા ને જોવા ગયો ત્યારે સ્મિતા ના પપ્પા ગામડા માં ટીચર હતા...સ્મિતા તેના ઘર માં મોટી દીકરી હતી...ખાધે પીધે સુખી પરિવાર હતો .મારા સિદ્ધાંતો અને વિચારો ને અનુરૂપ હોવાથી..મેં લાબું વિચાર્યા વગર હા પાડી....પિયર થી વારસા માં સંસ્કાર લઈ ને આવી હતી..બસ મારા માટે એ પૂરતું હતું..

મારા સસરા નું પણ માસ્તર તરીકે આજુ બાજુ અને પોતાના ગામ માં પણ નામ હતું...લોકો તેમને આદરભાવ થી જોતા...સ્કૂલ છૂટ્યા પછી પણ ભણવા માં નબળા બાળકો ને પોતાના ઘરે કોઈ પણ પ્રકાર નું વળતર કે અપેક્ષા રાખ્યા વગર ભણાવતા...આવી વ્યક્તિઓ સંસાર માં ઓછી જોવા મળતી હોય છે

ઈમાનદારી,વફાદારી,નિષ્કામ સેવા આ બધા વ્યસન છે...જેને નશો ચઢ્યો એ પાયમાલ થશે પણ પોતાના સિદ્ધાંતો સાથે બાંધ છોડ નહિ કરે

અંતે લાબું વિચારી અમે 1 BHK નો ફ્લેટ ખરીધો જે અમારા બન્ને માટે પૂરતો હતો ઈશ્વર કૃપા થી પેન્શન આવતું હતું...જેમાં રોજિંદા ખર્ચ, ઘડપણ ની દવા માટે વાપરતા..આકસ્મિક ખર્ચ માટે અમુક કીડી જેવી બચતરૂપી રકમ અમે બાજુ ઉપર પણ મુકતા હતા

એક તો નિવૃતિ ની મૂડી માંથી મેં ૧ભ્ઁદ્ન નો ફ્લેટ લીધો..૫૦% મૂડી મારી તેમાં જતી રહી.બાકી બચી મૂડી ઉપર હાસ્યાસ્પદ વ્યાજ અમે મેળવતા હતા..

ત્યાં અચાનક મને હાર્ટ એટેક આવ્યો..

ફ્લેટ ના સભ્યોએ ૧૦૮ બોલાવી નજીક ની હોસ્પિટલ માં મને દાખલ કર્યો...ડોક્ટરે રિપોર્ટ જોઈ સર્જરી કરવાની સલાહ આપી..

મારો પુત્ર ખબર કાઢવા આવ્યો પણ હાર્ટસર્જરી ના ખર્ચ વિશે મારી સાથે કોઈ ચર્ચા કરી નહિ..ઉપર થી અમને શાબ્દિક ચિટ્યો ભરતો ગયો.. ઈમાનદારી નું પૂછડું પકડી ને બેઠા છો...આત્યારે કોઈ ઈશ્વર મદદ કરવા નહિ આવે

હું પણ સ્વમાની હતો...મેં કોઈ સામે જવાબ આપ્યો નહિ..આખી જિંદગી કોઈ ના પગ પકડ્યા નથી તો તારા થોડા પકડવાનો છું ..જા બેટા જા...મોતને તો કારણ જોઈએ છે...કાલે આવવું હોય તો આજે આવે..

મેં આંખ બંધ કરી મુરલીધર ને યાદ કરી કીધું..

ચોપાટ માંડી છે તારણહાર તે,  
થાકિશ જરૂર પણ હારીશ નહિ,  
ફેંકવા હોય એમ ફેંકજે પાસા,  
દાવ મારો પણ હજુ બાકી છે,  
હારવા રમ્યો નથી, જીત પાકી છે  
આજે ભલે અવળા પડે પાસા મારા ,  
કાલ હજી તો બાકી છે..

સ્મિતા મારી બાજુ માં અચાનક આવી બેસી ગઈ હતી એ  
તરફ મારુ ધ્યાન ન હતું.

એ બોલી કોની સાથે વાતો કરો છો.?

મેં હસી ને કીધું...તું સારી રીતે જાણે છે..વાત કરવા માટે મારી પાસે બે જ માધ્યમ છે..એક તું અને બીજો મુરલીધર

સ્મિતા ભીની આંખે બોલી કોઈ પ્રકાર ની ચિંતા કરતા નહિ..બધી વ્યવસ્થા થઈ ગઈ છે...

હું જાણતો હતો...જેટલી ફિક્સ તૂટશે તેટલું વ્યાજ આવતું ઓછું થશે..છૂટકો પણ ન હતો..હાર્ટ સર્જરી નો અંદાજીત ખર્ચ..ત્રણ લાખ ઉપરનો હતો..

ઓપરેશન સફળતા પૂર્વક પૂરું થયું.... હોસ્પિટલ માંથી રજા આપતા પહેલા મને અને સ્મિતા ને ડોકટર સાહેબે તેમની ચેમ્બર માં બોલાવ્યા...ડોકટર ની ઉમ્મર ૪૦ થી ૪૫ ની વચ્ચે મને લાગતી હતી. ડોકટર સ્માર્ટ અને દેખાવડો હતો..

ડોકટર..હાથ જોડી બોલ્યા હું ડોકટર શ્યામ મેં તમારા હાર્ટ નું ઓપરેશન કરેલ છે...

થોડું સ્માઈલ આપી ..મારા હાથ માં "મોરપીંછું" મૂકી તેઓ બોલ્યા લ્યો આ તમારા ખીસા માંથી નીકળ્યું હતું...શ્રદ્ધા નો વિષય છે.

પછી..પોતાના ટેબલ ના ખાના માંથી એક પોટલી કાઢી...

સ્મિતા ની સામે મૂકી બોલ્યા.

મોટી બહેન ...આ તમારી અમાનત સાચવો...

આ તમે ડિપોઝીટ ની રકમ પેટે હોસ્પિટલ ને આપેલ ઘરેણાં છે..તમારો નાનો ભાઈ જીવતો હોય ત્યાં સુધી ઘરેણાં ગીરવે મુકવા ના દિવસો કદી તમારે નહિ આવે.

હું અને સ્મિતા એક બીજા ની સામે જોવા લાગ્યા...

ન ઓળખ્યો ને મને ? કૃપાશંકર માસ્તરનો વિદ્યાર્થી શ્યામલો.

હું ભણવા માં નબળો હતો..સ્કૂલે થી છૂટી..તમારા ઘરે મને મફત માં ભણાવતા...હું એજ શ્યામલો...જેને તમે રોજ સાંજે જમાડી ને ઘરે મોકલતા..

રસ્તા ઉપર ઠોકર ખાતા પથ્થર ને ઉઠાવી કંડારી ..કંડારી ને તમે મૂલ્યવાન મૂર્તિ બનાવી..એ પરિવાર ને હું સ્વપ્નાં માં પણ કદી ન ભૂલી શકું

ડોકટર સાહેબ ઉભા થયા અને અમને બન્ને ને પગે લાગ્યા...સ્મિતા પણ ભીની આંખે શ્યામ ના માથે હાથ ફેરવતા બોલી.. બેટા...ખૂબ મોટો સાહેબ બની ગયો...

મોટી બેન ડોકટર બન્યા પછી હું ગામડે ગયો હતો ..પણ તમારે ત્યાં તાળું હતું...તમારા ઉપકાર નો બદલો વાળવા ની તાકાત તો મારા માં ન હતી..પણ ઈશ્વર કોઈ પણ રીતે આ પરિવાર નું ઋણ ઉતારવાની મને તક આપે એ પ્રાર્થના હું રોજ કરતો હતો...મોટી બેન આજે આ અવસર આવી ગયો.છે...

અમે ભીની આંખે ખૂબ વિનંતી કરી પણ તેણે એક રૂપિયો અમારી પાસે થી લીધો નહિ...ઉપર થી કીધું તકલીફ સમયે હું તમારી સાથે ઉભો છું...

ડ્રાઇવર ને બોલાવી કીધું...જા મારી મોટી બેન ને તેના ઘરે મૂકી ને આવ... અને હા ઘર યાદ રાખજે..તેના હાથે બનાવેલ ભોજન ઘણા સમય થી મેં ખાધું નથી...

ડ્રાઇવર રસ્તા માં બોલ્યો ડોકટર સાહેબ ખૂબ દયાળુ છે...મારી માઁ ના ઓપરેશન ના પણ રૂપિયા લીધા ન હતા...સામે ની વ્યક્તિ ની પરિસ્થિતિ પ્રમાણે તેઓ પોતાનો ચાર્જ નક્કી કરે છે...કર્મ ના સિદ્ધાંત માં બહુ વિશ્વાસ રાખે છે.

મેં કાર મા આંખ બંધ કરી મુરલીધર ને હસતા હસતા કીધું..હે પ્રભુ ફરી તું બાજી જીતી ગયો અને હું હારી ગયો..

કાર માં ધીરુ ધીરુ ભજન વાગતું હતું

प्रबल प्रेम के पाले पड़ कर प्रभु को नियम बदलते देखा,
अपना मान भले टल जाये भक्त मान नहीं टलते देखा...

મિત્રો

શ્રદ્ધા એક્સપાયર થાય તો અંધશ્રદ્ધા બને
વિશ્વાસ એક્સપાયર થાય તો અંધવિશ્વાસ બને
પણ જો શ્રધ્ધા અપગ્રેડ થાય તો ભક્તિ બને
અને વિશ્વાસ અપગ્રેડ થાય તો આત્મવિશ્વાસ
ઘેટાંના ટોળામાંથી બહાર આવી તમારું પોતાનું અલગ એક વ્યક્તિત્વ બનાવો.
વ્યક્તિવ ને રૂપિયા સાથે કોઈ મતલબ નથી.

**સંકલન - નયના બા વાઘેલા**

---

## જનેતાની ઊંચાઇ

(બેંકની બહાર આવીને એક વૃદ્ધ દંપતિ બેંકના પગથિયે બેઠાં હોય છે.)

વૃદ્ધ માજી (ઉભા થઈને વૃદ્ધ પતિને કહે છે.) - તમે,અહીં બેસો હું કેશીયરને મળીને આવું છું.

વૃદ્ધ- આ બેંકની પાસબુક તો લઈ જા, ઠાલે હાથે તને એ પૈસા કેવી રીતે આપશે? વૃદ્ધા- (કરચલીઓવાળા ગાલમાં હસીને પાસ બુક લે છે.) હા,તમારી વાત સાચી છે,હું તો ભૂલી ગઈ હતી.

વૃદ્ધ-પૈસા આપે એ પૂરા ગણીને લાવજે.અને હવે પૈસા લીધા વિના પાછી આવતી નહીં. થાકી ગયા છીએ, ધક્કા ખાઈ ખાઈને.

વૃદ્ધા - એ સારું,તમે સાચવીને બેસજો.

વૃદ્ધ - એ હા, પણ તું જલ્દી આવજે, જોજે પાછી, બૈરાંની લાઇનમાં ઉભી રહેજે, ઝટ વારો આવે. (વૃદ્ધા બેંકમાં જાય છે એ જોતાં જોતાં બોલે છે,)

જ્યાં જુઓ, ત્યાં લાઈન. આપણા પૈસા લેવાના એમાં પણ લાઇન. આ સરકાર કે દિવસે લાઈન પર આવશે,ખબર નથી પડતી,આ તે ભીખ છે કે, પડદો ખુલે છે.

(બેંકમાં કેશીયરની જોડે વૃદ્ધા ઉભાં છે.)

વૃદ્ધા (કાઉન્ટર પર જઈને પૂછે ) - મારા ખાતામાં દીકરાએ પૈસા મોકલ્યા છે ?

કાઉન્ટર - માજી તમે આંતરે દિવસે બેંકમાં આવો છો,તમને દર વખતે મારે એ જ જવાબ આપવો પડે છે કે નથી આવ્યા.

વૃદ્ધા – સારું ભાઈ,કોઈ વાંધો નહીં, ફરી આવીશ.

(એ પાછું ફરવા જતાં એમને ચક્કર આવી જાય છે, તે પડી જાય છે, કેશિયર ઉભા કરે છે, પાણી આપે છે, સારૂ લાગતાં)

કેશિયર – 'માજી આટલી ઉંમરે બેંકમાં તમે શું કામ આવો છો? દીકરાને મોકલતાં હોય તો !'

વૃદ્ધા – 'એક જ દીકરો છે, તે તે બેંગ્લોર નોકરી કરે છે, દર મહિને પૈસા મોકલે છે, પણ હમણાંથી ખાતામાં પૈસા નથી આવતા.'

કેશિયર – 'તમારા દીકરાને ફોન કરીને પૂછી જુઓ, તે કેમ નથી પૈસા મોકલતો ?'

વૃદ્ધા – 'એક વખત સરપંચે ફોન કરેલો, પણ દીકરાની તબિયત સારી નહોતી.'

કેશિયર – 'મને તમારા દીકરાનો નંબર આપો.'

(માજીએ મેલીઘેલી પાસબુક આપી. તેના ઉપર નંબર લખેલો હતો. કેશિયરે પાસબુક લઈ પોતાના મોબાઈલમાં પાસબુકમાં લખેલો નંબર જોડે છે.)

મોબાઈલ – 'આ નંબર અસ્તિત્વમાં નથી.'

કેશિયર – માજી, નંબર તો નથી લાગતો, પણ હું ફરી પ્રયત્ન કરી જોઈશ, તમે થોડીવાર બહાર બેસો. હું ફોન કરું છું, હવે તમારે ધક્કા ખાવા નહીં પડે.

વૃદ્ધા – (આશીર્વાદ આપતાં હોય એમ બે હાથ લાંબા કરે છે.)

ભગવાન, તમારું ભલું કરશે. (બહાર જાય છે. )

કેશિયર – આ માજી વારંવાર ધક્કા ખાય છે, લાવને હું જ એમના ખાતામાં થોડા પૈસા નાખી દઉં. (માજીને બોલાવે છે અને કહે છે.)

કેશિયર – માજી, અહીં આવો.

વૃદ્ધા – હા,બોલો ભાઈ,શું થયું?

કેશિયર – તમારા દીકરા સાથે મારે વાત થઈ, તેની નોકરી છૂટી ગઈ હોવાથી તે પૈસા મોકલતો નહોતો, હવે બીજી જગ્યાએ એને નોકરી મળી ગઈ છે એટલે આવતા મહિનાથી તમને પૈસા મોકલશે.'

વૃદ્ધા – 'બેટા, આ વાત તમે મારા પતિ બહાર બેઠા છે એને કહેશો?'

કેશિયર – 'તમે જ કહી દો ને! મારાથી ચાલું નોકરીએ બહાર ન જવાય.'

વૃદ્ધા – 'હું દર બે દિવસે એમને કહું છું, આજે તેઓ મારી સાથે આવ્યા છે ને બેંકની બહાર બેઠા છે. હું કહીશ તો એમને મારી વાત પર વિશ્વાસ નહીં આવે.

કેશિયર – એમાં વિશ્વાસ કરવાની વાત જ ક્યાં આવી ? પૈસા ન મોકલે તો પૈસા ન જ મળે.

વૃધ્ધા – તમારી એ વાત સાચી છે, પણ ખરેખર તો મારા દીકરાને કોરોના ભરખી ગયો છે, તે વાત હું જાણું છું પણ મારા પતિ એ સમાચાર સહી નહીં શકે, માટે મેં એમને કહ્યું નથી !

કેશિયર – (અવાક બની ગયો ! એ વૃદ્ધાની ઊંચાઈ પામવા શક્તિમાન ન હતો !)

માજી, હું તો ખોટું બોલીને તમને આશ્વાસન આપવા માગતો હતો.

વૃદ્ધા – હા, હું પણ જાણતી હતી કે મારા દિકરાનો નંબર કે મારો દીકરો અસ્તિત્વમાં નથી પણ શું કરું ? એમના અસ્તિત્વને માટે હું અહીં આવવાનું નાટક કરું છું.

કેશિયર – માજી, આ ઉપરવાળાની લીલા પાસે આપણે પામર છીએ. હું દાદાને મળીને વાત સમજાવી જોઉં.

વૃદ્ધ – બેંકની બહાર રાહ જોઈ રહેલા વૃધ્ધ અંદર આવતાં આ વાત સાંભળીને બોલે છે. તમારી વાત મેં સાંભળી છે,મને તો ખબર જ છે, મારો દિકરો કોરોનામાં અવસાન પામ્યો છે, પણ એની મા એ આઘાત સહન ન કરી શકે તે માટે મેં એને કહ્યું નહોતું. હું જ એને બેંકમાં મોકલતો હતો જેવાં અમારાં ભાગ્ય,ભગવાનને ગમ્યું તે ખરું !

કેશિયર – વાહ,જનેતાની ઉંચાઈ અને વાહ,બાપની ઉંડાઈ.

– અજ્ઞાત

## સમજવા જેવો એક વ્હોટસએપ મેસેજ

ખેદ સાથે જણાવવાનું કે શ્રી રમણીકલાલ શાંતિલાલ ભટ્ટ આજરોજ અવસાન પામ્યા છે. સદ્‌ગતની સ્મશાનયાત્રા નો સમય હજી નક્કી થવો નથી, પણ શક્ય હોય તો સાંજે ૭:૩૦ વાગ્યે એમના ઘરે આવવું.

તેમની પત્નીને હૃદય રોગની બીમારી હોવાથી હજી તેમને જાણ કરી નથી એટલે એમને કોઈએ ફોન ન કરવો અથવા સાંજે આપેલા ટાઈમ પહેલાં પહોંચવું નહીં.

નોંધ : રમણીકલાલના સૌ શુભચિંતકો, સગા–વહાલાં ઉપરોક્ત સૂચના પર ધ્યાન આપે.

લગભગ બપોરે ૩ વાગ્યે આવેલો આ વોટ્સએપ મેસેજ હંઈક અજીબ હતો. કેટલાકને મેસેજ જોયા પછી સંતાન વગર એકલાં રહેતાં આ ઘરડાં કપલ માટે ખૂબ દયા આવી. બે–ચાર લોકોએ તો ન જવાનું ક્યું બહાનું બતાવીશું એ નક્કી કરી લીધું પછી થયું કે બહાનું બતાવીશું કોને ?

રમણીકલાલ તો રહ્યા નથી તો હવે જઈને કામ પણ છું છે ? કેટલાક ચિંતા કરી કે આ ઉંમરે રમણીકલાલ વગર સવિતાબહેન કેમ કરીને જીવન જીવશે ! થોડી વારમાં તો સોસાયટીના વોટ્સએપ ગ્રુપમાં પણ એ જ મેસેજ પડ્યો. બે–ચાર પડોશીઓએ તો ઘરની બાલ્કનીમાંથી જોયું પણ કશું લાગ્યું નહીં અને એક–બે જણ તો રમણીકલાલના ઘરની બહાર કારણ વગરનો આંટો પણ મારી આવ્યા પણ ત્યાં કાંઈ હિલચાલ નહોતી. બે–ત્રણ ઉત્સાહીઓએ ના કહી હતી છતાં ખાલી ખાલી ખબર પુછવાના બહાને સવિતાબહેનને ફોન તો કર્યો જ.

સાંજે લગભગ ૭:૩૦ વાગ્યે તો એક પછી એક લોકો રમણીકલાલના ઘરે ભેગા થવા માંડ્યા. ઘરની બહાર થોડી ખુરશીઓ ગોઠવેલી હતી. સવિતાબહેન ગુમસૂમ બેઠાં હતાં. બહારગામથી આવેલાં અંગત સગાંઓ સવિતાબહેનને ભેટીને રડ્યા, ત્યાંરે સવિતાબહેને પૂછ્યું કે થયું છે શું? ધીમે રહીને આઘાત ન લાગે એમ જયાં એ લોકોએ રમણીકભાઈના સમાચાર આપ્યા અને જવાબમાં સવિતાબહેન ખડખડાટ હસી પડ્યાં.

લોકોને લાગ્યું કે આઘાત લાગ્યો છે, પણ ઉલટાનું આઘાત તો ત્યાં રહેલા દરેક જણને લાગ્યો જ્યારે રમણીકલાલ પોતે અંદરના રૂમ માંથી નીકળ્યા .

સૌને બહાર રાખેલી ખુરશીઓ પર બેસાડતા રમણીકલાલે કહ્યુ : થોડું ઓડ હતું પણ જરૂરી પણ હતું, એ જાણવું કે આપણા સંબંધો કેટલા જીવંત છે? આડા દિવસે મને કેમ છો ન પૂછનારા પણ અહીં દેખાય છે?

તે અલ્યા, હું મરી જઈશ પછી આવશો તો શું કામનું ? છેલ્લા બે મહિનામાં અમારા માંબાઇલ પર ગણીને ૩ ફોન આવ્યા અને આજે ના પાડી'તી તો પણ ખાલી ખાલી ખબર પુછવાના ૧૮ ફોન આવ્યા. બધાએ ખાલી ખબર પૂછીને ફોન મૂકી દીધો. તે અમથું અમથું એક દિવસ આમ ફોન કરી લેતા હો તો ?

વાત તમને હેરાન કરવાની નહોતી. તમે આયા તમારો હૃદયથી આભાર, હવે ખરેખર જઉં ત્યારે નહીં આવો તો ચાલશે. એમ્બ્યુલન્સવાળા લઈ જશે, પણ જીવીએ છીએ ત્યાં સુધી કોઇકવાર આવીને કે કૉલ કરીને અહેસાસ તો કરાવતા રહેજો કે અમે ખરેખર જીવીએ છીએ.

દરેક માટે મંગાવી રાખેલો આઈસક્રીમ રમણીકલાલે વહેંચ્યો...

આ વાર્તા સમાજની કડવી વાસ્તવિકતા અને લોકોના બદલાતા વ્યવહાર પર પ્રકાશ પાડે છે:

– જીવંત સંબંધોની કદર: માણસ જીવતો હોય ત્યારે તેની દરકાર કોઈ નથી કરતું, પણ તેના મૃત્યુના સમાચાર સાંભળીને સૌ દોડી આવે છે.

વોટ્સએપ સંસ્કૃતિ – આજના સમયમાં લોકો ફોન કે રૂબરૂ મળવાને બદલે માત્ર મેસેજ પર જ સંબંધો નિભાવે છે.

એકલતાની વેદના – વૃદ્ધોને પૈસા કે વસ્તુઓ કરતાં કોઈ પ્રેમથી બે મિનિટ વાત કરે તેની વધુ જરૂર હોય છે.

સમાજની સચ્ચાઈ...!!

## એક સાંધતા તેર તૂટે

અરે દોસ્ત, કાલે સાંજે સંગીતાભાભીને જવેલરીની દુકાન ની અંદર જતા મેં જોયા.

આવી વિકટ પરિસ્થિતિ માં પણ તું સોનુ ખરીદે છે ?

અરે દોસ્ત, તારી જોવામાં કંઇક ભૂલ થતી હશે.

ના દોસ્ત ૯૯% સંગિતા ભાભી જ હતા.

મેં ત્યારે વાત ને ઉડાવી દીધી પણ વાતની ગંભીરતા સમજી તેના મૂળ સુધી જવાનો મેં ઘરે પહોંચી પ્રયત્ન કર્યો.

સંગિતા રોજના નિયમ મુજબ હું ઓફિસે થી આવ્યો એટલે પાણી આપ્યું. આજે રોજ કરતા તે પણ થોડી ઓફિસે થી વહેલી હતી.

મારો પુત્ર શ્યામ તેની પ્રવૃત્તિમાં હતો. સંગિતા પણ રૂટિન વાતો કરી કિચનમાં રાત્રિના જમવાની તૈયારી કરવા લાગી.

ડાઇનિંગ ટેબલ ઉપર જમવા બેઠા ત્યારે પણ હું બહારથી હસવાનો વ્યર્થ પ્રયતન કરતો

હતો. હું રાહ જોઈ રહ્યો હતો સંગિતા મને મારા મિત્ર એ કરેલ વાત ના સંદર્ભમાં કોઈ વાત કરે છે કે નહીં.

પણ સંગિતા પણ મારાથી વધારે હોશિયાર હતી. તે પણ બહાર થી ખોટું હાસ્ય બતાવી મને અને શ્યામ ને ખુશ કરવા પ્રયતન કરી રહી હતી.

મેં તેને ખબર ન પડે તેમ તેના હાથ ગળા અને કાન અને તેની હાથની આંગળી તરફ નજર કરી. આશ્રય ગળામાં ફક્ત મંગળ સૂત્ર.હાથ ની સોનાની બંગડી અને કાનની બુટી અને આંગળી ની વીંટી ગાયબ એ જગ્યાએ મોતીની કડી અને હાથ માં કાચ ની બંગડી પહેરેલ જોઈ.

હું વાત ના મૂળ સુધી પહોંચી ગયો. પણ મેં અત્યારે જમવા ના ટેબલ ઉપર શ્યામ દેખતા આ બાબતે ચર્ચા કરવી યોગ્ય ન સમજી.

અમુક કુટુંબીક કે વ્યક્તિગત ચર્ચા બાળકો સામે ન કરીયે તેમાં બન્ને નું હીત સચવાયેલ છે કારણ કે બાળકો વિચારશીલ હોય છે અને ભોળપણ માં કોઈ વખત જાહેરમાં પણ આવી બધી વાતો તેઓ બોલી દેતા હોય છે ત્યારે નીચું જોવાનું અથવા કૌટુંબીક વિખવાદનું કારણ બને છે, ઘણી વખત તો બાળકોના વાણીવર્તન વ્યવહાર ઘરે આવનાર વ્યક્તિ સાથે આ કારણથી બગડી જાય છે.

એટલે મેં થોડો સંયમ જાળવી બેડરૂમ માં શ્યામ ઊંઘી  ગયો ત્યારે મેં સંગીતા ને પૂછ્યું.

સંગીતા એક સવાલ કરું છું.

તારા ઉપર શંકા કરવી એટલે ભગવાન ઉપર શંકા કરવી બરાબર છે પણ શંકાનું સમાધાન ન થાય ત્યાં સુધી ઈશ્વર ઉપર પણ આપણી શ્રદ્ધા ડગી જાય છે.

તારી હાથ ની બંગડી, કાનની બુટ્ટી અને આંગળીની વીંટી ક્યાં છે ?

એ તો મેં લોકરમાં મૂકી દીધી સંગિતા બોલી.

મેં તેનો હાથ પકડી કીધું સંગિતા આ શ્યામ ના માથે હાથ મૂકી જે હોય તે સત્ય કહે, સંગિતા એ હાથ છોડાવી કીધું.

સંદીપ સત્ય તારે જાણવું જ છે તો સંભાળ.

મેં મારા ઘરેણાં એક વર્ષ માટે ગીરવે મુક્યા છે.

અમારી કંપનીમાં ૫૦% પગાર કાપ આવ્યો છે. તું પણ કહેતો હતો. તારી કંપનીમાં પણ ૫૦% પગાર કાપ આવ્યો છે. આગળનું  નોકરીનું ભવિષ્ય ખબર નથી. આ બધી ઉપાધિ કેટલી લાંબી ચાલશે એ તું કે હું જાણતા નથી.

તું પણ જાણે છે બેકના હપ્તા ઘર માટેની લૉન પેટે ત્રણ મહિનાથી ચઢી ગયા છે. હવે સ્કૂલ ખુલશે એટલે શ્યામની ફી ૩૦ જૂને મેડિકલેમનો હપ્તો આવે છે. આ બધા વિચારોથી મારી રાત અને તબિયત બગડતી હોય તેવું મને લાગ્યું.

બેકમાંથી પણ હપ્તા માટે વારંવાર મારા ઉપર ફોન આવવા લાગ્યા છે. આવી પરિસ્થતિમાં મને તને ડિસ્ટર્બ કરવો યોગ્ય ન લાગ્યું.

આટલું બોલી સંગિતા લોખંડના કબાટ તરફ ગઈ  કબાટ ખોલી મારા હાથમાં રૂપિયા ૯૫૦૦૦ મુક્યા.

સંદીપ આમાંથી ૧૦૦૦૦ રૂપિયા પ્રમાણે ત્રણ મહિના ના બેંકના હપ્તા શ્યામની છ મહિનાની સ્કૂલ ફી તથા મેડિકલેમ નીકળી જશે. બીજા વધે એટલા આકસ્મિક ખર્ચ માટે રાખશું.

હું સંગિતા ની સામે જોઈ રહ્યો કંઈ બોલવા જેવું હતું જ નહીં. એક આદર્શ પત્ની તરીકેની ફરજ તે ભજવી રહી હતી.

એ મારી સામે જોઈ બોલી ૧ વર્ષમાં બધું રેગ્યુલર થઈ જશે એટલે આપણે ઘરેણાં છોડાવી નાખીશું.

સંગિતા આટલો મોટો નિર્ણય લેતા પહેલા તારે મને જાણ કરવી જોઈએ.

સંદીપ તારા હાર્ટનું ઓપરેશન ત્રણ વર્ષ પહેલાં કરાવેલ છે. આ બધું ટેન્શન હું તને આપવા માંગતી ન હતી.

જાન હે તો જહાંન હે, આટલું બોલી સંગિતા જાણે કંઈ બન્યું ન હોય તેમ મારા હાથમાં તાળી મારી હસવા લાગી.

મેં સંગિતાનો હાથ પકડી કીધું સંગિતા સંસાર લગ્ન સબંધને સોનાથી જોખે છે.

વ્યવહાર કરતી વખતે સમાજ હમેશા પૂછે છે દીકરી કેટલુ સોનુ લઈ આવી ?

પણ કોઈ એવું પૂછતું નથી કેટલા સંસ્કાર લઈ ને આવી.

ભગવાન એક તુલસી પાનના વજનથી જોખાઇ ગયા તેમ હું તારા અમૂલ્ય પ્રેમ સામે નતમસ્તક બની ઝૂકી ગયો છું.

તારો સંદીપ તને વચન આપે છે. મારા જીવનના છેલ્લા શ્વાસ સુધી હું તારા આ પ્રયત્ન અને ઉપકારને ભૂલીશ નહીં. તેં સાબિત કરી બતાવ્યું કે ઉપર બે ચાર રૂપકડા શબ્દો લખી પ્રેમ બતાવવાનો સમય નથી.

લગ્ન એતો ત્યાગ, સમર્પણ, વિશ્વાસ અને એકબીજાના આત્મસન્માન સાથે જોડાયેલ કડીઓ છે. ફક્ત ચાર ફેરા ફરવાથી લગ્ન નથી થતા.

હું સંગિતાને ભેટી પડ્યો. એક ચિંતા વગરની સવાર ફરીથી ઊગી. ફરી અમે કામે લાગી ગયા.

આવતીકાલે રવિવાર પણ હતો અને અમારી લગ્નની તારીખ પણ હતી. પણ આર્થિક સંકડામણ અને લોકડાઉન ને કારણે કોઈ ખાસ તૈયારી કરી ન હતી.

રવિવારે સવારે સંગિતા એ મને કીધું ડીયર હેપી મેરેજ ડે મેં પણ તેના હાથ ઉપર કિસ કરતા કીધું. હેપી મેરેજ ડે.

એક વાત કહું સંગિતા આ તારા કાન, હાથ અને આંગળી ઘરેણાં વગર સારા નથી લાગતા.

ફરીથી એ જ વાત, ભૂલી જા સંદીપ મુસીબતના સમયે ઘરેણાં લોકર કે શરીરની શોભા બની રહે તે કેટલું યોગ્ય છે ? આપણા ઘરે આવી બેંકના લોકો ઊંચા અવાજે હપ્તાની ઉઘરાણી કરે એ યોગ્ય તો નથી.

અરે ગાંડી તારા ઘરેણાં તારા શરીરની શોભા છે. હું એવા વચન પણ નથી આપતો જે પુરા કરવા માટે હું અસમર્થ હોઉં. હું તને ખોટા વચન આપી તારી નજરમાં ઉતરવા પણ નથી માંગતો.

એક સ્ત્રી ને શોભે તેટલા પાર્વતી અલંકારની તો તું હક્કદાર છે એ પણ તું ઘર ખર્ચ માટે ગીરવે મૂકે એ મને માન્ય ન હતું.

લે આ તારા ઘરેણાં જે તેં ગીરવે મુક્યા હતા. મેં માથે હાથ ફેરવી કીધું હેપી મેરેજ ડે સંગિતા લાવ તારી આંગળી હું તને વીંટી પહેરાવું તમે આ ઘરેણાં.

હા સંગિતા જયારે જયારે મારુ ઇક્રિમેન્ટ થયું હતું. ત્યારે ત્યારે એ રકમનું મેં રીકરીંગ એકાઉન્ટ કરાવ્યું હતું. મુસીબત સમયની સાંકળ સમજી મેં તને કીધું ન હતું. આજે આ સાંકળ ખેંચવાનો સમય આવી ગયો એવું સમજી મેં એ રકમ ઉપાડી તારા ઘરેણાં જવેલરીને ત્યાંથી છોડાવી દીધા.

તમે તો મારા કરતાં છુપા રુસ્તમ નીકળ્યા.

ના સંગિતા, આપણે જે કરીયે છીયે એ પરિવાર કે ઘર માટે કરીયે છીયે. અંગત કોઈ તારો કે મારો સ્વાર્થ નથી.

મિત્રો

મધ્યમવર્ગ ની જીંદગી "એક સાંધતા તેર તૂટે" જેવી છે.

ઘરના હપ્તા અને બાળકોને ભણવવા અને આકસ્મિક ખર્ચ ના સરવાળા બાદબાકી કરતા કરતા ઘડપણ ક્યારે ઉંબરે આવી ઉભુ રહી જાય છે એ ખબર જ નથી પડતી.

છતાં પણ જીવન સાથી જો સમજુ હોય તો. ઉજ્જડ ઉપવનમાં પણ તે બગીચો બનાવી દે છે.

**લેખક – જીજ્ઞેશ આચાર્ય**

---

હું એક બેકરીમાં ટોસ્ટ લેવા ગયેલો. દુકાનદારે ટોસ્ટની બેગ કાઉન્ટર પર મૂકી મે પૈસા આપવા પર્સ કાઢ્યું ને પૈસા આપવા લાગ્યો.

તો અચાનક દુકાનદારની આંખોમાં ચમક આવી. મને કહે, સર ! આજે બર્થ ડે છે ને ! હેપ્પી બર્થડે સર ! મને નવાઈ લાગી મે કહ્યું હા ભાઈ! પણ તમને કેવી રીતે ખબર પડી ? અરે સર તમારા પર્સમાં તમારી દીકરીનો ફોટો છે ને ?

એ દીકરી સવારે જ આવેલી તમારા માટે કેક લેવા. મેં કહ્યુ ના ભાઈ ના તમારી કોઈ ભૂલ થતી હશે. તો કહે ના ના સર ! એ દીકરી જ આવેલીને બહુ જ ઉતાવળમાં હતી ને વારંવાર મને કહેતી હતી કે ભાઈ ઝડપ કરો ને ભાઈ ! મારા પપ્પા ઓફિસ નીકળે એ પહેલાં મારે સરપ્રાઇઝ આપવાની છે મારા વ્હાલા પપ્પાને !

મારા પગ નીચેથી ધરતી સરકીગયેલી લાગી. મને લાગ્યું હું ચક્કર ખાઈને પડી જઈશ. કાં આઘાતથી કોમામાં જતો રહીશ.

મે પરાણે મારી જાત પર કાબૂ મેળવ્યો ને કંઇ પણ બોલવા અસમર્થ બનેલો. હું એને મૂગા મોઢે મારી પીડાને છુપાવીને ત્યાંથી ઝટપટ નીકળી જ ગયો.

જવાનું હતું બઝારમાં બીજા કામે પણ હું બહુ જ ભારે પગલેને ભારે હૈયે ઘર તરફ નીકળ્યો. ઘડીક એવુંય લાગતું કે હું પહોંચી તો શકીશ ને ઘરે ! સામે ઘર દેખાયું. ત્યારે જરીક વિશ્વાસ આવ્યો કે ના ના હું જીવું છું. ને સામે જે દેખાય છે એ મારું જ ઘર છે.

મે ખૂબ જ જોરજોરથી દરવાજો ખટખટાવ્યો. મારી પત્નીએ અરે ! કોણ છે ભાઈ ? કહેતા અણગમા સાથે દરવાજો ખોલ્યોને મને સામે મને જોઈને પૂછવા જ જતી હતી કે તમે ?

પણ મારો રૂ ની પૂણી જેવો નિસ્તેજ ચહેરો જોઈને ગભરાઈ જ ગઇ. અરે ! શું થયું ? એટલું બોલતાં બોલતાં રસોડામાં જઈને પાણીનો ગ્લાસ ભરી આવી. મને ખૂબ જ હેતથી પસવારતા બોલી. લો પાણી પી લો પહેલાં. હું એક જ ઘૂંટડે આખો ગ્લાસ પાણી ગટગટાવી ગયો.

થોડી હાશ થઈ. પત્નીએ હવે જિજ્ઞાસાથી પ્રશ્નાર્થ નજરે મારી સામે જોયું. ખબર નહિ પણ કેમ વાતની શરૂઆત ક્યાંથી કરવી કંઈ જ સમજ ન પડીને શબ્દોને બદલે આંખમાંથી આંસુઓ ધસી આવ્યાને મે પત્ની સામે પર્સમાં રહેલો ફોટો ધર્યો એય ઢીલી પડીને કહે અરે ! આપણી દીકરી તો ક્યાં વિસરાય છે. આપણાથીને આજે જન્મ દિવસે કદાચ તમને તમારી લાડલી ઘણી યાદ આવી લાગે છે. આજથી ત્રણ વરસ પહેલાં તો કેટલા હરખતી તમને કહેતી હતી કે પપ્પા રાતે કેક કાપીએ પણ તમે ઑફિસેથી બહુ મોડા આવો છો ને અમે રાહ જોયા કરીએ છીએ. પણ ના આજે તો તમે ઓફિસ જાવ એ પહેલાં જ કેક કાપીને જાવ તમે કાઈ આનાકાની કરો. એ પહેલાં તો એ હાથમાં એક્ટિવાની ચાવી લઈને દોડી જ ગયેલી.

તમે નાહી ધોઈને તૈયાર થઈને ઓફિસ જવા માટે મોડું થતું હોવા છતાં સોફામાં બેઠા જ હતા ને બહારથી જોરજોરથી અવાજ આવતાં. બોલેલા કે અરે ! આ દીકરી કેક તો લાવી સાથે ટોળું ય લાવી કે શું ?

પણ પણ એ ટોળાની ચીસો કંઇક અલગ લાગતાં આપણે બંને દોડેલા દરવાજા ભણી. અને આપની વ્હાલી લોહીલુહાણ દીકરીને તેડીને કોઈ અજાણ્યા ભાઈ ઉભેલાને કહેતા હતા કે બહુ ફાસ્ટ એક્ટિવા લઈને આવતી દીકરી પર બેફામ આવતી ટ્રકના પૈડાં

હવે મે હિંમત કરીને રડતાં રડતાં બેકરીવાળા ભાઈએ કરેલી વાત કરી તો પત્ની ય બેબાકળી થઈ ગઇ. બહુ રડ્યા અમે બંને !

પણ આંસુનો દરિયો ય ખૂટ્યો. થોડીક વાર રહીને મારી પત્નીએ મને કહ્યું. યાદ છે તમને ? આપણે ભણતાં ત્યારે ગુજરાતીમાં એક કવિતા આવતી ?

મીઠી માથે ભાત, હા આવ્યું યાદ. આખી કવિતા તો યાદ નથી.

ડુંગર કેરી ખીણમાં ગાંભુ નામે ગામ

ખેતી કરતો ખંતથી પટેલ પાંચો નામ.

સારાંશ યાદ છે કે ડુંગરની ખીણ માં આવેલા ગાંભુ નામના ગામમાં પાંચો પટેલ ખેતી કરતો એક વરસેવરસાદ ખેંચાતા એણે વિચાર્યું કે મસ્ત શેરડીનો પાક બળી ન જાય તો એક કૂવો જ કરાવુ ખેતરમાં એના કામમાં રોકાયેલો એ ઘરે જમવા ન જઈ શક્યો. મોડું થતાં એની પત્નીને ચિંતા થઈ એટલે એણે નાના ભાઈને ઘોડિયાના હિંચકા નાખતી આઠેક વરસની દીકરી મીઠીને કહ્યું અરે ! બેટા !! તારા બાપુ વાડીએથી આવ્યા નથી તો તું બાપુને ભાત આપી આવીશ બેટા ! તો એ તરત ઉભી થઈ ને કહે હા મા લાવ બાંધી દે ખાવાનું મા !! હું વાડીએ જવાના ટૂંકા રસ્તે જઈને ઝટપટ આપી આવું.

માએ બાંધેલું ભાત માથે મૂકી મીઠી ઝટપટ નીકળી વાડીએ ઉતાવળે ઉતાવળે ચાલતી

મીઠીની ઝાંઝરીના અવાજથી જાણે વગડામા ય પ્રાણ આવી ગયેલા. ઝાંઝરીના તાલ સાથે ડગલાં માંડતી મીઠી ચાલતી જાય છે ને ત્યાં સાંકડા રસ્તે બાજુની ઝાડીમાં છુપાયેલા. વાઘે તરાપ મારીને, સાંજે ઘરે આવીને બાપુએ બૂમ પાડી બેટા મીઠી !! ત્યારે એની પત્ની કહે અરે તો મે ભાતું લઈને મોકલેલીને !! હવે બન્નેને ફાળ પડી લોકો ભેગા થયા. અંધારું થયેલું તે હાથમાં ધોકાને બત્તીઓ લઈને ગામ વાળા વાડીને રસ્તે ગયા. રસ્તામાં કોઈના પગમાં તાંસળી આવી. જોયું તો ખાલી બધાની ચિંતામા વધારો થયો ત્યાં વળી થોડેક જતા કોઈએ ચીસ પાડી. અરે આ ઝાળા મા મીઠીની લોહીવાળી ઓઢણીને વાઘના પગના નિશાન રોતાં કકળતા મા બાપને લઈને ગામ વાળા નિરાશ વદને પાછા ફર્યા !

પણ એવું કહેવાતું કે એ રસ્તે ઘણી વાર લોકોને માથે ભાત લઈને ઝટપટ જતી મીઠી દેખાય છે. આપણી દીકરી.

–સુરેશ પંચાલ

## મોંઘી

ડો. સાગઠિયા પ્રમાણમાં નવાસવા ડોક્ટર હતા. જનરલ સર્જન. એક અગત્યના ઓપરેશનમાં વ્યસ્ત હતા. રાજપીપળા બાજુની એક આદિવાસી મહિલાને છેલ્લા છએક માસથી પેઢુમાં દુખાવો રહ્યા કરતો હતો. સોનોગ્રાફી રિપોર્ટ કરાવ્યો તો ગર્ભાશયની પાછળના ભાગમાં પેટના પોલાણમાં કશુંક માલૂમ પડ્યું હતું. એ શું હતું એની ચોક્કસપણે ખાતરી થતી ન હતી.આ ઘટના વીસેક વરસ પહેલાંની છે, ત્યારે સોનોગ્રાફીનું યંત્ર અને સોનોલોજિસ્ટનું કૌશલ્ય આજના જેવું વિકાસ પામેલું ન હતું. ‘મંગાભાઇ, તારી ઘરવાળીના પેટનું ઓપરેશન કરવું પડશે.’ ડો. સાગઠિયાએ બને એટલા ઓછા શબ્દોમાં ગંભીર સ્થિતિનું બયાન કર્યું.‘ઓપરેશન?’ મંગાજી ભડક્યા, ‘સાયેબ, મું એમ કવ છું કે મારી બૈરીનું એક વાર તો પેટ ચિરાઇ જ્યું છે. આ બીજી વાર એમનું?’ ડો. સાગઠિયા હસી પડ્યા, ‘ભાઇ, તું તો સાવ ભોળો રહ્યો. તારી વાઇફનું પહેલું ઓપરેશન તો સુવાવડ વખતે થયેલું છે. એના પેટમાં બાળક હતું ને સુવાવડ થતી ન હતી એટલે પેટ ચીરીને લેવું પડ્યું હતું. આ વખતનું ઓપરેશન જુદી જાતનું છે. મંગાએ અંગૂઠો મારી આપ્યો. ડોક્ટરે એની વહુ કાળીને ટેબલ ઉપર લેવડાવી. એનેસ્થેટસ્ટિ ઇન્જેક્શન માર્યું અને ઓપરેશન શરૂ થયું. ડો. સાગઠિયાએ પેટ ઉપર ઊભો ચીરો મૂકીને પેટની દીવાલના એક પછી એક પડ ‘ડિસેકટ’ કરવા માંડ્યાં. આંખના પલકારામાં પેટ ખોલી નાખ્યું. અંદર હાથ નાખીને તપાસ કરવા માંડી કે રિપોર્ટમાં બતાવેલી જગ્યામાં ખરેખર શું છે ! ડોક્ટરના આશ્ચર્ય વચ્ચે કાળીના પેટમાં ગર્ભાશયની પાછળની પોલી જગ્યામાં એક કાપડનો ડૂચો રહેલો હતો. એમને આંચકો તો લાગ્યો, પણ એ પળ વારમાં સમજી ગયા કે આ શું બન્યું હતું! કાળીનું જ્યારે સિઝેરિયન થયું હશે ત્યારે એ ડોક્ટરની ગફલતથી કે સરતચૂકથી ‘સર્જિકલ મોપ’ નામનો એક કપડાનો ટુકડો અંદર રહી ગયો હશે. સામાન્ય કદના હાથરૂમાલ જેવડો આ ટુકડો બધા ડોક્ટરો, બધાં ઓપરેશનોમાં લગભગ વાપરતા જ હોય છે. એક નહીં, પણ એકથી વધારે (ક્યારેક તો પાંચ, દસ કે પંદર) ટુકડાઓની પણ જરૂર પડતી હોય છે. જ્યારે ઓપરેશન પૂરું થાય ત્યારે ડોક્ટર એની નર્સને સૂચના આપે છે, ‘હું પેટમાં મૂકેલા

'મોપ' એક પછી એક કાઢતો જાઉં છું ને તને આપતો જાઉં છું. એ કેટલા છે એ ગણીને કુલ કેટલા મૂકેલા એનો તાળો તું મેળવી લેજે. ખાસ ધ્યાન રહે કે એકાદ 'મોપ' પણ દરદીના પેટની અંદર રહી ન જાય.'જગતભરના તમામ ડોક્ટરો આ બાબતમાં સાવચેત હોય છે, તેમ છતાં દર વરસે – બે વરસે આવી બેદરકારીના કિસ્સાઓ કાન ઉપર અથડાતા રહે છે. ડો.સાગઠિયાએ પણ કાળીના પેટમાંથી કપડાનો ભુલાઇ ગયેલો ટુકડો સાવધાનીપૂર્વક બહાર ખેંચી કાઢ્યો. આશ્ચર્ય એમને પોતાને પણ થતું હતું કે સિઝેરિયન દરમિયાન છુટી ગયેલો આ ડૂચો ચાર-સાડા ચાર વરસ લગી કાળીના પેટમાં રહી શી રીતે શક્યો? (જોકે મેં પોતે એક દર્દીના પેટમાં સત્તર વર્ષ પહેલાં રહી ગયેલો 'મોપ' ઓપરેશન કરીને કાઢેલો છે. જેણે એ ભૂલ કરેલી તે ડોક્ટર તો મૃત્યુ પામી ચૂક્યા હતા.) ડો. સાગઠિયાએ ઓપરેશન થિયેટરમાં કામ કરતી આયાને આદેશ આપ્યો, 'મોંઘી, જા બહાર જઇને કાળીના વરને લઇ આવ.' મોંઘી ગઇ અને મંગાજીને લઇને ઓ.ટી.ના કાચના બનેલા દ્વાર પાસે લઇ આવી. ડો. સાગઠિયા લોહીથી ખરડાયેલા ગ્લોઝવાળા હાથ સાથે એની પાસે ગયા. હાથમાં 'મોપ' હતો એ બતાવીને કહ્યું, 'મંગાજી, તારી કાળીના પેટમાં આ કપડાનો ડૂચો હતો. સિઝેરિયન વખતે ડોક્ટરની ભૂલને કારણે અંદર રહી ગયો હતો. સારું થયું કે તું મારી પાસે આવ્યો. મેં મોટું ઓપરેશન કરીને તારી ઘરવાળીને બચાવી લીધી છે. લે, આ ડૂચો પેલા ડોક્ટર પાસે લઇ જઇને એને બતાવજે!'મંગાજી સ્તબ્ધ. એને એટલું તો સમજાઇ ગયું કે પેલા 'દાગતર'થી ભૂલ થઇ ગઇ હતી. એના કારણે કાળીનો જીવ જોખમમાં મુકાઇ ગયો હતો, પણ આ ડૂચાને ફેંકી દેવાને બદલે એ ડોક્ટરને દેખાડવાનો શો અર્થ એ એને સમજાતું ન હતું. એ ડો. સાગઠિયાએ સમજાવ્યું, 'તને પૈસા મળશે. એ ડોક્ટરને તું કોર્ટમાં કેસ કરવાની ધમકી આપજે. એ ડરી જશે. પછી તું જેટલા રૂપિયા માગીશ એટલા એ તને આપી દેશે. જરૂર પડે તો હું સાક્ષી તરીકે કોર્ટમાં જુબાની આપવા આવીશ, પણ એક વાર એને ખબર પાડી દે.'મંગાજીના ગળે વાતનો કોળીયો ઊતરી ગયો. એણે પ્લાસ્ટિકની કોથળીમાં એ ગંધાતો ડૂચો મૂકી દીધો. કાળીને ઓપરેશન થિયેટરમાંથી બહાર લાવવામાં આવી. એની ચાકરી કરવા માટે મંગાજીએ એની પાસે રહેવું જરૂરી હતું એટલે અત્યારે તો બીજું કંઇ બન્યું નહીં, પણ અઠવાડિયા પછી કાળીને રજા આપવામાં આવી, ત્યારે મંગાજી એને સાથે લઇને સીધો જ રિક્ષામાં બેસીને પેલા ગાયનેકોલોજિસ્ટ પાસે પહોંચી ગયો. ગાયનેકોલોજિસ્ટનું નામ ડો. રાજેશ શુક્લ. એમના વિસ્તારમાં ખૂબ મોટું નામ અને ખૂબ સારું કામ. ધીકતી પ્રેક્ટિસ. અત્યારે પણ ત્રીસ-ચાલીસ દર્દીઓ પ્રતીક્ષાકક્ષમાં બેઠેલા હતા. મંગાજી બારણાંને ધક્કો મારીને કન્સલ્ટિંગ રૂમમાં ઘૂસી ગયા. ડો. શુક્લ ડઘાઇ ગયા, પણ આગંતુકના તેવર જોઇને મામલો પારખી ગયા. હાથ ઉપરની સ્ત્રીદર્દીને સમજાવીને રવાના કરી દીધી. પછી મંગાજીને પૂછ્યું, 'શું છે, ભાઇ? આ રીતે બૂમાબૂમ કેમ?"રાડો ના પાડું તો શું કરું? તમે તો મારી બૈરીને મારી નાખવા જ ઊભા થ્યા'તા. આ કપડું તમે જ એના પેટમાં છાંડી મેલ્યું'તું ને? આજે આટલા વરહે સાગઠિયાસાહેબે કાઢી આલ્યું! હું ખર્ચના કૂવામાં ઊતરી જયો. ઇના હાટુ કોણ જવાબદાર?'ડો. સાગઠિયાએ બારીક નજરે મંગાજીની સામે જોયું. પછી કાળીને નીરખી લીધી. યાદશક્તિની સ્પ્રિંગને સારી પેઠે ખેંચી જોઇ, પણ કશુંય યાદ ન આવ્યું. આટલા બધા દર્દીઓ હોય ત્યાં ચાર-સાડા ચાર વરસ પહેલાંનો ચહેરો યાદ ક્યાંથી આવે?એમણે નમતું જોખી

દીધું, 'ભાઇ, જે થયું તે ખૂબ જ ખોટું થયું. મને તારી પત્નીનો 'કેસ' યાદ નથી આવતો, પણ તારે જુઠ્ઠું બોલવાનું કોઇ કારણ નથી. મારા કારણે તારી ઘરવાળીને સહન કરવું પડ્યું માટે હું ગુનેગાર છું. બોલ, તને કેટલા રૂપિયા આપું તો તું મને માફી આપશે?'મંગાજી રંગમાં આવી ગયા, 'ચાલીસ હજાર તો સાગઠિયાસાહેબે લીધા છે. એ મને આલી દો! બાકી તમે જે આલશો એ હું લઇ લઇશ.' ડો. શુક્લે એમની નર્સને બોલાવીને સૂચના આપી, 'તું મારા ઘરે જા અને મારી વાઇફ પાસેથી દોઢ લાખ રૂપિયા લઇ આવ! હું એને ફોન કરી દઉં છું. બી ક્વિક.' નર્સ રવાના થઇ ગઇ.અત્યાર સુધી ચૂપ રહેલી કાળી આ બધો તાલ જોયા કરતી હતી, એને લાગ્યું કે હવે એનો બોલવાનો સમય થઇ ગયો છે. એણે મંગાજી તરફ જોઇને કહ્યું, 'તમે આટલા હારુ મને આંઇ લઇ આવ્યા? આ સાયેબ તો ભગવાન જેવા છે, જોતા નથી? કેટલી બધી બાઇયુંનાં ઓપરેશન એમના હાથે થાય છે! હજુ સુધી કોઇ કેસ બગડ્યો નથી.' 'પણ તારો કેસ બગડ્યો ઇનું શું?''ઇનું કારણ છે. સાયેબને ખુદને યાદ નહીં હોય, પણ મને છે. તમે તો હાજર નૌતા. હું મારા પિયરમાંથી સુવાવડ માટે આંઇ આવેલી. ખૂબ રાહ જોયા પછી દાગતરે મને ઓપરેશન માટે અંદર લીધી. શીશી સૂંઘાડી, પણ મારું અડધું શરીર ભાનમાં હતું. મને હંધુય હંભળાતું હતું. સાયેબ હજુ તો અડધા ઓપરેશને માંડ પહોંચ્યા હશે, ત્યાં કોઇએ બારણું ધમધમાવ્યું. નર્સે ખબર આલ્યા. કો'ક કહેવા આવ્યું'તું કે સાયેબનાં બા છેલ્લા શ્વાસે હતાં. સાયેબ એક મિનિટ તો થડકી ગ્યા, પણ પછી કહી દીધું કે મારી માને એટલું કે'જો કે તમારો દીકરો કોઇના ઓપરેશનમાં છે. એ પૂરું કર્યા પછી જ! એ પછી રડતી આંખે એમણે મારું ઓપરેશન પૂરું કર્યું હતું. કદાચ એટલે જ આ કપડું અંદર રહી ગ્યું હશે. હું તમને કવ છું, જો આ દેવના દીધેલા રૂપિયાને તમે હાથ લગાડ્યો, તો મને મરતી ભાળો.' ડો. શુક્લને પૂરી ઘટના યાદ આવી ગઇ. એ દિવસે એમના માતૃશ્રીનું અવસાન થયું હતું. રડતી આંખે ને ધૂંધળી નજરે એ ન તો છેલ્લી વાર બાને જોઇ શક્યા, ન તો કાળીના પેટમાં છુપાઇ ગયેલું કપડું જોઇ શક્યા! એક સારા ડોક્ટરની ભૂલ જરૂર હતી, પણ સદ્‌ભાગ્યે એક સારી દર્દી એમને સમજી શકી હતી. (સત્યઘટના)(શીર્ષકપંક્તિઃ ધૂની માંડલિયા) ડોક્ટરની ડાયરી,

**ડો. શરદ ઠાકર**

---

## લોકકથા

ખંભાતના વાણિયાની આ વાત છે. એ મરવા પડ્યો ત્યારે પોતાના એકના એક દીકરા ધર્મપાળને બોલાવી તેણે કહ્યું: 'બેટા, મારી પાસે કંઇ ધનમાલ નથી. મિલકતમાં હું તને મારા આશીર્વાદ દેતો જાઉં છું કે તારા હાથમાં ધૂળનું સોનું થઈ જજો ! '

દીકરાએ માથું નમાવી બાપના આશીર્વાદ ઝીલ્યા.બાપે સંતોષથી પ્રાણ છોડ્યા.

હવે ઘરનો ભાર ધનપાળના માથે આવ્યો. તેણે એક નાનકડી હાટડી શરૂ કરી. ધીરે ધીરે તેની કમાણી વધતી ચાલી. તેણે ધંધાનો વિસ્તાર કરવા માંડ્યો. ધંધાના વિસ્તાર સાથે કમાણી પણ વિસ્તરી. ગામના શ્રીમંતોમાં એની ગણતરી થવા લાગી.

એને ખાતરી હતી કે મારા પિતાના આશીર્વાદનું જ આ ફળ છે. પિતાએ આખી જિંદગી દુ:ખ વેઠ્યું, પણ ધીરજ ન ખોઈ, શ્રદ્ધા ન ખોઈ, પ્રમાણિકતા ન ખોઈ, તેથી એમની વાણીમાં

બળ આવ્યું, તેમના આશીર્વાદ ફળ્યા, અને હું સુખી થયો.

તેના મોઢે આવી વાત સાંભળી એક જણે કહ્યું: 'તમારા પિતામાં આવી તાકાત હતી, તો એ પોતે કેમ કશું કમાયા નહિ ?'

ધર્મપાળે કહ્યું: 'હું પિતાની તાકાતની વાત નથી કરતો, પિતાના આશીર્વાદની તાકાતની વાત કરું છું.'

આમ જ્યારે ત્યારે એ બાપના આશીર્વાદના ગુણ ગાતો, તેથી લોકો મશ્કરીમાં તેને 'બાપનો આશીર્વાદ' કહી બોલાવતા. ધનપાળને એથી ખોટું લાગતું નહિ, એ કહેતો કે બાપના આશીર્વાદને લાયક નીવડું એટલે બસ.

આમ વર્ષો વીત્યાં. ધનપાળનો વેપાર ખૂબ વધ્યો. એનાં વહાણો દેશદેશાવર ફરતાં અને માલની લેવેચ કરતાં. એની કમાણીનો પાર ન હતો.

એકવાર એને થયું કે આમ વેપાર રોજગારમાં નફો જ નફો થયા કરે એ સારું નહિ, કોઈ વાર નુકસાનનો પણ અનુભવ કરવો જોઈએ. એણે એક મિત્રને કહ્યું: 'દોસ્ત, કંઈ નુકસાનનો ધંધો બતાવ !'

મિત્રને થયું કે આને ધનનો મદ ચડ્યો છે; એ એવું સમજે છે કે થઈ થઈને મને શું નુકસાન થવાનું છે? કાનખજૂરાનો એક પગ ભાંગ્યો તોય શું? તો હવે એને એવો ધંધો દેખાડું કે ઊંધે માથે ખાડામાં પડે.

તેણે કહ્યું: 'તો એમ કર ! વહાણમાં લવિંગ ભરી ઝાંઝીબાર વેચવા જા ! અવશ્ય એ ધંધામાં તને ખોટ જશે.'

ધર્મપાળને આ વાત બરાબર લાગી. ઝાંઝીબાર તો લવિંગનો દેશ, ત્યાંથી લવિંગ ભારતમાં આવે ને દશબાર ગણા ભાવે વેચાય. એ લવિંગ ભારતમાંથી ખરીદી ઝાંઝીબાર વેચવા જવું એટલે સીધી જ પાયમાલી.

ધર્મપાળે નક્કી કર્યું કે નુકસાનનો આ અનુભવ પણ લેવો. એટલે ભારતમાંથી મોંઘા ભાવે લવિંગ ખરીદી વહાણ લઈ તે ઝાંઝીબાર ગયો.

ઝાંઝીબારમાં સુલતાનનું રાજ્ય હતું. ધર્મપાળ વહાણમાંથી ઊતરી રેતીના લાંબા પટમાં થઈને બીજા વેપારીઓને મળવા જતો હતો. ત્યાં સામેથી આવતા સુલતાન એને મળ્યા. ખંભાત બંદરથી આવેલા વેપારીને જોઈ સુલતાને તેમનો આદર કર્યો.

ધર્મપાળે જોયું તો સુલતાનની સાથે સેંકડોની સંખ્યામાં સિપાઈઓ હતા. એ સિપાઈઓના હાથમાં ભાલા, તલવાર કે બંદૂક નહિ, ચાળણીઓ હતી ! એ જોઈ ધર્મપાળને નવાઈ લાગી. તેણે સુલતાનને વિનયપૂર્વક આનું કારણ પૂછ્યું.

સુલતાને હસીને કહ્યું: 'વાત એમ છે કે આજે સવારે હું આ સમુદ્ર તટ પર ફરવા આવેલો. ફરતાં ફરતાં મારી આંગળીએથી એક વીંટી ક્યાંક નીકળી પડી. રેતીમાં વીંટી ક્યાં ગરી ગઈ એની ખબર પડી નહિ. રેતી ચાળી એ વીંટી શોધવા હું આ સિપાઈઓને અહીં લઈ આવ્યો છું.'

ધર્મપાળે કહ્યું: 'વીંટી બહુ કીમતી હશે.'

સુલતાને કહ્યું: 'ના, એનાથી ઘણી વધારે કીમતી વીંટીઓ મારી પાસે છે. પણ આતો એક

ફકીરના આશીર્વાદની વીંટી છે. હું માનું છું કે મારી સલ્તનતનો પાયો એ આશીર્વાદ છે. એટલે મારે મન એ વીંટીનું મૂલ્ય સલ્તનત કરતાંયે વધારે છે.'

આટલું કહી સુલતાને કહ્યું: ' બોલો, શેઠ, આ વખતે શું માલ લઈને આવ્યા છો ?

ધર્મપાલે કહ્યું: 'લવિંગ.'

'લવિંગ ?' સુલતાનની નવાઈનો પાર ન રહ્યો. 'આ લવિંગના દેશમાં તમે લવિંગ વેચવા આવ્યા છો? કોણે તમને આવી મતિ આપી ? નક્કી એ કોઈ તમારો દુશ્મન હશે. અહીં તો એક પૈસામાં મૂઠો ભરીને લવિંગ મળે છે. અહીં તમારા લવિંગનું શું ઉપજશે?'

ધર્મપાળે કહ્યું: 'મારે એ જ જોવું છે. લાખોની ખોટ ખાવા માટે જ હું અહીં આવ્યો છું. આજ લગી જે ધંધો મેં કર્યો તેમાં મને હંમેશાં નફો જ થયો છે; મારા બાપના આશીર્વાદનું એ ફળ છે. એ આશીર્વાદ આજે અહીં કેવી રીતે કામ કરે છે તે મારે જોવું છે.'

સુલતાને કહ્યું: 'બાપના આશીર્વાદ ? એ વળી શું?'

ધર્મપાળે કહ્યું: 'મારા બાપ ગરીબ હતા. આખી જિંદગી તેમણે પ્રમાણિકપણે કામ કર્યું હતું. પણ કદી બે પાંદડે થયા નહોતા. મરતી વખતે તેમણે ભગવાનનું નામ લઈ મારા માથા પર હાથ મૂકી મને આશીર્વાદ આપ્યા હતા કે તારા હાથમાં ધૂળનું સોનું થઈ જશે ! '

બોલતાં બોલતાં જુસ્સામાં આવી તેણે નીચા નમી મૂઠો ભરી સમુદ્રતટની રેતી લીધી ને ચાળણીની પેઠે આંગળાંમાંથી રેતી નીચે ઝરવા દીધી, તો–

એની નવાઈનો પાર ન રહ્યો.

એના હાથમાં હીરાજડિત સોનાની વીંટી હતી !

એ જ પેલી સુલતાનની ખોવાયેલી વીંટી !

વીંટી જોઈ સુલતાન ખુશ ખુશ થઈ ગયો. તે બોલી ઊઠ્યો: 'વાહ ખુદા, તારી કરામતનો પાર નથી ! તું બાપના આશીર્વાદને સાચા પાડે છે !'

ધર્મપાળે કહ્યું: 'ફકીર ના આશીર્વાદને પણ એ જ સાચા પાડે છે !'

સુલતાન હેતથી ધર્મપાળને ભેટી પડ્યો. કહે: 'માગ, માગ, માગે તે આપું.'

ધર્મપાળે કહ્યું: 'આપ સો વર્ષના થાઓ અને રૈયતનું રૂડી રીતે પાલન કરો—એ સિવાય મારે બીજું કંઈ ન જોઈએ.'

સુલતાન અધિક ખુશ થયો. તેણે કહ્યું: તમારો બધો માલ હું મુદ્દલ કરતાં બમણી કિંમતે રાખી લઉં છું.'

બોધ : જો નીતિ સાચી અને માતા પિતા ના આશીર્વાદ હોય તો દુનિયા માં કોઈ ની તાકાત નથી તમને ક્યાંય પાછળ પાડે......

– અજ્ઞાત

## મંદિર બનવાની પાછળ નુ રહસ્ય

મનુષ્યના જીવનમાં ઘણા બધા વિચાર આવતા હોય શું કરવું કેવી રીતે કરવું અને વગેરે. જેના લીધે મનુષ્ય નું મગજ સતત ચાલ્યા કરે જેના લીધે મનુષ્ય ના મગજ ને હાની પોચતી હશે અને એના વિચારો માં ઘણા બધા બદલાવ થાય છે. તો તેનાથી સેજ વાર માટે

મગજ ને શાંત કરવા મંદિર બનાવ્યું હશે.

બીજૂ : Aapde એવું કેહવાય છે કે, મન બડા ચંચળ હોતા હૈં, એવું ન હોય મન ચંચળ ન હોય મન નો સ્વભાવ ચંચળ હોય અગર મન ચંચળ હોય તો મન ક્યારેક પેટ માં ન મળી જાત.આપડ ને મન ના લીધે વિચારો ઉત્પન્ન થાય છે, તો આપડે એવું કહી શકયે કે મંદિર ના લીધે આપડું મન અને મગજ બેવ શાંત થાય છે.

ત્રીજું : આપડે મનુષ્યને positive અને negative એવા બે વિભાગો માં પાડીએ છે. આપડ ને એવું લાગે કે મનુષ્ય નો સ્વભાવ સારો નથી તો તે negative અને સ્વભાવ સારો છે તો તે positive.આપડે માણસને તેના સ્વભાવ, વ્યવહાર કે વાણી-વર્તન થી તેણે positive કે negative સાબિત કરી લઈએ છે.અસલ માં મનુષ્ય તેના વિચારોથી positive કે negative બને છે. ઓવે આપડે બધા જાણીએ છે કે મંદિર positivity નો એક મોટો સ્રોત છે. તો કદાચ કોઈ માણસ negative હોય તો તેને positivity થી જોડવા માટે મંદિર બનાવ્યું હશે.

માણસ negative હોય તો એ ઘર માં તો જાય તો એ negativity ઘરમાં પણ આવે એટલે ઘરમાં મંદિરની સ્થાપના થાય છે. પેહલાના સમયમાં એટલે જ ઘરની બાર તુલસી રોપ તા તા જેથી ઘરમાં positivity ફેલે.

Conclusion : પહેલા ના સમયમાં પણ માણસ જીવતા તા પણ તેમનામાં depression, pressure એવું બધું નતુ કેમ કે તે નિયમિત મંદિર જતા હતા જેથી આવી negativity તેમના માં આવતી જ નતી.

## સૂર્યને જળ કેમ ચઢાવવું જોઈએ ?

સૂર્ય ને જળ ચઢાવવાની પાછળ science છે.

આપડે science મા 'water cycle' ભાણિયા હોય શું એમાં evaporaion એટલે પાણી માંથી વરાળ કે ભેજ બનવું, condensation એટલે કે વરાળ કે ભેજ માંથી વાદળ બનવું, precepitation એટલે કે વાદળ માંથી વરસાદના રૂપમાં નીચે આવવું. એવી જ રીતે આપડે સૂર્યનારાયણને જળ ચઢાવીએ તો જે પાણી નીચે પડે છે તે પાણી evaporate થઈને વરસાદ લાવવામાં મદદ કરે છે.

પહેલાના સમયમાં આપડે સૂર્યને જ્યારે જળ ચઢાવીએ ત્યારે પાણી વૃક્ષના નજીક રઈને ચઢાવીએ જેથી વૃક્ષને પણ પાણી મળે અને પછી એજ વૃક્ષ વરસાદ લાવવામાં મદદ કરે. જેને આપડે transpiraion કહીએ છે.

પેહલા ના સમય થીજ સૂર્ય ને જ્યારે પણ જળ ચઢાવીએ ત્યારે જે પાણી આપડે ચઢાવીએ તેમાંથી સૂર્ય ને જોવાનું હોય છે આપડે જાણીએ છે કે જ્યારે પાણી પડી રહ્યું હોય ને સૂર્યનો તાપ પડે ત્યારે સપ્તરંગ દેખાય એવીજ રીતે જ્યારે prism પર પ્રકાશ પાડીને પ્રતિબિંબિત થાય ત્યારે પણ સપ્તરંગ દેખાય છે. તો જળ ચઢાવતી વખતે જ્યારે આપડે પડી રહ્યા પાણી માંથી સૂર્ય ને જોઈએ ત્યારે આપડી આંખો પર અસર થાય અને આપડી આંખો પહેલા કરતા સારી થઈ જાય.

પણ આજ નું વિજ્ઞાન આ વસ્તુ કરવાની ના પાડે છે કેમ કે આપડી reina ને અસર થાય છે પણ આપડે પહેલા કરતા તા કેમ કે પહેલા સૂર્યનો તાપ ઓછો હતો અને અત્યારે સૂર્યનો તાપ વધારે છે, જેનું મુખ્ય કારણ છે 'Global Warming'. આ વસ્તુ આપડે અત્યારે કરી શકીએ પણ જ્યારે સૂર્ય ઊગી રહ્યો હોય ત્યારે જ.

## માણસે કેટલા પૈસા કમાવા જોઈએ ?

પૈસા માણસના જીવનની પાયાની જરૂરીયાત છે. પેટની ભૂખ ભાંગવા માટે પૈસો કમાવો અનિવાર્ય છે. આજના જમાનામાં નિર્ધન માણસને કોઈ માનથી જોતું નથી. માણસની આર્થિક હેસિયત પરથી જ એની સફળતાનું માપ કાઢવામાં આવે છે. પૈસાનું મહત્વ આજકાલ તો આશ્રમ લઈને બેઠેલા સાધુ સંતો પણ સ્વીકારે છે. ટૂંકમાં પૈસાનું મહત્વ દિન પ્રતિદિન વધતું જ જાય છે.

હવે યક્ષપ્રશ્ન એ છે કે માણસે કેટલા પૈસા કમાવા જોઈએ ?

કોઈ કહેશે કે જરૂરિયાત જેટલાં. એના જવાબમાં કહી શકાય કે પૈસાની જરૂર કોને નથી ? પૈસાની જરૂર તો કરોડપતિને પણ હોય જ છે.

હવે બીજો સવાલ એ થશે કે પૈસાની જરૂરીયાત કેટલી છે, એ કોણ નક્કી કરે ?

એનો જવાબ છે. માણસનું મન નક્કી કરે. મોટાભાગના કિસ્સામાં જોવા મળે છે કે જેમ વધારે પૈસા આવતા જાય તેમ વધારે ને વધારે પ્રોપર્ટીની, બેંક બેલેન્સની તથા સગવડના આધુનિક સાધનો વસાવવાની લાલચ વધતી જાય છે.

એક સનાતન સત્ય એ પણ છે કે માણસ જયારે સગવડમાં સુખ શોધતો થઇ જાય છે, ત્યારે એના જીવનમાંથી સંતોષની બાદબાકી થતી જાય છે!

પૈસો આવશે એટલે એટલે સુખ પણ આવશે એવું માત્ર આર્થિક અને માનસિક રીતે ગરીબ હોય એવા માણસો જ માનતા હોય છે. હકીકતમાં પૈસો આવે એટલે સુખ નહી પણ સગવડ આવે છે.

જે માણસ માત્ર ધન કમાઈ જાણે છે પણ એનું રક્ષણ નથી કરી શકતો અથવા તો યોગ્ય આયોજન નથી કરી શકતો એનો પરિશ્રમ વ્યર્થ જાય છે. ધન કમાવામાં જેટલી કુનેહની જરૂર પડે છે એટલી જ કુનેહની જરૂર ધન વાપરવામાં પણ પડે છે. પૈસા કમાવા માટે પુરુષાર્થની જરૂર પડે છે પણ વાપરવા માટે સંસ્કારની જરૂર પડે છે.

અઢળક પૈસા કમાવામાં કાંઈ જ ખોટું નથી પણ એનો સદ્દુપયોગ કરતાં આવડી જાય તો જીવન ધન્ય બની જાય.

બેઈમાની કરીને, ચાલાકી કરીને કે કોઈને છેતરીને મેળવેલ પૈસો ક્યારેય શાંતિ આપી શકતો નથી. આપણા વોલેટમાં આવતા દરેક રૂપિયામાં ઈમાનદારીનો રણકાર હોવો જરૂરી છે. આપણે ત્યાં ધનતેરસના દિવસે લક્ષ્મીપૂજનનો રીવાજ છે.

લાંચ રુશ્વતથી મેળવેલા પૈસા કે અણહક્કના પૈસાની ગમે તેટલી પૂજા કરો પણ એનું લક્ષ્મીમાં રૂપાંતર થતું નથી.

દુનિયાના અતિશય ધનવાન માણસોના વિચારો પર દ્રષ્ટિપાત કરીશું તો જાણવા મળશે

કે એમાંના મોટા ભાગના માણસોએ સ્વીકાર્યું છે કે પૈસો માત્ર સલામતિ આપી શકે છે અને અમુક હદ સુધી જ માણસને સુખ આપી શકે છે.

પાંચ બંગલા અને દસ મોટરકારના કાફલાનો માલિક  માત્ર ચોકીદાર જ હોય છે.. માલિક નહી.  વધારે પડતી ધનની લાલચ માણસને શાંતિથી જીવવા દેતી નથી..અને જે વ્યક્તિ શાંતિથી જીવી શકતી નથી, તે શાંતિથી મરી શકતી  પણ નથી. અંત સમયે ICU ના બેડમાં પડ્યા પડ્યા પણ એનો જીવ ભગવાનની બદલે એણે પાથરેલા પથારામાં જ ભમતો હોય એવી શક્યતા નકારી ન શકાય.

વિશ્વના મોટાભાગના ધનિક માણસોની વિચારધારા પરથી ફલિત થાય છે કે ધન કમાવું જ જોઈએ પણ જો ધનનો ઉપયોગ વ્યક્તિગત સગવડ ઉપરાંત સમાજના ઉત્કર્ષ માટે થાય તો એ માનસિક શાંતિ મેળવવામાં મદદરૂપ થાય છે...વળી  એ કાર્ય અન્ય માટે પ્રેરણાદાયક પણ બની જાય છે!

જગત તો આપણે નિ:સ્વાર્થ ભાવે શું આપીને ગયા છીએ

એ જ યાદ રાખે છે!

**પ્રફુલ્લ કાનાબાર**

---

સુદામા સાથે વાતો કરતા કરતા શ્રીકૃષ્ણ ક્યારે તેમના પગ દબાવવા લાગ્યા, એ વાત સુદામાને ખબર જ ન પડી. સુદામા તો ઊંઘી ગયા હતા, પરંતુ કૃષ્ણ પોતાની જ વિચારોમાં લીન થઈ તેમના પગ દબાવતા દબાવતા બાળપણની વાતો કરતા જતા હતા. એટલામાં જ રુક્મિણી એ તેમના ખભા પર હાથ મૂક્યો.

કૃષ્ણ ચોંકી ગયા. પહેલા તેમણે રુક્મિણીને જોયા, પછી સુદામાને, અને વાત સમજીને ત્યાંથી ઊભા થઈ પોતાના કક્ષમાં આવી ગયા.

કૃષ્ણની આવી લીન અવસ્થાને જોઈને રુક્મિણીએ પૂછ્યું,

"સ્વામી, આજે તમારું વર્તન બહુ જ અદભુત લાગી રહ્યું છે.

તમે, જે આ દુનિયાના સૌથી મોટા સમ્રાટ દ્વારકા આવે ત્યારે પણ જરાય પ્રભાવિત થતા નથી, તે તમારા મિત્રના આગમનની જાણથી એટલા ભાવવિભોર થઈ ગયા કે ભોજન છોડીને નંગા પગે તેને લેવા દોડી ગયા.

તમે, જેમને કોઈ દુ:ખ, કષ્ટ કે પડકાર ક્યારેય રડાવી શક્યા નથી, અહીં સુધી કે ગોકુલ છોડતી વખતે માયા યશોદાના આંસુ જોઈને પણ તમે ન રડ્યા,

તે તમે તમારા મિત્રના જીર્ણ-શીર્ણ અને ઘાવોથી ભરેલા પગ જોઈને એટલા ભાવુક થઈ ગયા કે તમારા આંસુઓથી જ તેના પગ ધોઈ નાખ્યા.

કૂટનીતિ, રાજનીતિ અને જ્ઞાનના શિખર પુરુષ તમે, તમારા મિત્રને જોઈને એટલા મગ્ન થઈ ગયા કે કોઈ વિચાર કર્યા વિના તેને ત્રિલોકની સમસ્ત સંપત્તિ અને સમૃદ્ધિ આપવાનું નક્કી કરી લીધું."

કૃષ્ણ પોતાની એ જ આનંદિત અવસ્થામાં બોલ્યા,

"તે મારો બાળપણનો મિત્ર છે, રુક્મિણી."

"પણ બાળપણમાં તો તેમણે ગુરુ માતાએ તમને બંનેને વહેંચીને ખાવા કહેલા ચણાં પણ તમારી પાસેથી છુપાવીને ખાઈ લીધા હતા ને? તો હવે એવા મિત્ર માટે એટલી ભાવુકતા કેમ?" સત્યભામાએ પણ પોતાની જિજ્ઞાસા વ્યક્ત કરી.

કૃષ્ણ સ્મિત કરતાં બોલ્યા,

"સુદામાએ એવું કાર્ય કર્યું છે, સત્યભામા, કે સમગ્ર સૃષ્ટિએ તેનું આભાર માનવું જોઈએ. તેણે એ ચણાં ભૂખને કારણે નથી ખાધા, પરંતુ તેથી ખાધા કે તે નથી ઇચ્છતો કે તેનો મિત્ર કૃષ્ણ દરિદ્રતા જુએ.

તેને ખબર હતી કે એ ચણાં આશ્રમમાં ચોરો છોડી ગયા હતા, અને તેને એ પણ ખબર હતી કે એ ચોરોએ એ ચણાં એક બ્રાહ્મણીના ઘરમાંથી ચોર્યા હતા. તેને એ પણ ખબર હતી કે એ બ્રાહ્મણીએ શ્રાપ આપ્યો હતો કે જે કોઈ એ ચણાં ખાશે, તે જીવનભર દરિદ્ર રહેશે.

સુદામાએ એ ચણાં મારી પાસેથી છુપાવીને ખાધા જેથી હું સુખી રહું. તે મને ઈશ્વરનો અંશ માનતો હતો, તેથી તેણે એ ચણાં ખાધા, કારણ કે તેને લાગ્યું કે જો ઈશ્વર જ દરિદ્ર થઈ જશે તો સમગ્ર સૃષ્ટિ જ દરિદ્ર થઈ જશે. સુદામાએ સમગ્ર સૃષ્ટિના કલ્યાણ માટે પોતે દરિદ્ર બનવું સ્વીકારી લીધું."

"એટલો મોટો ત્યાગ!" રુક્મિણીના મોઢેથી આપમેળે નીકળી ગયું.

"મારો મિત્ર બ્રાહ્મણ છે, રુક્મિણી, અને બ્રાહ્મણ જ્ઞાની અને ત્યાગી જ હોય છે. એમના હૃદયમાં જનકલ્યાણની ભાવના કૂટ કૂટ કરીને ભરેલી હોય છે. એકાદ અપવાદોને છોડીને બ્રાહ્મણો એવા જ હોય છે.

હવે તમે જ કહો, એવા મિત્ર માટે હૃદયમાં પ્રેમ ન જન્મે તો પછી શું જન્મે, પ્રિયે? ગોકુલ છોડતી વખતે હું તેથી ન રડ્યો કારણ કે જો હું રડતો તો મારી માયા તો પ્રાણ જ છોડી દેત. પરંતુ મારા મિત્રના એવા પગ જોઈને, તેમાં એવા ઘાવો જોઈને મારું હૃદય ભરાઈ આવ્યું, રુક્મિણી.

એના પગોમાં આવા ઘાવો અને જીવનમાં આવી દશા માત્ર તેથી થઈ કારણ કે તે પોતાના આ મિત્રનું ભલું ઇચ્છતો હતો.

જાણે છે રુક્મિણી, પરિવારને છોડીને કોઈએ પણ આ કૃષ્ણનું એટલું ભલું ક્યારેય નથી ઇચ્છ્યું. લોકો તો મારી પાસે પોતાનું ભલું કરવાની અપેક્ષા રાખે છે. બસ, સુદામા જેવા મિત્રો જ એવા હોય છે કે જે પોતાના મિત્રના સુખ માટે સ્વેચ્છાએ દરિદ્રતા અને કષ્ટનું આવરણ ઓઢી લે છે.

એવા મિત્રો દુર્લભ હોય છે અને ન જાણે કયા પુણ્યોના ફળરૂપે મળે છે. હવે એવા મિત્રને જો ત્રિલોકની સમસ્ત સંપત્તિ પણ આપી દેવામાં આવે, તો પણ તે ઓછી જ પડશે," કૃષ્ણ ભાવુકતાથી ભરાયેલા અવાજમાં બોલ્યા.

અહીં કક્ષમાં બધી રાણીઓની આંખો ભીની હતી અને ત્યાં કક્ષની બહાર ઊભેલા સુદામાની આંખોમાંથી ગંગા–યમુના વહેતી હતી.

જય જય શ્રી કૃષ્ણ –જય જય શ્રી રાધે

# એકલતા - આજની સૌથી અવગણાયેલી મહામારી

સમાજ સાથે સંવાદ :

પ્રિય સમાજ,

કુશળ હશો. કુશળ ન હો તો ખાસ, પણ હો તો પણ આ પત્ર વાંચવા ૨ ઘડી કાઢશો તો કદાચ ઉપયોગી થઈ રહેશે.

આ પત્ર કોઈ નવી દવા વિશે નથી કે પછી રિપોર્ટ, સ્કેન કે સર્જરીની વાત પણ નથી કે નથી આ કોઈ વાત મારી કોઈ ઉપલબ્ધિની કે નથી કોઈ વાત સુપર ફૂડની.

આ વાત એ રોગ વિશે છે,જે હોસ્પિટલના રજીસ્ટરમાં નોંધાતો નથી, પણ રોજ લાખો ઘરોમાં શાંતિથી વસે છે અને ભયાનક રીતે વધતો જાય છે; એ રોગ છે એકલતા.

ડોક્ટર તરીકે હું દરરોજ અનેક દર્દીઓને મળું છું. કોઈ ઊંચા બ્લડ પ્રેશરથી પીડાય છે, કોઈ એસિડિટીથી, કોઈ ડાયાબિટીસથી તો કોઈ અનિદ્રાથી.

પણ છેલ્લા કેટલાક વર્ષોમાં એક એવી ફરિયાદ સતત સાંભળવા મળી રહી છે,જે કોઈ લેબ રિપોર્ટમાં દેખાતી નથી.

“ડોક્ટર, બધું છેપ પણ એકલતા લાગે છે. સવાર તો ચાલો હજી નીકળી જાય છે, પણ સાંજ ક્યારેય ખુટતી નથી.”

હવે આ ખાલીપાનો કોઈ એક્સ-રે તો હોય નહિ કે એનો એમઆરઆઈ ન હોય. છતાં એની અસર રોજિંદા વ્યવહાર પર પડે, ઊંઘ પર પડે છે,મગજ પર પડે છે,અને ધીમે ધીમે આખા શરીર પર પડે છે. છેવટે એક સ્વસ્થ વ્યક્તિ હાલતું ચાલતું દવાખાનું બની જાય છે.

વિજ્ઞાન પણ હવે આ સત્ય સ્વીકારી ચૂક્યું છે.લાંબા સમયની એકલતા શરીર માટે એટલી જ હાનિકારક છે જેટલી નિયમિત ધુમ્રપાન.

પ્રિય સમાજ,

આપણે છેલ્લા કેટલાય વર્ષોમાં અદભુત પ્રગતિ કરી છે.ઘરો મોટા થયા. કારો મોંઘી થઈ. ફોન સ્માર્ટ બન્યા. જીવન ઝડપી બન્યું.પણ આ દોડમાંઅમે કંઈક બહુ કિંમતી ગુમાવી દીધું છે. સાથ, સામુહિક જીવન.

“પર્સનલ સ્પેસ”ના તીકડમમાં આપણે સાવ છૂટા પડી ગયા, “આઇસોલેટ” થઈ ગયા.

આજે આપણા મોબાઈલમાં હજારો કોન્ટેક્ટ્સ છે,પણ દુ:ખની ક્ષણે ફોન કરી શકાય એવો  વિશ્વાસુ અવાજ શોધવો મુશ્કેલ બની ગયો છે.

“ફોલોઅર્સ” વધાર્યા, પણ “મિત્રો” ઓછા થયા જેની સાથે સુખ, દુ:ખની વાત થાય.

“નેટવર્કિંગ” શીખ્યા,પણ “નીર્ભરતા” ભૂલી ગયા; ઘરના પ્રસંગમાં આગલી અમુક રાતો સુધી આવનાર અને સવારે ખડે પગે ઉભા રહેનારા લોકો તો ગુમ જ થઈ ગયા છે કે નહી ?

બાળકોને સ્પર્ધા શીખવાડી રેંક, માર્ક્સ અને પેકેજનું મહત્વ સમજાવ્યું,પણ સાથે બેસી વાત કરવાનું, ભણવાનું, સાંભળવાનું, ખેલદિલીથી હાર સ્વીકારવાનું અને સાથ આપવાનું શીખવાડવાનું ભૂલી ગયા એવું નથી લાગતું ?

તો ડોક્ટર તરીકે મને ઘણીવાર એવું લાગે છે કે આજની ઘણી બીમારીઓ ફક્ત શરીરની નથી, પણ સંબંધોની અછતની પણ છે.

એકલતા ચિંતા વધારે છે

એકલતા ડિપ્રેશનનું દ્વાર ખોલે છે

એકલતા માણસને અંદરથી ખાઈ જાય છે. અને પછી આપણે દવાઓ શોધીશું.

જ્યારે જરૂર છે કોઈ આપણા ખભા પર હાથ મૂકીને કહે,"હું અહીં છું, આપણે પહોચી વળીશું, ચિંતા મારી પર છોડી દે."

પ્રિય સમાજ,

મિત્રતા કે પારસ્પરિક સંબંધો કોઈ ફાજલ સમયની પ્રવૃત્તિ નથી.

એ કોઈ લક્ઝરી નથી.

એ જીવન બચાવનારી જરૂરિયાત છે.

જેમ શરીરને રોજ ખોરાક જોઈએ છે, એમ જ આત્માને રોજ સંબંધોની હૂંફ જોઈએ છે, વાતચીત રૂપી પાણી જોઈએ છે અને વાત્સલ્ય રૂપી ખાતર.

જેમ આપણે રોજ મોબાઈલ ચાર્જ કરીએ છીએ, એમ જ સંબંધોને પણ નિયમિત "ચાર્જ" કરવાની જરૂર છે.બાકી જીવન શુષ્ક.

આજની વ્યસ્ત દુનિયામાં "સમય નથી" એ સૌથી સામાન્ય બહાનું બની ગયું છે. પણ સાચી વાત તો એ છે કે અમે સમય નથી આપતા.

પ્રિય સમાજ,

થોડું થોભો અને આ નિવારવાના પ્રયાસ કરો.

આજે નજીકના બગીચામાં કે મંદિરમાં જાવ કે પછી કરિયાણાની દુકાને જાવ અને આડીઅવળી કોઈ વાત કરો તો સારું લાગશે. હમણાં જેને મળ્યા નથી તે મિત્રને ફોન કરો. ફોરવર્ડેડ મેસેજ નહીં, ફક્ત બે મિનિટની સાચી વાત.

પડોશીને નામથી બોલાવો કે તેમના બાળકો વિશે પૂછો.

માતા-પિતાને પૂછો —"આજે મન કેમ છે?"

ઓફિસમાં સહકર્મચારી સાથેએક કપ ચા પીવો, મોબાઈલ સાઈડમાં મૂકી. તેમના પરિવાર વિશે પૂછો.

કોઈ બીમાર પડ્યું હોય તો સ્વાસ્થ્ય સમાચાર પૂછો કે પછી પ્રત્યક્ષ મળવા જાવ.

કારણ કે, આ નાના લાગતા ક્ષણો ઘણા મોટા રોગોને અટકાવી શકે છે.

આ પત્રને રાખે કોઈ ઉપદેશ સમજી લેતા! હું માત્ર તમને વાસ્તવિકતા થી પરીચિત કરી રહ્યો છું, જે ચાલી રહ્યું છે, જે વધી રહ્યું છે, એક ડોક્ટર તરીકે હું જે જોવું છું એ વિષે; પણ એ પહેલાં —એક માણસ તરીકે.

જો આપણે સંબંધોને અવગણતા રહીશું, તો જે સોય થી પતી શકે છે તે પછી શૂળીથી પતશે. ભવિષ્યમાં

હોસ્પિટલોમાં દવાઓથી વધારે માનવીય સ્પર્શની અછત જોવા મળશે.

અને એટલે જે સમજ પડવા માંડી છે એ જ કહું છું —બધા રોગો ફાર્મસીમાં નથી ઠીક થતા. કેટલાક રોગોમાં માણસથી જ માણસ સાજા થાય છે.

**- Dr Manoj Ghoda**

## WebSite પર પત્રિકા મેળવવા માટે

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા દ્વારા પ્રકાશિત થતી માસિક "બાજખેડાવાળ પત્રિકા" આપ સર્વે http://abbhs.in પર Patrika વિભાગ પર ક્લિક દરેક માસની પત્રિકા ડાઉનલોડ કરી જોઈ શકશો.

## What's APP પર પત્રિકા મેળવવા માટે

પત્રિકા મેળવવા માટે એક જાહેરાત આપેલ છે જે સ્કેન કરી તમે પત્રિકા What's APP માધ્યમથી દર મહિને જોઈ શકો છો. જેની નોંધ લેશો પત્રિકાના હયાત સભ્યો પણ આ લાભ લઈ શકે છે આમ છતાં આપને કોઈ તકલીફ હોય આમાં જોડાવામાં તો સંસ્થાની ઓફિસના નંબર પર ૭૫૭૩૯૭૮૪૭૭ પર ભાવેશભાઈ પંડયાનો સંપર્ક કરી શકશો. કાયમી ઉકેલ લાવવાના શુભ આશયથી વિના મૂલ્યે What's APP ગ્રુપ ચાલુ કરેલ છે તેનો લાભ લેવા નમ્ર વિનંતી. ગામે ગામના પ્રમુખોને આ લાભ લેવા માટેની માહિતી આપેલ છે જેની ખાસ નોંધ લેશો.

**માલિક – પ્રકાશક – મુદ્રક – પ્રકાશન સ્થાન**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા વતી અને તરફથી**

**શ્રી દિલીપભાઈ પંડ્યા** દ્વારા બાજખેડાવાળ પત્રિકા નં.૧-૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂર્વ), અમદાવાદ-૮થી પ્રકાશિત કર્યું. (મો.) : ૭૫૭૩૯૭૮૪૭૭

(M) 9898535030, 9974127810